અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 06 ઓગસ્ટ 2026 ગુરુવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -8

વર્ષ : 18
અંક : 38

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ચંદ્ર સાથે અથડાયું 4000 કિલોનું મહાકાય રોકેટ: 8,690 કિમી પ્રતિ કલાકની ઝડપે ટક્કર થઈ....

4

ઈરાન અને ઓમાન સ્ટ્રેટ ઓફ મલક્કાનું મોડલ અપનાવવા માગે છે

6

હાર્દિક પંડ્યાના બદલામાં બે ધુરંધર ખેલાડી અને 10 કરોડ... IPLમાં મોટી ટ્રેડ ડીલના સંકેત!

7

E20 વિવાદમાં નીતિન ગડકરીને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત, ડીપફેક-AI કન્ટેન્ટ હટાવવા આદેશ.....

### ભારતીય રિઝર્વ બેંકે હોમ અને કાર લોન ધારકોને રાહત આપી

# સતત બીજી વાર રેપો રેટ સ્થિર, રિઝર્વ બેંકે વ્યાજદરમાં ન કર્યો ફેરફાર

## રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જાહેરાત કરી કે, મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં રેપો રેટ 5.25% પર યથાવત રાખવામાં આવ્યો છે

**નવી દિલ્હી, તા.05**

જો તમે દર મહિને હોમ લોન, કાર લોન કે અન્ય કોઈ EMI ચૂકવો છો, તો આ સમાચાર તમારા માટે ઉપયોગી છે. વૈશ્વિક સ્તરે મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે, રિઝર્વ બેંકે સામાન્ય માણસને મોટી રાહત આપી છે.

કેન્દ્રીય બેંકે સતત પાંચમી વખત રેપો રેટ ૫.૨૫ ટકાના જૂના સ્તરે રાખ્યો છે. કેન્દ્રીય બેંકના આ નિર્ણયથી કરોડો ગ્રાહકોને રાહત મળવાની અપેક્ષા છે.



નાણાકીય વર્ષ ૨૦૨૭ની ત્રીજી દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા (MPC) પછીના પોતાના સંબોધનમાં રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે રેપો રેટ ૫.૨૫ ટકા પર જાળવી રાખવામાં આવશે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ મુખ્ય પોલિસી રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી, તેથી હોમ લોન અને કાર લોન માટેના EMI યથાવત રહેશે. આનો અર્થ એ થયો કે તમારે પહેલા જેટલા જ EMI ચૂકવવા પડશે. આ MPCમાં, RBIનું ધ્યાન ફુગાવાને નિયંત્રિત કરવા અને આર્થિક વૃદ્ધિ જાળવવા પર હતું. રિઝર્વ બેંકની MPCની જાહેરાત પહેલા, ટ્રેડિંગ સત્રની શરૂઆતમાં સ્થાનિક શેરબજારમાં વધારો જોવા મળ્યો હતો.

RBIએ છેલ્લે ઓક્ટોબર ૨૦૨૫માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો. તે સમયે, રિઝર્વ બેંકે રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. ત્યારબાદ, ડિસેમ્બર, ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન અને હવે ઓગસ્ટ MPCમાં રેપો રેટ પાછલા સ્તરે રહ્યો. RBIએ ૨૦૨૫ દરમિયાન ત્રણ વખત રેપો રેટમાં કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટ (૧.૨૫%) ઘટાડો કર્યો હતો. જોકે, ફુગાવામાં વધારો થવાની આશંકા અને અપેક્ષિત ધીમી GDP વૃદ્ધિને કારણે, રેપો રેટ યથાવત રહ્યો.

RBI બેંકોને જે દરે લોન આપે છે તેને રેપો રેટ કહેવામાં આવે છે. રેપો રેટમાં વધારો થવાનો અર્થ એ છે કે બેંકોને ઈમૈં તરફથી ઊંચા દરે લોન મળશે. આનાથી હોમ લોન, કાર લોન અને પર્સનલ લોન પર વ્યાજ દરમાં વધારો થશે, જેની સીધી અસર તમારા EMI પર પડશે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલાં જૂન મહિનામાં યોજાયેલી એમપીસીની બેઠકમાં પણ રિઝર્વ બેંકે રેપો રેટ સ્થિર રાખ્યો હતો. તે પહેલાં વર્ષ ૨૦૨૫ દરમિયાન આરબીઆઈએ લોનધારકોને મોટી રાહત આપતાં તબક્કાવાર રીતે રેપો રેટમાં કુલ ૧૨૫ બેઝિસ પોઈન્ટ્સ (૧.૨૫%) નો ઘટાડો કર્યો હતો. આ ઘટાડા બાદ રેપો રેટ ૫.૨૫% ના નીચલા સ્તરે પહોંચ્યો હતો, જેને હાલમાં પણ જાળવી રાખવામાં આવ્યો છે.

રેપો રેટ (Repo Rate) એ એવો દર છે જેના પર ભારતીય રિઝર્વ બેંક દેશની અન્ય તમામ વાણિજ્યિક બેંકોને ધિરાણ (લોન) આપે છે.

જ્યારે રેપો રેટ વધે છે: બેંકો માટે આરબીઆઈ પાસેથી લોન લેવી મોંઘી બને છે, જેના કારણે બેંકો પણ પોતાના ગ્રાહકો માટે હોમ, ઓટો કે પર્સનલ લોનના વ્યાજદરમાં વધારો કરે છે અને ગ્રાહકોની ઈસૈં વધી જાય છે.

જ્યારે રેપો રેટ સ્થિર રહે છે: બેંકોના ધિરાણ ખર્ચમાં કોઈ ફેરફાર થતો નથી, જેથી ગ્રાહકોની હાલની ઈસૈં જેમની તેમ જળવાઈ રહે છે.

આરબીઆઈ ફુગાવો (મોંઘવારી) અને દેશના આર્થિક વિકાસ દર વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે સમયાંતરે મોનેટરી પોલિસી બેઠકમાં રેપો રેટ અંગે નિર્ણયો લેતી હોય છે.

# સરકાર સીમાંકન બિલ પર વિશેષ સત્ર બોલાવી શકે છે: રિજિજુની રાહુલ ગાંધી સાથે બેઠક

## સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની સંખ્યા વધારતું બિલ રાજ્યસભામાં પાસ

**નવી દિલ્હી, તા.05**

સરકાર સીમાંકન બિલને લઈને 16 થી 18 ઓગસ્ટ સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવી શકે છે. આ અંગે કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ બુધવારે સંસદમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે લગભગ 50 મિનિટ બેઠક કરી અને કોંગ્રેસનો પક્ષ જાણ્યો.




મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રિજિજુએ ગૃહમાં બિલ પર ચર્ચા કરવા માટે કોંગ્રેસ પાસેથી સહયોગ માંગ્યો. જોકે રાહુલ ગાંધીએ આ માટે સીધો ઈનકાર કરી દીધો. રાહુલ પહેલાં દાન ચોરી અને લાઠીચાર્જના મુદ્દે ચર્ચા અને જવાબ ઈચ્છે છે.

આ પહેલાં વિપક્ષી સાંસદોએ સંસદ પરિસરમાં વિરોધ પ્રદર્શન કર્યું. રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે સહિતના વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર કરતા ગાંધી પ્રતિમાથી મકર દ્વાર સુધી માર્ચ કાઢી.

વિપક્ષી સાંસદો 20 જુલાઈએ જંતર-મંતર પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને રામ મંદિર દાન ચોરીને લઈને સરકારને ઘેરી રહ્યા છે. તેમની માગ છે કે ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં આવીને જવાબ આપે. આ અંગે વિપક્ષી સાંસદો લોકસભા-રાજ્યસભામાં હોબાળો કરી રહ્યા છે.

સરકારે 16 થી 18 એપ્રિલ સુધી પણ સંસદનું ત્રણ દિવસીય વિશેષ સત્ર બોલાવ્યું હતું. આ દરમિયાન સીમાંકન સુધારા બંધારણ બિલ, બંધારણનું 131મું સુધારા બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદો (સુધારા) બિલ પર ચર્ચા કરવામાં આવી હતી.

18 એપ્રિલે બંધારણના 131મા સુધારા બિલ પર વોટિંગ થયું હતું પરંતુ સરકાર લોકસભામાં બિલ પસાર કરાવી શકી ન હતી. આ પછી સરકારે બાકીના બે બિલ રજૂ કર્યા ન હતા.

કોંગ્રેસના સાંસદ કેસી વેણુગોપાલે જણાવ્યું કે સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ આજે સીમાંકનના મુદ્દે તેમની સાથે વાત કરી. અમે આ અંગે વિચાર કરીને તેમને પછીથી જવાબ આપીશું. તેમણે સ્પષ્ટ કહ્યું કે કોંગ્રેસ અને વિપક્ષનું વલણ પહેલાં જેવું જ છે, તેમાં કોઈ ફેરફાર થયો નથી. પાછલા સંસદ સત્રમાં પાર્ટીએ જે વલણ અપનાવ્યું હતું, તે જ હજુ પણ યથાવત છે.

લોકસભાએ બુધવારે બેન્કર્સ બુક્સ એવિડન્સ બિલ, 2026 ને મંજૂરી આપી દીધી. આ નવો કાયદો 1891 ના બ્રિટિશ શાસન સમયના જૂના કાયદાનું સ્થાન લેશે.

આ બિલનો હેતુ એ છે કે બેંકોના ડિજિટલ, ઈલેક્ટ્રોનિક, વર્ચ્યુઅલ અને ક્લાઉડમાં રાખવામાં આવેલા રેકોર્ડ પણ અદાલતમાં માન્ય પુરાવા (એવિડન્સ) ગણાય.

લોકસભામાં હોબાળા વચ્ચે નાણા મંત્રી નિર્મલા સીતારમણે બિલ રજૂ કર્યું. હોબાળો ન અટકતા ચર્ચા વિના ધ્વનિમત (વોઈસ વોટ) થી બિલ પાસ કરી દેવામાં આવ્યું.

# પોલીસ પ્રદર્શન દરમિયાન યુવાનોની વાત સાંભળે: પથ્થરમારો થાય તો પણ તેમને સમજાવો : સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી, તા.05**

સુપ્રીમ કોર્ટે સંસદ માર્ચ હિંસાને લઈને બુધવારે કહ્યું કે પ્રદર્શનો દરમિયાન કાયદા અમલીકરણ એજન્સીઓએ સંયમ રાખવો જોઈએ. જો કેટલાક ભટકેલા લોકો પથ્થરમારો પણ કરે છે, તો પણ પોલીસે યુવાનોને શાંત કરવા, તેમને સમજાવવા અને તેમની વાત સાંભળવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટ 20 જુલાઈના સંસદ ચલો માર્ચના આયોજકો પર કાર્યવાહીની માગ કરતી અરજી પર સુનાવણી કરવા તૈયાર થઈ ગયું છે. તેમાં આયોજકો પર હિંસા ભડકાવવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) ના અભિજીત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાએ સંસદ માર્ચનું આયોજન કર્યું હતું. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચી તથા જસ્ટિસ વી મોહનાની બેન્ચે તેને આવી જ બીજી અરજી સાથે જોડી દીધું છે. આ અરજી એક નિવૃત્ત એરફોર્સ અધિકારી મનીષ કુમાર સોલંકીએ દાખલ કરી છે. સુનાવણી



દરમિયાન અરજદાર વતી હાજર રહેલા વકીલ રિઝવાન અહેમદે જણાવ્યું હતું કે ઘટનાને 15 દિવસ વીતી ગયા છે, પરંતુ આયોજકોની જવાબદારી નક્કી કરવામાં આવી નથી. તેમનો આરોપ હતો કે આયોજકો સતત સાર્વજનિક મંચો પર ભડકાઉ નિવેદનો આપી રહ્યા છે. તેમણે કહ્યું કે જો સરકાર આવા મામલાઓમાં પીછેહઠ કરશે તો તે ખોટું ઉદાહરણ બનશે અને ભવિષ્યમાં અન્ય રાજ્યોમાં પણ હિંસક પ્રદર્શનોને પ્રોત્સાહન મળી શકે છે.

વકીલે દલીલ કરી કે પથ્થરબાજી કરનારાઓને માત્ર એટલા માટે છોડી દેવા ન જોઈએ કે સરકાર તરફથી ક્યાંક કોઈ ભૂલ થઈ હોય. તેમણે સંસદને લોકશાહીનું મંદિર ગણાવતા કહ્યું કે જો પ્રદર્શનકારીઓ સંસદ પરિસર સુધી પહોંચી જાત અને કોઈ મોટી ઘટના બની જાત, તો તેના ગંભીર પરિણામો આવી શક્યા હોત. તેમના મતે હિંસામાં સામેલ દરેક વ્યક્તિની જવાબદારી નક્કી થવી જોઈએ. તેના પર ચીફ જસ્ટિસે કહ્યું કે શક્તિશાળી સરકાર દ્વારા આક્રમક વલણ અપનાવવાથી સામાજિક તણાવ વધી શકે છે અને હિંસા વધુ ભડકી શકે છે. તેમણે કહ્યું કે આવા યુવાનોને સલાહ, કાઉન્સેલિંગ અને સંવાદની જરૂર છે. સૌથી અસરકારક રીત તેમની વાત સાંભળવી અને એ સમજવું છે કે તેઓ આખરે વિરોધ શા માટે કરી રહ્યા છે. પીઠે એમ પણ કહ્યું કે જો કોઈ પ્રદર્શન દરમિયાન કોઈ અપ્રિય ઘટના બને તો પોલીસે પણ અત્યંત સંયમ રાખવો જોઈએ, જેથી પરિસ્થિતિ નિયંત્રણ બહાર ન જાય. અદાલતે કહ્યું કે દરેક પરિસ્થિતિને સાવચેતીપૂર્વક સંભાળવી જરૂરી છે, જેથી યુવાનો હિંસા તરફ ન વળે અને શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર પણ સુરક્ષિત રહે.

### નાસ્તે પે ચર્ચા! PM મોદીની સાંસદોને ખાસ સલાહ

# ખોટી મહેમાનગતિથી બચો, લોકોનાં દિલ જીતો, યુવાનોની વાત સાંભળો

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે NDAના 37 સાંસદો સાથે નાસ્તા દરમિયાન મુલાકાત કરી હતી

**નવી દિલ્હી, તા.05**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સવારે NDAના ૩૭ સાંસદો સાથે નાસ્તા દરમિયાન મુલાકાત કરી હતી. બેઠકનું વાતાવરણ સામાન્ય રાજકીય બેઠક કરતાં થોડું અલગ રહ્યું હતું. સાંસદોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદીએ પરિવાર જેવા વાતાવરણમાં તેમની સાથે ખુલ્લા મનથી વાતચીત કરી અને પોતાના અનુભવો શેર કર્યા હતા, પરંતુ આ મુલાકાતમાં રાજકારણ કે સંસદ અંગે કોઈ પણ ચર્ચા થઈ નહોતી. વડાપ્રધાને સાંસદોને એ પણ સમજાવ્યું કે જાહેર જીવનમાં નાની ભૂલ ઘણી વખત મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. તેમણે સાંસદોને ખોટી બાબતોમાં ફસાવાથી બચવા, કોઈની ખોટી મહેમાનગતિ સ્વીકારવા નહીં અને પોતાના લેટર



પેડ અથવા સહી ખોટા હાથમાં જતી અટકાવવાની સલાહ આપી હતી. સંદેશ સ્પષ્ટ હતો- રાજકારણમાં વિશ્વાસ બનાવવો મુશ્કેલ છે, પરંતુ તેને ગુમાવવો ખૂબ સરળ છે.

પીએમ મોદીએ સાંસદોને જનતા સાથે સતત જોડાયેલા રહેવા અને સંવાદ જાળવી રાખવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, સાંસદોનું સાચું કામ માત્ર ગૃહમાં હાજર રહેવાનું નથી. તેમણે લોકો વચ્ચે જવું જોઈએ અને તેમની સમસ્યાઓ સમજવી જોઈએ. વિપક્ષના કોઈ નેતા તરફથી ખોટી વાત કહેવામાં આવે તો સીધા ટકરાવને બદલે તેને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ. વડાપ્રધાને સાંસદોને લોકોનું મન અને દિલ જીતવાની રાજનીતિ પર ધ્યાન આપવાની સલાહ આપી હતી. યુવાનોને લઈને પણ તેમણે ખાસ સંદેશ આપ્યો હતો. PM મોદીએ કહ્યું કે, યુવા પેઢીની વાત ખુલ્લા મનથી સાંભળવી જોઈએ. તેમની સમસ્યાઓને ધ્યાનથી સમજીશું, ત્યારે જ યોગ્ય ઉકેલ શોધી શકાશે.

નાસ્તા દરમિયાન યોજાયેલી આ મુલાકાતમાં પહેલીવાર ચૂંટાયેલા ભાજપના સાંસદોની સાથે અન્ય પક્ષોમાંથી ભાજપમાં જોડાયેલા સાંસદો પણ હાજર રહ્યા હતા. ભાજપ અધ્યક્ષ નીતિન નવીન પણ બેઠકમાં સામેલ થયા હતા. સાંસદોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાને તેમની સાથે સરળ રીતે વાતચીત કરી હતી. તેમણે પોતાના રાજકીય અને વ્યક્તિગત અનુભવો દ્વારા સાંસદોને અનેક વ્યવહારુ બાબતો સમજાવી હતી.

PM મોદીએ સાંસદોને કહ્યું કે, તેઓ કોઈપણ પ્રકારની ખોટી મહેમાનગતિથી બચી રહે. તેમણે સાવચેત કર્યા કે જાહેર જીવનમાં તેમની પાછળ ઘણા લોકો આવશે. આવી સ્થિતિમાં તેમણે દરેક પગલું વિચારી-સમજીને ભરવું પડશે. વડાપ્રધાને ખાસ કરીને પોતાના લેટર પેડ અને સહીને લઈને સાવચેત રહેવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, આ વસ્તુઓ ખોટા હાથમાં ન જવી જોઈએ.

વડાપ્રધાને સાંસદોને જનતા સાથે સતત સંપર્ક જાળવી રાખવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, રાજકારણમાં માત્ર ચૂંટણી સમયે લોકો વચ્ચે જવું પૂરતું નથી. જનતા સાથે નિયમિત સંવાદ જરૂરી છે. વિપક્ષી પક્ષોના નેતાઓ સાથેના વ્યવહારને લઈને પણ તેમણે ટકરાવને બદલે સંવાદનો માર્ગ અપનાવવાની વાત કરી હતી. જો વિપક્ષનો કોઈ નેતા ખોટી વાત કહે તો તેને સમજાવવાનો પ્રયાસ કરવો જોઈએ.



# અમદાવાદમાં રિક્ષા ચાલકોની હડતાળને પ્રથમ દિવસે મિશ્ર પ્રતિસાદ

## રિક્ષા અટકાવી મુસાફરોને અધવચ્ચે ઉતારાયા, ચાલકે કહ્યું- ઘર ચલાવવામાં મુશ્કેલી, રાત્રે ઊંઘ નથી આવતી

**અમદાવાદ, તા.05**

CNGના સતત વધી રહેલા ભાવના વિરોધમાં અમદાવાદમાં પ્રગતિ રિક્ષા ચાલક એક્તા યુનિયને આજે 5 ઑગસ્ટથી બે દિવસીય હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. જો કે, અમદાવાદ રિક્ષા ચાલક એકતા યુનિયન સહિતના મોટા સંગઠનોએ આ હડતાલને સમર્થન ન આપતાં શહેરમાં હડતાલનો મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. એસજી હાઈવે અને ઈસ્કોન સર્કલ જેવા મુખ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં રિક્ષાચાલકો સામાન્ય દિવસોની જેમ જ મુસાફરોને લઈને ફરતા નજરે પડ્યા હતા.

બીજી તરફ, વસ્ત્રાપુર ફાટક સહિતના વિસ્તારોમાં હડતાલને સમર્થન આપનારા રિક્ષાચાલકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને રિક્ષાઓ સાઈડમાં પાર્ક કરીને વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન હડતાલ સફળ બનાવવા પેસેન્જર ભરીને જતી રિક્ષાઓને અધવચ્ચે રોકીને તેમાંથી મુસાફરોને નીચે ઉતારીને ખાલી કરાવવામાં આવી હતી, જેના લીધે રિક્ષાચાલકો વચ્ચે ભારે રકઝકના દ્રશ્યો પણ સર્જાયા હતા.

આ હડતાલ અને ખેંચતાણના કારણે નોકરીયાતો, કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ વૃદ્ધ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. અધવચ્ચેથી ઉતારી દેવાતાં લોકો સમયસર પોતાના સ્થળે પહોંચી શક્યા નહોતા અને ચાલવા મજબૂર બન્યા હતા. વિરોધ પ્રદર્શન કરી રહેલા યુનિયનોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો CNGના ભાવ વધારા અંગે તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

એક રિક્ષા ચાલકે કહ્યું હતું કે, ગેસના ભાવ વધ્યા એની સામે રિક્ષાનું ભાડું પણ વધારવાની અને ગેસનો ભાવ ઓછો કરવા માંગ કરી છે. તો રોજે રિક્ષામાં જતા વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, હડતાલના કારણે મુશ્કેલી પડી રહી છે. જો રિક્ષા નહીં મળે તો 10 કિલોમીટર ચાલીને જવું પડશે.

છેલ્લા ઘણા સમયથી અદાણી કંપની દ્વારા CNG ના ભાવમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. ત્યારે થોડા દિવસ પહેલા પહેલી ઓગસ્ટે પણ એક સાથે જ 4 રૂપિયાનો વધારો કરવામાં આવતા રિક્ષા ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. અગાઉ જ્યારે CNG ના ભાવમાં વધારો કરવામાં આવ્યો ત્યારે ભાડામાં વધારો કરવા માટે પણ રિક્ષા ચાલકોએ માંગ કરી હતી. જે બાદ ટ્રાન્સપોર્ટ કમિશનર સાથે બેઠક થયા બાદ ભાડામાં વધારો કરવા મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ હજુ સુધી ભાડામાં વધારા માટે સરકાર દ્વારા કોઈ નોટિફિકેશન જાહેર કરવામાં ના આવતા રિક્ષા ચાલકો વધારા સાથેનું ભાડું લઈ શકતા નથી.

હડતાળના સમર્થનમાં રહેલા



રિક્ષા ચાલક ચીમનભાઈએ જણાવ્યું હતું કે, જે પણ રિક્ષાચાલકો મુસાફરોને ભરીને જઈ રહ્યા છે તેમને શાંતિપૂર્વક અટકાવીને રિક્ષા ખાલી કરાવી CNGના ભાવવધારાના વિરોધમાં સમર્થન આપવા માંગ કરી રહ્યા છીએ. ઘર ચલાવવું પણ ખૂબ મુશ્કેલ બની ગયું છે અને રાત્રે ઊંઘ પણ આવતી નથી.

રિક્ષા ચાલક પ્રવીણભાઈએ જણાવ્યું હતું કે, જે રીતે CNGના ભાવ વધી રહ્યા છે તે પ્રમાણે ભાડામાં પણ વધારો કરવામાં આવે તેવી અમારી માંગણી છે. અત્યાર સુધી અનેક વખત વધારો થયો છતાં અમે અગાઉના ભાડાના આધારે જ મુસાફરોને બેસાડી રહ્યા છીએ. પાણી ભરાયેલા હોય તો પણ મુસાફરોને સમયસર પહોંચાડીએ છીએ. અમે કોઈ વધારાના પૈસા પણ મુસાફરો પાસેથી માંગતા નથી. 250 રૂપિયાનો ગેસ ભરાઈએ ત્યારે માંડ 100 રૂપિયા મળે છે. જો હજુ પણ માગણી નહીં સ્વીકારાય તો ઉગ્ર આંદોલન પણ કરવું પડશે.

વિદ્યાર્થી અર્ણવે જણાવ્યું હતું કે, રીક્ષા ચાલકોની હડતાલના કારણે ખૂબ જ તકલીફ પડવાની છે. મારે કોલેજ જવામાં ખૂબ જ મોડું થઈ રહ્યું છે છતાં પણ મને હજુ સુધી રીક્ષા મળી રહી નથી. હજુ પણ રિક્ષા નહીં મળે તો અંદાજે 10 કિલોમીટર કોલેજ ચાલીને જવું પડશે. દરરોજ કોલેજ જવા રિક્ષાનો ઉપયોગ કરવો પડે છે. રિક્ષામાં મુસાફરી કરવી સસ્તી હોવાથી સૌથી વધારે તેનો ઉપયોગ કરીએ છીએ. હજુ પણ હડતાલ ચાલુ રહેશે તો વધારે તકલીફ પડશે. જો ભાડામાં વધારો થશે તો અમારે બધું એડજસ્ટ કરવું પડશે. હું પરિવાર સાથે રહું છું એટલે મને એટલી બધી તકલીફ નહીં પડે પરંતુ જે લોકો અભ્યાસ કરવા માટે અહીંયા આવ્યા છે અને PGમાં રહે છે તે લોકોને ભાડામાં વધારો થશે તો વધારે તકલીફ પડશે.

મુસાફર તોફીકે જણાવ્યું હતું કે, રિક્ષા ચાલકોએ હડતાલ કરી હોવાથી અમારે વધારે તકલીફ પડશે. કારણકે અમે નોકરીએ જવા માટે દરરોજ રીક્ષાનો જ ઉપયોગ કરીએ છીએ. અમારા પાસે બીજું કોઈ સાધન ન હોવાથી સવારે નોકરીએ રિક્ષામાં જઈએ છીએ અને રાત્રે પણ ઘરે રિક્ષામાં જઈએ છીએ. જેથી રિક્ષા ચાલકોની હડતાલના કારણે અધવચ્ચે ઉતારી દેવામાં આવતા તકલીફ પડી રહી છે.

મુસાફર એજાજે જણાવ્યું હતું કે, અત્યારે અમે લોકો ઓફિસ જઈ રહ્યા હતા. જો કે અધવચ્ચે ઉતારી દેવામાં આવ્યા છે. હવે 4થી 5 કિલોમીટર ચાલીને જવું પડશે. અમે લોકો દરરોજ નોકરીએ જવા રિક્ષાનો જ સહારો લેતા હોઈએ છીએ. બે દિવસ જો રિક્ષા નહીં મળે તો ચાલીને જવું પડશે.

મુસાફર કાંતિભાઈએ જણાવ્યું હતું કે, અમને તકલીફ પડી રહી છે પરંતુ સરકારે પણ રિક્ષાચાલકોનું વિચારવું જોઈએ. CNGના ભાવ 94 રૂપિયા સુધી પહોંચી ગયા છે તો રીક્ષા ચાલકોને ભાડામાં વધારો આપવો જોઈએ. સામાન્ય નાગરિકોને હેરાન કરી પછી વધારો આપશે તેનો કોઈ મતલબ નથી. રિક્ષાના આધારે જ તે લોકો પોતાની રોજી રોટી ચલાવી રહ્યા છે.

અત્યારે મને હેરાન થવું પડ્યું પરંતુ રિક્ષા ચાલકોની જે માગણી છે તે સ્વીકારી લેવી જોઈએ. માણસની આવક વધી રહી છે તો જો ભાડામાં વધારો થાય તો કોઈ તકલીફ થાય તેવું નથી. પગાર વધે છે, ટેન્શન વધે છે ગાડીઓ હોવા છતાં બીજી મોંઘી ગાડીઓ લાવવામાં આવે છે. તો પછી રીક્ષા ચાલકો માંડ હપ્તો ભરી શકે છે તો તેમનો વધારો આપી દેવો જોઈએ.

# CMAની પરીક્ષાનું પરિણામ જાહેર: ઈન્ટરમીડિયેટમાં દેશમાં ટોપ-50માં અમદાવાદના બે વિદ્યાર્થી, ફાઈનલની પરીક્ષામાં ડ્રાઈવરના દીકરાએ બાજી મારી

**અમદાવાદ, તા.05**

ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા જૂન 2026ની CMA પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ઈન્ટરમિડીયેટ અને ફાઈનલ બંનેનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વખતે CMA ફાઈનલમાં અમદાવાદ ચેપ્ટરના એક વિદ્યાર્થીએ ઓલ ઈન્ડિયા 50માં રેન્કમાં સ્થાન મેળવ્યું છે. તો CMA ઈન્ટરમીડિયેટમાં બે વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા 50માં રેન્કમાં સ્થાન મેળવ્યું છે. આ વર્ષે CMA ઈન્ટરમીડિયેટમાં 5 ટકા પરિણામ ઘટ્યું તો CMA ફાઈનલમાં ગયા વર્ષ કરતા પરિણામમાં 7 ટકા જેટલો વધારો નોંધાયો છે. જો કે વિદ્યાર્થીઓનો CMAમાં રસ વધ્યો હોવાનું પણ સામે આવ્યું છે.





જૂન મહિનામાં લવાયેલી CMA ઈન્ટરમિડીયેટની પરીક્ષામાં દેશમાં 56,856 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 15,712 વિદ્યાર્થીઓ પાસ થયા છે. તો અમદાવાદ ચેપ્ટરમાં 738 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી 239 વિદ્યાર્થીઓ પાસ થયા છે. તો CMA ફાઈનલમાં દેશમાં 20204 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 7681 વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જેમાં અમદાવાદ ચેપ્ટરમાં 223 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને 99 વિદ્યાર્થીઓ જ પાસ થયા છે.

CMA ઈન્ટરમિડીયેટમાં દેશમાં 27.63 ટકા પરિણામ આવ્યું છે, તો અમદાવાદ ચેપ્ટરનું 32.38 ટકા પરિણામ આવ્યું છે. તેમજ CMA ફાઈનલમાં દેશમાં 38.02 ટકા પરિણામ આવ્યું છે, તો અમદાવાદ ચેપ્ટરનું 44.39 ટકા પરિણામ આવ્યું છે. ગયા વર્ષની સરખામણીએ વાત કરીએ તો અમદાવાદ ચેપ્ટરમાં CMA ઈન્ટરમિડીયેટનું પરિણામ 5 ટકા ઘટ્યું છે તો CMA ફાઈનલનું અમદાવાદ ચેપ્ટરનું પરિણામ 7 ટકા વધ્યું છે.

રીક્ષા ચાલકની દીકરી શેફાલી પંચાલે CMA ઈન્ટરમીડિયેટમાં ઓલ ઈન્ડિયા 48મો અને અમદાવાદ ચેપ્ટરમાં બીજો રેન્ક મેળવ્યો છે. શેફાલી પંચાલે જણાવ્યું હતું કે, 8થી 10 કલાક તૈયારી કરવી પડે તેવો કોઈપણ શિડયુલ તૈયાર કર્યો ન હતો. નવરાત્રિ, દિવાળી સહિતના તમામ તહેવારો એન્જોય કરી પરીક્ષાની તૈયારી કરી હતી. તેમજ ફેકલ્ટી દ્વારા જે પણ તૈયારી કરવામાં આવી હતી તેના પર વધારે ફોકસ આપી છેલ્લે સુધી તેને પકડી રાખ્યું હતું. કોન્સેપ્ટ ક્લિયર જરૂરી છે, કેટલા કલાક તમે વાંચો છો તે જરૂરી નથી. ભાઈ અને બહેનના કારણે કોઈ સંઘર્ષ કરવો પડ્યો નથી અને ખૂબ સારી રીતે તૈયારી કરી શકી છું.

CMA ઈન્ટરમીડિયેટમાં ઓલ ઈન્ડિયા 34મો રેન્ક અને અમદાવાદ ચેપ્ટરમાં પ્રથમ રેન્ક મેળવનાર આદિત્ય ખેરનારે જણાવ્યું હતું કે, પરીક્ષા માટે શિડ્યુલ તૈયાર કર્યું હતું અને તેના આધારે જ તૈયારીઓ કરી હતી. કલાકો પર નહીં પરંતુ શિડયુલ પર ફોકસ કરી રિવિઝન કર્યું હતું. જે પણ તૈયારી કરી તે ખૂબ સારી રીતે કરી હતી.

રાજકુમાર ગૌતમ કે જેના પિતા ITC નર્મદા હોટલમાં ડ્રાઈવર તરીકે પિતા ફરજ બજાવે છે. મહેનત બાદ રાજકુમાર ગૌતમે CMA ફાઈનલમાં અમદાવાદ ચેપ્ટરમાં બીજો રેન્ક મેળવ્યો છે. તેને જણાવ્યું હતું કે, જો કોઈને CMA કરવું હોય તો પહેલાથી જ તૈયારીઓ શરૂ કરવી પડે છે. કારણ કે પરીક્ષા સમયે જ તૈયારી કરવાથી સારું પરિણામ મેળવી શકાતું નથી. ડેડિકેશન અને રોજની સ્ટડી પર પૂરતી ફોકસ કરવાથી સારું પરિણામ મળી શકે છે. ફાઈનલ ક્લિયર કર્યું હોવાથી હવે કોર્પોરેટમાં જવાની ઈચ્છા છે. સમય જોયા વગર તૈયારી છે કે દિવસનો જે ટાર્ગેટ હતો તે પૂરો કરતો હતો. પરીક્ષા સમયે 12 કલાક તૈયારી થઈ જતી હતી.

ફાઈનલમાં અમદાવાદ ચેપ્ટરમાં ત્રીજો રેન્ક મેળવનાર મૈત્રી પીઠવાએ જણાવ્યું હતું કે, કોઈપણ CMAના લેવલ પર કોન્સેપ્ટ ક્લિયર હોવો ખૂબ જ જરૂરી છે. તેની સાથે દરરોજ રિવિઝન પણ કર્યું હતું. દિવસમાં સાતથી આઠ કલાકની તૈયારી તો કરવી જ પડતી હોય છે. આ જર્નીમાં પરિવાર અને મિત્રોએ પણ ખૂબ જ સપોર્ટ કર્યો છે. જો કોઈ વિદ્યાર્થી CMA કરવા માંગતા હોય તો તેને પહેલાથી જ પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ. હવે મારું પ્લાનિંગ એકેડેમિક ફિલ્ડમાં ટીચિંગ લેવલે આગળ જવાનું છે. જેથી હવે જે વિદ્યાર્થીઓ આવશે તેને સારા લેવલ પર લઈ જવામાં આવે.

# 10 મિનિટમાં 27.50 લાખની ચોરી: સફાઈના બહાને પડોશી પાસેથી ચાવી મેળવી ઘરઘાટી રોકડ-દાગીના લઈ રફુચક્કર, ચાંદખેડાની સેરેનિટી સ્પેશ સોસાયટીનો બનાવ

**અમદાવાદ, તા.05**

શહેરના ચાંદખેડામાં ચોરીની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. ઘરઘાટીએ કામ કરવાના બહાને પડોશી પાસેથી ચાવી મેળવીને માત્ર 10 મિનિટમાં હાથફેરો કરી રોકડ અને દાગીના સહિત 27.50 લાખની ચોરીને અંજામ આપ્યો હતો. આ ઘરઘાટી ચોરી માટે ઘરમાં પ્રવેશતો અને થેલા ભરીને બહાર નીકળતો હોવાના CCTV પણ સામે આવ્યા છે. ત્યારે ઘરઘાટી સુનિલ કલાસવા અને તેના બનેવી સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરના ચાંદખેડા વિસ્તારમાં સેરેનિટી સ્પેશ સોસાયટીમાં આ ચોરીની ઘટના સામે આવી હતી. બોપલમાં હેર સ્ટુડિયો ચલાવતા યતીન મેવાડાના ઘરમાં કામ કરતી મહિલા રાજસ્થાન ગઈ હોવાથી, તેમણે સોસાયટીના વોટ્સએપ ગ્રૂપમાં ઘરકામ માટે માણસની જરૂર હોવાનો મેસેજ મૂક્યો હતો. ગ્રૂપમાં મેસેજ વાંચીને સોસાયટીની જ એક મહિલાના માધ્યમથી સુનિલ કલાસવા નામનો યુવક કામ પર જોડાયો હતો, જેની સાથે ક્યારેક તેનો બનેવી રાજુ પણ કામ કરવા



આવતો હતો.

પરિવારના સભ્યો બહારગામ ગયા હોવાથી યતીનભાઈ કામે જતી વખતે ઘરની ચાવી પડોશીને સોંપીને જતા હતા. ઘટનાના દિવસે સુનિલે પડોશી પાસેથી ચાવી મેળવી ઘરમાં પ્રવેશ કર્યો હતો. યતીનભાઈ રાત્રે ઘરે પરત ફર્યા ત્યારે કબાટનું લોકર તૂટેલું હતું, જેમાંથી 7 લાખ રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી કુલ 27.50 લાખની મતા ગાયબ હતી.

ચોરી બાદ સુનિલના બંને મોબાઈલ ફોન બંધ આવતા સોસાયટીના CCTV કેમેરાની તપાસ કરવામાં આવી હતી. આ ફૂટેજમાં સુનિલ ઘરમાં ખાલી હાથે પ્રવેશતો અને માત્ર 10 જ મિનિટમાં બે થેલી ભરીને બહાર નીકળતો સ્પષ્ટ નજરે પડે છે. આ મામલે ચાંદખેડા પોલીસે સુનિલ અને તેના બનેવી રાજુ સામે ચોરીનો ગુનો નોંધી, CCTV ફૂટેજના આધારે બંને આરોપીને ઝડપી પાડવા અલગ-અલગ ટીમ બનાવીને તપાસ તેજ કરી છે.

# રવિવારે પણ સ્વૈચ્છિક રીતે શાળા ચાલુ રાખી શકાશે

- ભારે વરસાદ સમયે રજાથી અભ્યાસ પર થયેલી અસરની ખોટ પૂરી કરવા DEOએ મંજૂરી આપી

**અમદાવાદ, તા.05**

અમદાવાદમાં જુલાઈ,2026માં ભારે વરસાદ અને હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી સમયે તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાને રાખી રજા આપવામાં આવી હતી. કલેકટરની સૂચનાના આધારે શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા રજા જાહેર કરવા સૂચના આપી હતી. જો કે હવે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને રાખીને રવિવારના દિવસે શાળાઓ ચાલુ રાખવા પરિપત્ર કરવામાં આવ્યો છે. સ્વૈચ્છિક રીતે રવિવારના દિવસે શાળા ચાલુ રાખવી હોય તો ચાલુ રાખવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સૂચના આપવામાં આવી છે.

રજાઓના પરિણામે વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં નુકસાનની ભરપાઈ કરવા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર શાળાઓને સૂચના આપવામાં આવી છે. રવિવારે નિયમિત શિક્ષણ કાર્ય શરૂ કરીને રજાના દિવસોમાં બાકી રહેલો અભ્યાસ પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે. જો કે, શાળા ચાલુ રાખવાનો અંતિમ નિર્ણય સંબંધિત શાળાના સંચાલકો પોતાની રીતે લઈ શકશે.

જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાઓને વિદ્યાર્થીઓ તથા વાલીઓને અગાઉથી જાણ કરવાની, વિદ્યાર્થીઓની સલામતી





અને સુવિધાને પ્રાથમિકતા આપવાની તેમજ સ્થાનિક હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આયોજન કરવાની સૂચના આપી છે. સાથે જ, પૂરક અભ્યાસ, કાઉન્સેલિંગ અને મૂલ્યાંકન જેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવા સૂચન કરાયું છે. જેથી ભારે વરસાદને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસમાં પડેલી ખોટને અસરકારક રીતે દૂર કરી શકાય. જો કે નિયમ મુજબ જો કોઈ શાળાએ રવિવારના દિવસે શાળા ચાલુ રાખવી હોય તો તેને મંજૂરી આપવામાં આવતી નથી.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારે વરસાદના કારણે કેટલાક દિવસ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. જેના કારણે શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ પડ્યો છે તે બાબત ચોક્કસ છે. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શૈક્ષણિક કાર્ય બંધ રાખવા બાબતની સૂચના મળી હોવાથી શાળાઓને રજા આપવાની સૂચના આપવામાં આવી હતી. પરંતુ હવે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક હિત ધ્યાને લઈને શાળાઓને સ્વૈચ્છિક રીતે વાલીઓને અવગત કરીને શાળાઓમાં જરૂરી વ્યવસ્થા પૂર્ણ કરીને રવિવારના દિવસે પણ શાળા ચાલુ રાખવા પરિપત્ર કરવામાં આવ્યો છે.

વધુમાં રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ મહિનામાં કે પછી તે પછીના મહિનામાં જો રવિવારના દિવસે શાળા ચાલુ રાખવી હોય તો રાખી શકે તેવી સૂચના આપવામાં આવી છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈ રવિવારે સ્વૈચ્છિક રીતે શાળા ચાલુ રાખવા પરિપત્ર કરવામાં આવ્યો છે. ટ્રાન્સપોર્ટેશન સહિતની તમામ વ્યવસ્થાઓ કરી અને કોઈ અગવડતા ન પડે તે માટે શાળાઓ ચાલુ રાખવા માટેનો સ્વૈચ્છિક રીતે નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ તમામ શાળાઓના પરિપત્ર કરીને સૂચના પણ આપવામાં આવી છે.

# સુરતમાં ગે ડેટિંગ એપથી યુવકોને ફસાવતી ગેંગનો પર્દાફાશ: 'રાજ'ના નામે ચેટ કરી મળવા બોલાવી લૂંટી લેતા, 15 દિવસમાં 3 લોકોને ટ્રેપમાં ફસાવ્યા



**સુરત, તા.05**

સુરતમાં ગે એપ્લિકેશનના માધ્યમથી લોકો સાથે મિત્રતા કરી પૈસા અને મોબાઈલ પડાવી લેતી ગેંગને પોલીસે ઝડપી પાડી. ગેંગના સભ્યો 'રાજ'નામે ID બનાવી અજાણ્યા વ્યકિતનો સંપર્ક કરતા. મિત્રતા કેળવી વરાછાની એક અંડર કન્ટ્રક્શન બિલ્ડિંગમાં મળવા બોલાવતા અને મારમારી લૂંટી લેતા. ટોળકીએ છેલ્લા 15 દિવસમાં 3 લોકોને પોતાની જાળમાં ફસાવ્યાની વિગત સામે આવી છે.

સુરતના લિંબાયત વિસ્તારમાં રહેતા અને ફૂટની લારી ચલાવતા યુવકે થોડા દિવસ પહેલા એક ગે ડેટિંગ એપ ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ 'રાજ'નામના ID પરથી યુવક સાથે ચેટિંગ શરૂ કરાયું. વાતચીત આગળ વધતા 'રાજે' 28 જૂને વરાછામાં મળવા બોલાવ્યો. બપોરના સમયે ભોગ બનનાર યુવક પહોંચતા જ 'રાજ'તેને ઓરેંજ પાર્કમાં આવેલી અંડર કન્સ્ટ્રકશન બિલ્ડિંગમાં લઈ ગયો.

બિલ્ડંગમાં યુવક અને 'રાજ' પહોંચ્યા ત્યારે પહેલાથી જ બે અજાણ્યા લોકો હાજર હતા. જેઓએ ભોગ બનનાર યુવક સાથે મારામારી શરૂ કરી દીધી હતી. યુવકના ખિસ્સામાંથી મોબાઈલ અને રોકડ રકમ પડાવી લીધી હતી. આરોપીઓ આટલેથી ન અટક્યા અને 1,000 રૂપિયા ગુગલ પે પર પણ ટ્રાન્સફર કરાવી લીધા.

યુવકને લૂંટી લીધા બાદ ત્રણેય શખસો ધમકી આપી નાશી છૂટ્યા હતા.ડરના માર્યા અને આબરુ જવાની બીકે યુવકે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. જો કે, પરિવારજનોએ હિંમત આપતા અંતે ફરિયાદ નોંધાવી.પોલીસે ગણતરીના કલાકોમાં જ સુશાંત ઉર્ફે આકાશ કુંવરબહાદુર વર્મા (21), સોમરાજ અર્જુન ગામેતી (21) અને એક કિશોરને ઝડપી પાડ્યા છે.

પોલીસ પૂછપરછમાં આરોપીએ આ પહેલા પણ બે લોકોને ઓરેંજ પાર્કના અંદર કન્સ્ટ્રકશન બિલ્ડિંગમાં બોલાવી મોબાઈલ અને રોકડ રકમ પડાવી લીધી હતી. આરોપીઓ પાસેથી પોલીસે લૂંટમાં ગયેલી રોકડ અને મોબાઈલ ફોન કબજે કર્યા છે. ત્રણ લોકો સિવાય અન્ય પણ કોઈ ભોગ બન્યા છે કે નહીં તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

# ઔડાના મકાન અપાવવાના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી: ખોટા ફોર્મ ભરાવી ₹ 4.80 લાખ રૂપિયા પડાવ્યા, બે સામે ગુનો નોંધાયો

**અમદાવાદ, તા.05**

લોકોને ઔડાના મકાનો વેચાતા અપાવવાના નામે ખોટા ફોર્મ ભરાવી અલગ અલગ બહાના હેઠળ પૈસા લઈ છેતરપિંડી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. શહેરના ઈસનપુર વિસ્તારમાં રહેતા પથારો લગાવી વેચાણ કરી ગુજરાત ચલાવનાર વ્યક્તિ તેમજ અન્ય લોકોને ભુલાભાઈ પાર્ક નજીક આવેલા બહુચર માતાના મંદિરે બોલાવીને ફોર્મ ભરાવડાવી મકાન અપાવવાની લાલચે લોન પાસ કરાવવાથી લઈ અલગ અલગ બહાને 4.80 લાખ પડાવી લીધા હતા. બાદમાં ઉસ્માનપુરા ઔડા ઓફિસે તપાસ કરતા કોઈ ફોર્મ ભરાયા નથી, જે બાદ છેતરપિંડી થઈ હોવાની જાણ થતા આ મામલે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં બે લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.





ગરીબ લોકોને ઘરનું ઘર મળી રહે તેના માટે અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (ઔડા) દ્વારા આવાસ યોજનાના મકાનો આપવામાં આવે છે. ગરીબ અને અભણ લોકો હોવાના કારણે તેમને છેતરવાનો લાભ કેટલાક લેભાગુ તત્વો ઉપાડી લેતા હોય છે. શહેરના ઈસનપુર વિસ્તારમાં ચંડોળા તળાવ નજીક રહેતા છગનભાઈ ચૌહાણને તેમના મિત્ર થકી જાણ થઈ હતી કે ઘોડાસરમાં ન્યુ મંગળ પાર્ક સોસાયટીમાં રહેતા અભુભાઈ રબારી આવાસના મકાન અપાવે છે.

જેથી ફરિયાદીએ અભુભાઈ રબારીને મળી અને વાતચીત કરી હતી. 6 લાખની લોન કરાવવાની રહેશે અને ઈસનપુરમાં મકાન આપીશું એમ કહી એક મકાનની 2.20 લાખ રૂપિયા પુરાવા સાથે લીધા હતા. જેના માટે દાણીલીમડા મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફિસ ખાતે મહેબૂબ ઉર્ફે બાબુ નામના વ્યક્તિને મળીને કાગળની કાર્યવાહી કરાવડાવી હતી.

બાદમાં છગનભાઈએ વાસણા બાજુ તેમના પુત્રને મકાન લેવાનું છે, તેવું કહેતા મહેબૂબે વાસણામાં મકાન બતાવ્યું હતું. મકાન આપવાના 1.60 લાખ રૂપિયા લઈ લીધા હતા. ઉસ્માનપુરા ઔડા ઓફિસમાં લઈ જઈ ફોર્મ ભરાવાની પ્રક્રિયા કરાવડાવી હતી. દોઢ મહિના પછી મકાન પાસ થઈ ગયું હોવાનું કહી અને બે મકાન પેટે 30 હજાર રૂપિયા લીધા હતા.

લોન પાસ કરાવવાના નામે બે મકાનના 16000 રૂપિયા લીધા હતા. મકાન ચોથા માળે મળ્યું છે પહેલા માળે લેવું હોય તો 50000 આપવા પડશે એમ કહી 50000 પણ લઈ લીધા હતા. કોઈપણ પ્રકારની પૈસાની પહોંચ આપવામાં આવી ન હતી. જે બાદ તેમના સમાજના ઓળખીતા સાથે જાણવા મળ્યું હતું કે, અભુભાઈ રબારી અને મહેબૂબ દ્વારા આવી રીતે મકાન અપાવવાના નામે લોકો પાસેથી પૈસા પડાવ્યા છે.


જેથી ઉસ્માનપુરા ઔડા ઓફિસે જઈ અને તપાસ કરતાં કોઈપણ પ્રકારના આવા ફોર્મ ભરાયા નથી. અભુભાઈ રબારી અને મહેબૂબ લોકોને ઔડાના મકાનો આપવાનું કહી અને ફોર્મ ભરાવડાવે છે. અને વિવિધ બહાના હેઠળ પૈસા પડાવી અને છેતરપિંડી કરવામાં આવી છે. ત્યારે અનેક લોકો તેનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું છે. જેના પગલે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# પાકિસ્તાનમાં શાહબાઝ સરકારના તખ્તાપલટની તૈયારી!: મોહસિન નકવીનો 'સ્કેમ બોમ્બ' અને સિસ્ટમ પર સીધો હુમલો

**ઈસ્લામાબાદ, તા.05**

પડોશી દેશ પાકિસ્તાનમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. શાહબાઝ શરીફ સરકારના તખ્તાપલટની અટકળો લગાવવામાં આવી રહી છે. આ દરમિયાન રાજધાની ઈસ્લામાબાદને કન્ટેનરોથી સીલ કરી દેવામાં આવ્યું છે. મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે આ તખ્તાપલટની ડોર સેના પ્રમુખ જનરલ આસિમ મુનીરના હાથમાં છે.



વડાપ્રધાન શાહબાઝ શરીફની ખુરશી ડગમગી રહી છે કારણ કે તેમના પોતાના જ ગૃહમંત્રી મોહસિન નકવીએ સરકાર વિરુદ્ધ મોરચો ખોલી દીધો છે. એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે રાવલપિંડીમાં આ તખ્તાપલટનો બ્લુપ્રિન્ટ તૈયાર થઈ ચૂક્યો છે.

પાકિસ્તાનની શાસન વ્યવસ્થાના 'ધ્વસ્ત' થવા અંગે ચોંકાવનારું નિવેદન આપ્યાના થોડા જ દિવસો પછી, ગૃહમંત્રી મોહસિન નકવીએ હવે વધુ એક મોટો ખુલાસો કર્યો છે. પાકિસ્તાનના ઈતિહાસના 'સૌથી મોટા કૌભાંડ'નો પર્દાફાશ કરવાનો દાવો કરતા, નકવીએ કહ્યું કે તેમાં ન્યાયાધીશોથી લઈને રાજકારણીઓ સુધી, સરકારી તંત્રના ઘણા મહત્વપૂર્ણ ભાગો સામેલ છે. જોકે નકવીએ તે લોકોના નામ જાહેર કર્યા નથી, પરંતુ તેમના સતત સનસનાટીભર્યા નિવેદનોએ આ અટકળોને તેજ કરી દીધી છે કે શું પાકિસ્તાનનમાં સત્તા પરિવર્તન થવાનું છે.

પાકિસ્તાનના સેના પ્રમુખ આસિમ મુનીરના નજીકના મનાતા નકવીએ ભારપૂર્વક કહ્યું કે આ કૌભાંડ માટે જવાબદાર દરેક વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. નકવીએ પત્રકારોને કહ્યું, 'મને નથી લાગતું કે પાકિસ્તાનના ઈતિહાસમાં ક્યારેય આટલું મોટું કૌભાંડ થયું હોય, જેમાં ન્યાયાધીશ, રાજકારણી અને બેંકર બધા સામેલ હોય.'

નકવીએ આરોપ લગાવ્યો છે કે છેલ્લા 21 વર્ષથી દેશના ન્યાયાધીશ, રાજકારણી અને બેંકર લાંચખોરીના ખેલમાં સામેલ હતા. નકવીએ ખુલ્લેઆમ જાહેરાત કરી દીધી છે કે પાકિસ્તાનનું ગવર્નન્સ સિસ્ટમ સંપૂર્ણપણે 'કોલેપ્સ' થઈ ચૂક્યું છે, જે શાહબાઝ સરકારની કાર્યક્ષમતા પર એક જોરદાર તમાચો છે.

વિશ્લેષકોનું માનવું છે કે નકવી માત્ર એક મંત્રી નથી, પરંતુ અસીમ મુનીરનો એ મોહરો છે જેને ભવિષ્યની મોટી રાજકીય ભૂમિકા માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે. એવી પણ અટકળો છે કે નકવીને અસીમ મુનીર માટે એવી જ જમીન તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું છે, જેવું ક્યારેક પરવેઝ મુશર્રફના સમયમાં થયું હતું. એટલે કે આસિમ મુનીરને રાષ્ટ્રપતિ અને સેના પ્રમુખ તરીકે સર્વશક્તિમાન બનાવવા.

આ હલચલે લંડનથી લઈને લાહોર સુધી નવાઝ શરીફની ઊંઘ હરામ કરી દીધી છે. આ આંતરિક કલહ પર શાહબાઝ સરકારના વફાદાર અને રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પલટવાર કર્યો છે. આસિફે નકવીને 'પાવરહાઉસ' ગણાવતા કટાક્ષ કર્યો કે તેઓ પોતાને વડાપ્રધાન પ્રત્યે પણ જવાબદાર નથી સમજતા અને કેબિનેટ બેઠકોમાંથી ગેરહાજર રહે છે. આસિફે તો ત્યાં સુધી કહી દીધું, 'જો આટલી તાકાત ધરાવતો વ્યક્તિ પણ ફરિયાદ કરી રહ્યો છે, તો બાકીના કેબિનેટ સભ્યોએ ઘરે જતું રહેવું જોઈએ.'

અસીમ મુનીર હાલમાં પાકિસ્તાનની વિદેશ નીતિથી લઈને અર્થતંત્ર સુધી અનિયંત્રિત શક્તિનો આનંદ લઈ રહ્યા છે. જાણકારોનું કહેવું છે કે નકવી દ્વારા મુનીરે શહબાઝ શરીફને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે અસલી બોસ કોણ છે. ઈન્ડિયા ટુડેના રિપોર્ટમાં સંરક્ષણ વિશ્લેષક સંદીપ ઉન્નીથનના હવાલાથી કહેવામાં આવ્યું છે કે નકવી, જેમણે મીડિયા બેરોનથી પાકિસ્તાનના સૌથી શક્તિશાળી રાજનેતાઓમાંના એક બનવા સુધીની ઝડપી સફર ખેડી છે, તેઓ લાંબા સમયથી વડાપ્રધાન બનવાની મહત્વાકાંક્ષા ધરાવે છે.

તેમને હંમેશા આસિમ મુનીરનો ટેકો મળ્યો છે અને માનવામાં આવે છે કે તેઓ સેના પ્રમુખના નજીકના સંબંધી છે. તેથી મુનીર તેમના હાથે આ રમત રમાડી શકે છે. વિશ્લેષકોનું એ પણ માનવું છે કે આ જ નજીકના સંબંધને કારણે મુનીરે સંઘર્ષ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી માટે નકવીને પોતાના વિશેષ પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા હતા.

# આર્ટિકલ 370 હટાવ્યાના 7 વર્ષ- સમગ્ર કાશ્મીરમાં સુરક્ષા વધી

## પરવાનગી વિના રેલી-ધરણા પર પ્રતિબંધ, મહેબૂબાએ જનતાને કહ્યું હતું- વિરોધ કરવા આવો

**શ્રીનગર, તા.05**

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવ્યાને આજે 7 વર્ષ પૂરા થઈ રહ્યા છે. 2019માં 5 ઓગસ્ટના રોજ જ રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કલમ 370 અને 35A હટાવી દેવામાં આવી હતી.



7 વર્ષ વીતી ગયા હોવા છતાં, કાશ્મીરના અલગતાવાદી સંગઠનો તેને મુદ્દો બનાવી રહ્યા છે. પીડીપી પાર્ટીના વડા મહેબૂબા મુફ્તીએ મંગળવારે કેન્ડલ માર્ચ કાઢી હતી, સાથે જ લોકોને 5 ઓગસ્ટના રોજ વિરોધ નોંધાવવા અપીલ કરી છે.

મહેબૂબાની આ અપીલ અને તાજેતરમાં થયેલી આતંકવાદી ઘટનાઓને ધ્યાનમાં રાખીને જમ્મુ-કાશ્મીર પોલીસે એક જાહેર સલાહકાર પત્ર (પબ્લિક એડવાઈઝરી) બહાર પાડ્યો છે. જેમાં પરવાનગી વિના કોઈપણ પ્રકારના વિરોધ પ્રદર્શન કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

પોલીસે ચેતવણી આપી છે કે નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સુરક્ષા દળોએ સરહદી ગામો અને સંવેદનશીલ વિસ્તારોમાં મોડી રાત સુધી ફ્લેગ માર્ચ કરી હતી. LoC પર કડક નજર રાખવામાં આવી રહી છે.

કાશ્મીર પોલીસે એડવાઈઝરીમાં જણાવ્યું છે કે શાંતિ, જાહેર વ્યવસ્થા અને સુરક્ષા જાળવવા માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસે તમામ નાગરિકોને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે સહયોગ કરવા અપીલ કરી છે. આ સાથે, લોકોને શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા, અફવાઓ ફેલાવવાથી બચવા માટે કહેવામાં આવ્યું છે.

પોલીસે નાગરિકોને એ પણ અપીલ કરી છે કે તેઓ કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની જાણ તરત જ નજીકના પોલીસ સ્ટેશનને કરે.

આ તરફ, જમ્મુ-કાશ્મીર પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ હવે PDP પ્રમુખ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાનો વિચાર કરી રહ્યા છે. વાસ્તવમાં, રાષ્ટ્રીય ધ્વજને ખોટી રીતે પ્રદર્શિત કરવો જેમ કે રંગોનો ક્રમ ઊંધો હોવો, ક્ષતિગ્રસ્ત કાપડ હોવું આ બધું 'ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા'નું ઉલ્લંઘન છે.

નિયમો અનુસાર, સૌથી ઉપરની પટ્ટી હંમેશા કેસરિયા હોવી જોઈએ, વચ્ચેની સફેદ પટ્ટી પર 24 આરાવાળું ઘેરા વાદળી રંગનું અશોક ચક્ર હોવું જોઈએ, અને સૌથી નીચેની પટ્ટી લીલા રંગની હોવી જોઈએ. કાશ્મીર પોલીસે એડવાઈઝરીમાં જણાવ્યું છે કે શાંતિ, જાહેર વ્યવસ્થા અને સુરક્ષા જાળવવા માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસે તમામ નાગરિકોને કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે સહયોગ કરવા અપીલ કરી છે. આ સાથે, લોકોને શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા, અફવાઓ ફેલાવવાથી બચવા માટે કહેવામાં આવ્યું છે.

# ચંદ્ર સાથે અથડાયું 4000 કિલોનું મહાકાય રોકેટ: 8,690 કિમી પ્રતિ કલાકની ઝડપે ટક્કર થઈ....

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકન બિઝનેસમેન ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સ (SpaceX)નું એક મહાકાય બેકાબૂ રોકેટ ચંદ્રની સપાટી સાથે અથડાયું છે. 4 હજાર કિલો વજનનું અને લગભગ 5 માળની ઈમારત જેટલું મોટું આ રોકેટ લગભગ 8,690 કિમી/કલાકની ઝડપે અથડાયું. નાસા (NASA)એ કહ્યું કે, 'આ ટક્કરથી પૃથ્વીને કોઈ ખતરો નથી. જોકે, આ ટક્કરની પુષ્ટિ તસવીરો આવ્યા પછી થશે.'

આ બેકાબૂ ટુકડો સ્પેસએક્સના 'ફાલ્કન 9' (Falcon 9) રોકેટનો ઉપરનો ભાગ છે. તેને જાન્યુઆરી 2025માં ફ્લોરિડાથી અમેરિકા અને જાપાનના બે લુનર લેન્ડરને અવકાશમાં મોકલવા માટે લોન્ચ કરવામાં આવ્યું હતું. મિશન પૂરું થયા પછી રોકેટનો આ ભાગ અવકાશમાં તરતો રહી ગયો.

છેલ્લા 18 મહિના દરમિયાન પૃથ્વી, ચંદ્ર અને સૂર્યના ગુરુત્વાકર્ષણના કારણે તેનો માર્ગ ધીમે ધીમે બદલાઈ ગયો. ખગોળશાસ્ત્રીઓએ ડેટાનો અભ્યાસ કરીને પહેલેથી જ અનુમાન લગાવ્યું હતું કે, આ રોકેટ ભટકીને સીધું ચંદ્ર તરફ જઈ રહ્યું છે અને તેની સાથે અથડાશે.

આ ટક્કર ચંદ્રના 'આઈન્સ્ટાઈન ક્રેટર' પાસે થઈ. આ વિસ્તાર ચંદ્રના તે ભાગમાં છે, જ્યાં દિવસનો પ્રકાશ રહે છે અને જે પૃથ્વી પરથી દેખાય છે. જોકે, વૈજ્ઞાનિકોના મતે તેને સામાન્ય ટેલિસ્કોપથી જોવું અશક્ય હતું, કારણ કે ટક્કર સમયે બનેલો પ્રકાશ ખૂબ જ ઝાંખો હતો.



કેમ્બ્રિજ યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રી ડૉ. મેટ બોથવેલનું કહેવું છે કે, ટક્કરના કારણે ચંદ્રની ધૂળનો એક મોટો ગુબ્બારો ઉછળ્યો હશે, જે 100 કિલોમીટર સુધી ઉપર ગયો હશે અને ઘણી મિનિટો સુધી રહ્યો હશે. હાલમાં જ્યારે આ ઘટના બની, ત્યારે ચંદ્રની પરિક્રમા કરી રહેલું કોઈ પણ સ્પેસક્રાફ્ટ યોગ્ય સ્થિતિમાં નહોતું, તેથી લાઈવ તસવીરો મળી શકી નથી.

દક્ષિણ કોરિયાનું 'દાનુરી' ઓર્બિટર અને નાસાનું 'લુનર રિકોનિસન્સ ઓર્બિટર' (LRO) આવનારા દિવસોમાં ટક્કરવાળી જગ્યા ઉપરથી પસાર થશે અને તસવીરો લેશે. વૈજ્ઞાનિકો જૂની અને નવી તસવીરોની સરખામણી કરીને ચંદ્રની સપાટી પર બનેલા નવા નિશાનની ઓળખ કરશે.

આ ટક્કર પછી ચંદ્ર પર માણસો દ્વારા છોડવામાં આવેલી અથવા દુર્ઘટનાગ્રસ્ત થયેલી વસ્તુઓની સંખ્યા વધીને લગભગ 3,000 થઈ ગઈ છે. તેમનું કુલ વજન લગભગ 190 ટન થઈ ગયું છે.

સપ્ટેમ્બર 1959માં સોવિયત સંઘનું 'લુના 2' ચંદ્રની સપાટી પર પહોંચનારું પ્રથમ માનવ નિર્મિત ઓબ્જેક્ટ હતું. આ ઉપરાંત નાસાના એકલા એપોલો પ્રોગ્રામ સાથે સંકળાયેલી 796 વસ્તુઓ ચંદ્ર પર હાજર છે.

ચંદ્ર પર કોઈ વાતાવરણ કે પર્યાવરણ નથી, તેથી આ કચરાથી ત્યાં કોઈ ઈકોસિસ્ટમને નુકસાન થતું નથી. જોકે, વૈજ્ઞાનિકો ચિંતિત છે કે ભવિષ્યમાં વધતા લુનર ટ્રાફિકને કારણે ઐતિહાસિક એપોલો લેન્ડિંગ સાઈટ્સને નુકસાન ન પહોંચે અને નવા સ્પેસક્રાફ્ટના ટકરાવાનું જોખમ ન વધે.

સાયન્સ મ્યુઝિયમના સ્પેસ હેડ લિબ્બી જેક્સન અનુસાર, આ વૈજ્ઞાનિકો માટે ખૂબ જ રોમાંચક પ્રયોગ છે કારણ કે રોકેટની સ્પીડ, વજન અને આકારનો ડેટા પહેલેથી જ ઉપલબ્ધ હતો.

સામાન્ય રીતે જ્યારે કોઈ કુદરતી ઉલ્કાપિંડ ચંદ્ર સાથે ટકરાય છે, ત્યારે વૈજ્ઞાનિકો પાસે તેનો શરૂઆતનો ડેટા હોતો નથી. આ ટક્કરથી બનેલા નવા ખાડા અને ઉડેલી ધૂળના સ્તરનો અભ્યાસ કરીને વૈજ્ઞાનિકો એ સમજી શકશે કે અબજો વર્ષો પહેલા ચંદ્ર અને આપણા સૌરમંડળનું નિર્માણ કેવી રીતે થયું હતું. સ્પેસએક્સના ફાલ્કન 9 રોકેટનો નીચલો ભાગ ફરીથી વાપરી શકાય તેવો હોય છે. તેને બૂસ્ટર કહેવાય છે અને તે લેન્ડિંગ કરીને પૃથ્વી પર પાછો આવે છે. જે જાન્યુઆરી 2025ના મિશનનો ઉપલો ભાગ ભટકીને ચંદ્ર સાથે અથડાયો, તે જ રોકેટના નીચલા બૂસ્ટરને 10 ઓગસ્ટે 18મી વખત લોન્ચ કરવામાં આવશે. માણસ દ્વારા અવકાશમાં મોકલવામાં આવેલા રોકેટના છૂટા પડેલા ટુકડાઓ, નિષ્ક્રિય સેટેલાઈટ્સ અને કાટમાળને સ્પેસ ડેબ્રિસ કહેવાય છે.

# શેખ હસીના 2 વર્ષ પછી દેખાશે, દિલ્હીમાં ભાષણ: ભારતનો પ્રતિબંધ મૂકવાનો ઇનકાર, પૂર્વ ક્રિકેટર શાકિબ અલ-હસન પણ સામેલ થઈ શકે છે

**નવી દિલ્હી/ઢાકા, તા.05**

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના 2 વર્ષ પછી દેખાશે. તેમણે જાહેરાત કરી છે કે તેઓ 5 ઓગસ્ટે દિલ્હીમાં એક કાર્યક્રમને ઓનલાઈન સંબોધિત કરશે.

દેશ છોડ્યા પછી આ પહેલીવાર હશે જ્યારે શેખ હસીના કોઈ સાર્વજનિક કાર્યક્રમમાં વર્ચ્યુઅલ ભાષણ આપતા જોવા મળશે.

બાંગ્લાદેશે તેના પર રોક લગાવવાની માગ કરી હતી પરંતુ ભારતે મંગળવારે તેનો ઈનકાર કર્યો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મંગળવારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ એક ખાનગી મીડિયા સંસ્થા દ્વારા આયોજિત કરવામાં આવી રહ્યો છે. ભારત સરકારને તેની સાથે કોઈ લેવાદેવા નથી.

શેખ હસીનાના પુત્ર સજીબ વાજેદ જોયે જુલાઈ-ઓગસ્ટ 2024ના આંદોલનમાં થયેલી મોતના આંકડાઓ પર સવાલ ઉઠાવ્યા.

તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રએ 1,400 લોકોના મોતનો દાવો કર્યો છે, જ્યારે બાંગ્લાદેશ સરકાર 800 મોત જણાવી રહી છે. આવા સંજોગોમાં બાકીના 600 લોકો કોણ છે? તેમણે કહ્યું કે સરકારે આ આંકડાઓનો જવાબ આપવો જોઈએ.

જોયે એમ પણ કહ્યું કે આંદોલન દરમિયાન પોલીસકર્મીઓની હત્યા કરનારાઓ સામે કાર્યવાહી થઈ રહી નથી. તેમણે પ્રદર્શનકારીઓને મળેલી કાનૂની છૂટ પર સવાલ ઉઠાવતા કહ્યું કે હિંસામાં સામેલ લોકોની પણ નિષ્પક્ષ તપાસ અને કાનૂની કાર્યવાહી થવી જોઈએ.

બાંગ્લાદેશના પૂર્વ શિક્ષણ મંત્રી મોહિબુલ હસન ચૌધરીએ કહ્યું કે દેશ હવે લાંબા સમય સુધી હિંસા અને સંઘર્ષના માર્ગે ચાલી શકે નહીં. તેમણે દાવો કર્યો કે બાંગ્લાદેશમાં મહિલાઓ, લઘુમતીઓ અને પત્રકારો વિરુદ્ધ હિંસા વધી રહી છે. તેમણે કહ્યું કે આ સ્થિતિ બદલવી પડશે. પહેલાંથી જ ઘણા લોકોના જીવ ગયા છે.

ચૌધરીએ કહ્યું કે છેલ્લા બે વર્ષમાં આપણો દેશ ખરાબ રીતે વહેંચાઈ ગયો છે. લોકોની આશાઓ તૂટી ગઈ છે, સમૃદ્ધિની જગ્યાએ ગરીબી વધી છે અને ન્યાયની જગ્યાએ બદલાની રાજનીતિ હાવી થઈ ગઈ છે.

પ્રેસ કોન્ફરન્સમાં હાજર બાંગ્લાદેશી લેખક અને રાજકીય વિશ્લેષક અબુ ઓબૈદા આરિને દાવો કર્યો કે શેખ હસીના કોઈ જનાદેશને કારણે નહીં, પરંતુ એક 'રાજકીય ષડયંત્ર'ને કારણે દેશ છોડીને ગયા છે.

આરિને કહ્યું કે શેખ હસીના સત્તા પરથી હટ્યા પછી બાંગ્લાદેશની સ્થિતિ ખરાબ થઈ છે. તેમના મતે, દેશના પાસપોર્ટનું



વૈશ્વિક રેન્કિંગ ઘટ્યું છે અને લગભગ બે લાખ વિદ્યાર્થીઓ વિદેશ જઈ શકતા નથી.

આરિને કહ્યું કે હસીના બદલો લેવા માટે નહીં, પરંતુ દેશમાં સામાન્ય રાજકીય માહોલ પુનઃસ્થાપિત કરવાના હેતુથી પાછા ફરવા માંગે છે.

5 ઓગસ્ટ 2024ના રોજ વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીનાને બાંગ્લાદેશ છોડવું પડ્યું હતું. પ્રદર્શનકારીઓ તેમના સરકારી આવાસ સુધી પહોંચી ગયા હતા. આ પછી તેમણે રાજીનામું આપીને સેનાના વિમાનથી ભારત આવી ગયા હતા.

એટલે કે, જે દિવસે તેમને સત્તા છોડવી પડી હતી, તે જ દિવસે તેઓ બે વર્ષ પછી ફરી લોકો સમક્ષ આવી રહ્યા છે. માનવામાં આવે છે કે તેઓ આ જ દિવસે પોતાની રાજકીય વાપસીનો સંદેશ આપવા માંગે છે.

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના થોડીવારમાં પ્રેસ કોન્ફરન્સ કરશે. આયોજકોના મતે, તેઓ બાંગ્લાદેશ પાછા ફરવાની તેમની યોજના વિશે વાત કરી શકે છે. ઢાકામાં તેમની વિરુદ્ધ ઘણા કાનૂની કેસ નોંધાયેલા છે, પરંતુ તેમ છતાં તેમના દેશ પાછા ફરવાની રણનીતિ પર નજર રહેશે.

હસીના તેમની પાર્ટી અવામી લીગના ભવિષ્ય, વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને આગળની રણનીતિ પર પણ પોતાનો અભિપ્રાય આપશે. તેમની પ્રેસ કોન્ફરન્સ એવા સમયે થઈ રહી છે, જ્યારે બાંગ્લાદેશમાં જુલાઈ 2024ના જનઆંદોલનની બીજી વર્ષગાંઠ પર રાજકીય માહોલ ખૂબ જ ગરમ છે.

બાંગ્લાદેશ સરકારે આ ભાષણના પ્રસારણ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. પ્રિન્ટ મીડિયા, ટીવી અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મને ચેતવણી આપવામાં આવી હતી કે શેખ હસીનાનું ભારતમાંથી થનારું ભાષણ પ્રસારિત કે પ્રકાશિત ન કરવામાં આવે.

આ પ્રતિબંધ પછીથી જ સૌથી વધુ ચર્ચામાં એ છે કે શું હસીના પાછા આવી શકે છે કે નહીં? જોકે, બાંગ્લાદેશી મીડિયામાં આ વાત પર ચર્ચા ચાલી રહી છે કે હસીનાની વાપસીથી ભારત અને બાંગ્લાદેશના સંબંધો પર શું અસર થશે. બાંગ્લાદેશનું મોટું અખબાર પ્રોથોમ આલો લખે છે,

ધ ડેઈલી સ્ટારનું સંપાદકીય પણ આ જ લાઈન પર છે કે ભારતની ધરતી પરથી આ પ્રકારની રાજકીય ગતિવિધિઓ તાજેતરમાં સુધરતા સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે. આ અખબારે બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયના વિરોધને પણ યોગ્ય ઠેરવ્યો છે.

બીજી તરફ, બંગાળી અખબાર જુગાંતરે હસીનાના પાછા ફરવા અંગે વિરોધ પક્ષોના વલણને વધુ પ્રાધાન્યતાથી છાપ્યું છે.

સરકાર: હસીના 'ફરાર અપરાધી' છે, તેમને કોઈ રાજકીય મંચ મળવો ન જોઈએ.

વિદ્યાર્થી આંદોલન સાથે સંકળાયેલી પાર્ટીઓ: હસીનાની વાપસી ન થવી જોઈએ. હસીનાએ પાછા ફરીને અદાલતનો સામનો કરવો જોઈએ.

અવામી લીગ સમર્થકો: હસીના જ રાજકીય સ્થિરતાનો વિકલ્પ છે અને તેમના વિના ચૂંટણી નિષ્પક્ષ નહીં થાય.

ફોરેન કોરેસ્પોન્ડન્ટ્સ ક્લબ ઓફ સાઉથ એશિયા (FCCSA) નવી દિલ્હી સ્થિત પત્રકારોનું સંગઠન છે. તેની સ્થાપના 1958માં થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કાર્યક્રમ સાંજે 6 વાગ્યાથી 7:30 વાગ્યા સુધી ચાલશે.

રિપોર્ટ્સ અનુસાર, હસીના આ કાર્યક્રમમાં બાંગ્લાદેશ પરત ફરવાની તારીખની જાહેરાત કરી શકે છે. તેમણે ગયા મહિને કહ્યું હતું કે તેઓ ડિસેમ્બરમાં પોતાના દેશ પરત ફરશે. આ દરમિયાન તેમની હત્યા પણ થઈ જાય તો તેમને મંજૂર છે.

# યમન નજીક ભારતીય જહાજ પર હૂતી વિદ્રોહીઓનો હુમલો

**યમન, તા.05**


યમન નજીક લાલ સાગરમાં ભારતીય ધ્વજવાળા વેપારી જહાજ પર હુમલો થયો છે. આ હુમલો હુતી વિદ્રોહીઓએ કર્યો છે. પ્રાથમિક માહિતી અનુસાર, વિસ્ફોટકોથી ભરેલી એક આત્મઘાતી બોટ જહાજ સાથે અથડાઈ. ત્યારબાદ જહાજ ડૂબી ગયું. જોકે, તેમાં સવાર તમામ 13 ભારતીય નાગરિકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

ભારતના વિદેશ મંત્રાલયે 'MSV ફૈઝ-એ-નૂર-એ-ઔલિયા' જહાજ પર થયેલા હુમલાની નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે રિયાદમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ક્રૂની સુરક્ષા માટે યમનના અધિકારીઓ સાથે સહયોગ કરી રહ્યું છે.

અમેરિકા-ઈરાન વાટાઘાટોની તારીખ અને સ્થળ હજુ નક્કી થયું નથી: અમેરિકા અને ઈરાન વચ્ચે પ્રસ્તાવિત વાટાઘાટોની તારીખ અને સ્થળ હજુ નક્કી થયું નથી. અહેવાલો અનુસાર, પાકિસ્તાન અને કતાર સંભવિત યજમાન દેશો તરીકે ચર્ચા હેઠળ છે, અને બંને દેશો મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઈરાનની નવી વ્યૂહરચના: યુદ્ધ નહીં, પરંતુ અમેરિકા પર દબાણ વધારવું: રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાન હવે સીધી લશ્કરી જીત મેળવવાને બદલે દરિયાઈ વેપાર, તેલ પુરવઠો અને મહત્વપૂર્ણ શિપિંગ માર્ગોને વિક્ષેપિત કરીને અમેરિકા અને તેના સાથીઓ માટે ખર્ચ વધારવાની વ્યૂહરચના અપનાવી રહ્યું છે.

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઉડતું રીપર ડ્રોન તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો છે: IRGC એ દાવો કર્યો છે કે તેણે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલી સાથે હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઉડતું MQ-9 રીપર ડ્રોન તોડી પાડ્યું છે. જોકે, તેણે સ્પષ્ટ કર્યું નથી કે ડ્રોન કયા દેશનું હતું.

અમેરિકા ઈરાન પર દબાણ વધારવા માટે નવા વિકલ્પો શોધી રહ્યું છે: સીએનએનના અહેવાલ મુજબ, યુએસ સેન્ટ્રલ કમાન્ડ



(સેન્ટકોમ) એ તેના લશ્કરી વિશ્લેષકો પાસેથી દબાણ વધારવા અને ઈરાનને સજા કરવા માટે નવા સૂચનો માંગ્યા છે. અધિકારીઓએ આને એક અસામાન્ય પગલું ગણાવ્યું. હુતીઓની ધમકીઓ પછી છ સાઉદી સુપરટેન્કરોએ માર્ગ બદલ્યો: યમનના હુતી બળવાખોરોની ધમકીઓ પછી છ સાઉદી સુપરટેન્કરોએ રેડ સીમાં અને બાબ-અલ-મંડેબને બદલે દક્ષિણ આફ્રિકાની આસપાસ લાંબો દરિયાઈ માર્ગ અપનાવ્યો, જેનાથી આ ક્ષેત્રમાં શિપિંગ સલામતી અંગે ચિંતાઓ વધી ગઈ.

યમનના દરિયાકાંઠા નજીક લાલ સાગરમાં ભારતીય વેપારી જહાજ પર હુમલો થયો છે. 'MSV ફૈઝ-એ-નૂર-એ-ઔલિયા' નામનું આ જહાજ હુમલામાં ડૂબી ગયું. જોકે, તેમાં સવાર તમામ 13 ભારતીય નાગરિકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે.

અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ જણાવ્યું કે અમેરિકાનો અંતિમ લક્ષ્ય ઈરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો છે. હાલમાં અમારું ફોકસ હોર્મુઝ પર છે. આ પછી પરમાણુ મુદ્દા પર પણ લાંબા સમય સુધી વાતચીત થશે. વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા રૂબિયોએ હોર્મુઝ સ્ટ્રેટ પર થયેલા કરાર અંગે પણ માહિતી આપી હતી. ઈરાન હવે યુદ્ધ જીતવાને બદલે અમેરિકા અને તેના સહયોગીઓ પર સૈન્ય અને આર્થિક દબાણ વધારવાની વ્યૂહરચના પર કામ કરી રહ્યું છે.

રોયટર્સના અહેવાલ મુજબ, તેહરાનનું માનવું છે કે લડાઈ જેટલી લાંબી ચાલશે, અમેરિકા પર એટલું જ વધુ દબાણ વધશે. આનાથી ભવિષ્યમાં થનારી વાતચીતમાં ઈરાનની સ્થિતિ મજબૂત થઈ શકે છે. આ જ વ્યૂહરચના હેઠળ ઈરાન સમુદ્રી વેપાર, તેલ પુરવઠો અને મહત્વપૂર્ણ શિપિંગ રૂટ્સ પર દબાણ વધારી રહ્યું છે. ઈરાનને વિશ્વાસ છે કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નવેમ્બરની મિડટર્મ ચૂંટણીઓ પહેલા મધ્ય પૂર્વમાં લાંબો સંઘર્ષ નહીં ઈચ્છે. નિષ્ણાતોનું કહેવું છે કે ઈરાન ઈચ્છે છે કે અમેરિકાને લાગે કે હોર્મુઝ સ્ટ્રેટ પર તેની શરતો માનવી, લાંબા સમય સુધી યુદ્ધ લડવા કરતાં સસ્તી પડશે.

અમેરિકા અને ઈરાન વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા અંગેની સમજૂતીની આશા બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઘટાડો થયો છે. અમેરિકી ક્રૂડ ઓઈલ WTI 5% ઘટીને 76.32 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. તો બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રિન્ટ ક્રૂડની કિંમત પણ 80 ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગઈ છે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટને સંપૂર્ણપણે ખોલવા અંગે ઈરાન સાથે ચાલી રહેલી વાતચીતમાં પ્રગતિ થઈ છે.

# દુબઈમાં એક પછી એક 20 મિનિટમાં 7 રહસ્યમય બ્લાસ્ટ: વિસ્ફોટથી રાત્રે આકાશમાં ધુમાડાના ગોટેગોટા ઉડ્યા

**દુબઈ, તા.05**

દુબઈના જેબેલ અલી ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં વિસ્ફોટો થયા હોવાના રિપોર્ટ્સ આવ્યા છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં રાતના અંધારામાં આકાશમાં કાળા ધુમાડા જોઈ શકાય છે. ઈરાનની મિહર (Mehr) ન્યૂઝ એજન્સીએ અમીરાતી અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે 20 મિનિટના ગાળામાં ઓછામાં ઓછા સાત વિસ્ફોટો થયા હતા.

રિપોર્ટ્સ મુજબ, આ ઘટનાનો વીડિયો શૂટ કરવા બદલ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે વિસ્ફોટનું મૂળ કારણ હજી ખબર પડી નથી છે.

ઈરાકી ન્યૂઝ આઉટલેટ્સે એવો દાવો કર્યો છે કે ચાલુ યુએસ-ઈરાન યુદ્ધ વચ્ચે યમનથી સંયુક્ત આરબ અમીરાત (UAE) પર મિસાઈલ હુમલો કર્યો હતો. જોકે, અમીરાતી મીડિયાએ વિસ્ફોટના કારણ અંગે



કોઈ અધિકૃત માહિતી પ્રકાશિત કરી નથી.

બીજી તરફ, NASAના થર્મલ ઈમેજરી સંકેતો દર્શાવે છે કે પોર્ટને અડીને આવેલા એક વેરહાઉસમાં આગ લાગી હતી, જેનો ઉપયોગ ઈંધણના સંગ્રહ અને ટ્રાન્સફર માટે થતો હતો.

આ ઘટનામાં થયેલી કોઈ જાનહાની કે નુકસાનના આંકડા તરત જ ઉપલબ્ધ થઈ શકી નથી. સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયોમાં રહેણાંક વિસ્તાર નજીક રાતમાં આકાશમાં કાળો ધુમાડો ઉડતો દેખાઈ રહ્યો હતો.

અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન UAE સતત હાઈ એલર્ટ પર રહ્યું છે, કારણ કે ક્ષેત્રમાં US સહયોગીઓ પર તેહરાન દ્વારા કરવામાં આવતા વળતા હુમલાઓનું તે અવારનવાર નિશાન બનતું રહ્યું છે. ઈરાકી ન્યૂઝ આઉટલેટ્સે એવો દાવો કર્યો છે કે ચાલુ યુએસ-ઈરાન યુદ્ધ વચ્ચે યમનથી સંયુક્ત આરબ અમીરાત (UAE) પર મિસાઈલ હુમલો કર્યો હતો. જોકે, અમીરાતી મીડિયાએ વિસ્ફોટના કારણ અંગે કોઈ અધિકૃત માહિતી પ્રકાશિત કરી નથી. બીજી તરફ, NASAના થર્મલ ઈમેજરી સંકેતો દર્શાવે છે કે પોર્ટને અડીને આવેલા એક વેરહાઉસમાં આગ લાગી હતી, જેનો ઉપયોગ ઈંધણના સંગ્રહ અને ટ્રાન્સફર માટે થતો હતો.

## તંત્રી લેખ

# ભરાયેલા વરસાદી પાણીએ લકઝરી હોમના લોકોની ઊંઘ હરામ કરી નાખી

બદલતા હવામાન અને વધતી કુદરતી હોનારતોના પગલે ઓફિસ અને રેસિડન્સ ખરીદનારા ચેતી ગયા છે. ઓફિસનો વિસ્તાર ભલે કોર્પોરેટ ટચવાળો હોય પરંતુ સખત્ત વરસાદમાં ત્યાં પહોંચી ના શકાય કે ત્યાંથી નીકળી ના શકાય તો શું કામનું? એવુંજ શહેરથી દૂર શાંતિ ઝંખતા લોકો ફાર્મ હાઉસ કે લકઝરી બંગલા ખરીદતા હોય છે. રાત્રે એકલ દોકલ લોકો પણ ફરકતા ના દેખાય એવા વિસ્તારોમાં રહેતા લોકો માટે સખત્ત વરસાદ અને ગરમી પરેશાન કરતી ગઈ છે.

આ વર્ષે સખત્ત ગરમી બાદ પડેલા સખત્ત વરસાદે લોકોના લકઝરી હોમના સપનાને ધોઈ નાખ્યું હતું. શહેરથી દુર નવી સ્કીમો અને લકઝરી હોમમાં રહેવાનો અભરખો રાખનારા અટવાઈ ગયા હતા. અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં લકઝરી હોમ જોવા મળે છે એવું નથી. નડિયાદ આણંદ, સાણંદ, દહેગામ જેવા વિસ્તારોમાં પણ લકઝરી હોમ જોવા મળે છે અને નોનરેસીડેન્ટ ઈન્ડિયન ત્યાં રોકાણ કરતા હોય છે.

શહેરથી દુર રહેવાની મજા એમ કહેનારાઓએ આ વર્ષે પોતાના વિચારો બદલવાની જરૂર પડશે. અનેક લોકોના ઘર મોટા હતા પરંતુ તે લોકો ત્રણ-ત્રણ દિવસ સુધી ઘરની બહાર નીકળી શક્યા નહોતા. જે લોકોને પોતાના પાડોશી કોણ છે તેમની ખબર નહોતી તેમની સાથે કલાકો વિતાવવા પડયા હતા. લકઝરી હોમ ખરીદનારા ક્લબ હાઉસ,બોર, પાણીની-વિજળીની વૈકલ્પિક સવલતો, સ્વિમીંગ પુલ, મોર્નિંગ વોક વે વગેરેનું ધ્યાન રાખતા લોકો નજીકમાં મંદિર કે દેરાસરનો આગ્રહ રાખે છે પરંતુ વિસ્તારમાં ભરાયેલા પાણીના નિકાલની વ્યવસ્થાનું ક્યારેય વિચારતા નહોતા. પરંતુ હવે દરેક જાણી ગયા છે કે સ્કીમ ગમે તેટલી મોટી હોય કે તેના ડેવલોપર્સ ભલે વગદાર હોય પરંતુ પાણીના નિકાલની વ્યવસ્થા જે તે કોર્પોરેશન કે નગર પાલિકા કરતી હોય છે.

પાણીનો નિકાલ મોટા શહેરોમાં સળગતી સમસ્યા છે. સતત ડેવલોપમેન્ટના કારણે નવા વિસ્તારોમાં ડેવલોપ થયા કરે છે. વરસાદની વિદાય બાદ બાંધકામો ફરી શરૂ થશે. ખેતી લાયક જમીનોમાં વિશાળ ફ્લેટો કે બંગલા તૈયાર થતા જોવા મળશે. નવી કોલોનીમાં સિમેન્ટના રોડનો આગ્રહ રાખવામાં આવે છે. સિમેન્ટના રોડના કારણે પાણી જમીનમાં ઉતરતું નથી અને બહાર રહીને વહેણની દિશામાં ખેંચાઈ જાય છે. કેટલીક સ્કીમો તળાવ પુરીને બનાવેલી હોય છે. તેના કારણે કુદરતી વહેણ બંધ થઈ ગયા હોય છે.

મોટાભાગની સ્કીમો માટી દબાવીને થોડી ઉંચાઈ પર રાખવામાં આવે છે જેથી સ્કીમની જગ્યા પર પાણીના ભરાય. આવું દરેક નવી સ્કીમોમાં જોવા મળ છે. સ્કીમ ઉંચાઈ પર હોવાથી તેમજ ત્યાં સિમેન્ટના રોડ હોવાથી પાણી ભરાતું નથી અને જમીનમાં પણ ઉતરતું નથી. જેના કારણે પાણી બહાર જતું રહે છે અને રોડ પર વહેવા લાગે છે. આવુંજ આસપાસના દરેક વિસ્તારોનું હોય છે. આ પાણીના ત્વરીત નિકાલની વ્યવસ્થા સ્કીમ ઉંચાઈ પર હોવાથી ત્યાં પાણી ભરાતું નથી પણ અવર જવરના માર્ગ પર જ્યારે ઘૂંટણ સમાન પાણી ભરાયા હોય ત્યારે લકઝરી હોમમાં રહેનારાને યાતના ભોગવવી પડે છે.

ગામડાના લોકો શહેર તરફ આવી રહ્યા છે. વિશ્વ બેંકનું તારણ છે કે ૨૦૫૦ના વર્ષ સુધીમાં વિશ્વની ૭૦ ટકા વસ્તી શહેરોમાં રહેતી હશે. લોકો શહેરમાં વસવાટ કરતા થશે એટલે હાઉસીંગ, ટ્રાન્સપોર્ટ, પાણીનો નિકાલ વગેરેની સવલતોની જરૂર પડશે. મોટી સ્કીમોના ડેવલોપર્સે માત્ર મકાનો ઉભા કરી દેવા પર ધ્યાન આપવાના બદલે વિસ્તારના વિકાસના પગલે ઉભી થનારી ઈકો સિસ્ટમ પર પણ ધ્યાન આપવું પડશે. લોકોએ પણ બિલ્ડરોને પાણીના નિકાલ અંગે પ્રશ્નો પૂછવા પડશે. રેસીડેન્સ પ્રોજક્ટ ઉભો કરવા સાથેજ રેન વાટેર હાર્વેસ્ટીંગ, વોટર રિસાયકલીંગ, રીન્યૂએબલ એનર્જી વગેરેનું ખાસ ધ્યાન રાખવું પડશે.

હોર્મુંઝ પર ચાલી રહેલા તણાવ વચ્ચે અચાનક સ્ટ્રેટ ઓફ મલક્કા એટલે કે મલક્કાની ખાડી ચર્ચામાં આવી ગઈ છે. ભારતથી અંદાજે ૩ હજાર કિમી દૂર આવેલો આ એવા દરિયાઈ માર્ગ છે જેના પર સમગ્ર એશિયાનો વેપાર ટકેલો છે. આ હોર્મુંઝની જેમ જ એક મહત્વપૂર્ણ દરિયાઈ ચેક પોઈન્ટ છે, જે પશ્ચિમમાં અંદમાન સાગર અને પૂર્વમાં સાઉથ ચાઈના સીને જોડે છે : હોર્મુંઝ પર જ્યારે પણ તણાવ વધે છે, ત્યારે મલક્કાની ચર્ચા શરૂ થઈ જાય છે

# ઈરાન અને ઓમાન સ્ટ્રેટ ઓફ મલક્કાનું મોડલ અપનાવવા માગે છે

## હિંસા અને યુદ્ધના ભય વચ્ચે સમજૂતીથી આ સ્થિતિનો ઉકેલ લાવવા માટે ઓમાન-ઈરાનની વિચારણા

હોર્મુઝ પર ચાલી રહેલા તણાવ વચ્ચે અચાનક સ્ટ્રેટ ઓફ મલક્કા એટલે કે મલક્કાની ખાડી ચર્ચામાં આવી ગઈ છે. ભારતથી અંદાજે ૩ હજાર કિમી દૂર આવેલો આ એવા દરિયાઈ માર્ગ છે જેના પર સમગ્ર એશિયાનો વેપાર ટકેલો છે. આ હોર્મુઝની જેમ જ એક મહત્વપૂર્ણ દરિયાઈ ચેક પોઈન્ટ છે, જે પશ્ચિમમાં અંદમાન સાગર અને પૂર્વમાં સાઉથ ચાઈના સીને જોડે છે : હોર્મુઝ પર જ્યારે પણ તણાવ વધે છે, ત્યારે મલક્કાની ચર્ચા શરૂ થઈ જાય છે. વાસ્તવમાં, હોર્મુઝને પર્સિયન ખાડીનો ગેટ (પ્રવેશદ્વાર) માનવામાં આવે છે. ખાડીના ઉત્પાદક દેશોમાંથી પહેલાં કાચું તેલ હોર્મુઝ થઈને અરબ સાગરમાં આવે છે અને ત્યાંથી હિંદ મહાસાગર, મલક્કા થઈને સાઉથ ચાઈના સી મારફતે પૂર્વ એશિયામાં પહોંચે છે : ઓમાને પણ હવે ઈરાનને મુકેલા પ્રસ્તાવ હેઠળ, ઈરાન અને ઓમાન હાલની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાઓ પર નિર્ભર રહેવાને બદલે હોર્મુઝમાંથી વ્યાપારી નેવિગેશનનું સંયુક્ત રીતે સંકલન કરશે. ઓમાનના આ પ્રસ્તાવમાં શિપિંગ રૂટને ઈરાની અને ઓમાની પ્રાદેશિક જળસીમા વચ્ચે સરખે ભાગે વહેંચવાનો સમાવેશ થાય છે

અમેરિકા અને ઈરાન વચ્ચે જે તણાવ વધ્યો છે તેનો અંત આવે તેવું લાગતું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ એક તરફ ઈરાન ઉપર સતત હુમલા કરાવે છે અને બીજી તરફ ઈરાનની સાથે હોર્મુઝની ખાડી માટે વાટાઘાટો કરતા હોવાની પણ વાતો ફેલાવે છે. ઈરાન યુદ્ધ ચાલુ હોવાનું જ રટણ કર્યા કરે છે. આ બંને દેશો ક્રૂડના વૈશ્વિક વેપાર ઉપર પોતાનો દબદબો કરવા ઈચ્છે છે અને તેના કારણે સંઘર્ષ અટકતો જ નથી. તેમાંય અમેરિકાના હિત તેનાથી પણ વધારે છે. બીજી તરફ ઈઝરાયેલના પોતાની હિતો છે. આ બધા વચ્ચે દુનિયાના બીજા દેશોની સ્થિતિ કફોડી થયેલી છે. હોર્મુઝની ખાડીમાં સમસ્યા ઉકલી ન હોવાથી ક્રૂડનો વૈશ્વિક વેપાર ખોટકાયેલો છે.

ફરી એક વખત ઈરાન, અમેરિકા અને ઓમાન વાટાઘાટો કરતા હોવાની ચર્ચા ચાલી છે પણ આ ચર્ચા કેટલી સાચી અને ખોટી તે આવનારો સમય જણાવશે. હોર્મુઝની ખાડીનો તો હાલમાં ઉકેલ આવે તેમ જણાતું નથી. બીજી તરફ સાઉદી પાસે આવેલી બાબ અલ મંદેબને પણ હુથી લડવૈયાઓએ તંગ કરી દીધી છે. અહીંયા પણ વૈશ્વિક જહાજો ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે. હવે એવી ચર્ચાએ જોર પકડયું છે કે, ઈરાન અને ઓમાન મલક્કાની ખાડીની જે વ્યવસ્થા છે તેવી રીતે કામ કરવા માગે છે. તેના દ્વારા ફરી એક વખત વૈશ્વિક સ્તરે ક્રૂડનો સપ્લાય રિસેટ થાય તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, હોર્મુઝ પર ચાલી રહેલા તણાવ વચ્ચે અચાનક સ્ટ્રેટ ઓફ મલક્કા એટલે કે મલક્કાની ખાડી ચર્ચામાં આવી ગઈ છે. ભારતથી અંદાજે ૩ હજાર કિમી દૂર આવેલો આ એવા દરિયાઈ માર્ગ છે જેના પર સમગ્ર એશિયાનો વેપાર ટકેલો છે. આ હોર્મુઝની જેમ જ એક મહત્વપૂર્ણ દરિયાઈ ચેક પોઈન્ટ છે, જે પશ્ચિમમાં અંદમાન સાગર અને પૂર્વમાં સાઉથ ચાઈના સીને જોડે છે. હોર્મુઝની જેમ જ અહીંથી પણ વૈશ્વિક તેલ પુરવઠાનો એક મોટો હિસ્સો પસાર થાય છે. આ સિવાય ઈલેક્ટ્રોનિક્સ, મશીનરી, કાચો માલ, ન્શ ય્ અને તૈયાર માલ માટે પણ આ એક અગ્રણી માર્ગ છે. મલક્કા પર ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાની સપ્લાય ચેઈન પૂરી રીતે નિર્ભર છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે છેલ્લા દિવસોમાં સ્ટ્રેટ ઓફ મલક્કા ત્યારે ચર્ચામાં આવ્યું હતું જ્યારે તેના પર ટોલ ટેક્સ લગાવવાની વાત કહેવામાં આવી હતી. આનાથી દુનિયાભરના દેશો ચિંતામાં મુકાઈ ગયા હતા. જોકે, ઈન્ડોનેશિયાના નાણામંત્રીએ આના પર ટોલ લાગવાની શક્યતાને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું હતું કે હાલમાં દેશની સરકારનો આવો કોઈ પ્લાન નથી. તેના પગલે સ્થિતિ કાબુમાં આવી ગઈ હતી.



મલક્કાની ખાડી, હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગર વચ્ચેનો એક સાંકડો દરિયાઈ માર્ગ છે. જો ભારતના દ્રષ્ટિકોણથી જોઈએ તો પહેલા હિંદ મહાસાગર અને ત્યારબાદ અંદમાન સાગર આવે છે. અહીં જ મલક્કા સમુદ્ર ધુની આવેલી છે. આ પછી સિંગાપુરથી સાઉથ ચાઈના સી શરૂ થઈ જાય છે. આગળ જઈને આ જ રસ્તો ચીન, જાપાન, સાઉથ કોરિયા થઈને પ્રશાંત મહાસાગર સુધી પહોંચે છે. આ સમુદ્ર માર્ગ આશરે ૮૦૦ કિલોમીટર લાંબો છે, જે વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગોમાં ગણાય છે. મલક્કાની સમુદ્ર ધુની મુખ્યત્વે ત્રણ દેશોથી ઘેરાયેલી છે. તેમાં પશ્ચિમ અને દક્ષિણમાં ઈન્ડોનેશિયાનો સુમાત્રા ટાપુ આવેલો છે જ્યારે ઉત્તર-પૂર્વમાં મલેશિયા અને દક્ષિણે સિંગાપુર આવેલો છે. તેનો કેટલોક ભાગ થાઈલેન્ડ સાથે પણ જોડાય છે. જોકે, આનું સંચાલન ઈન્ડોનેશિયા, મલેશિયા અને સિંગાપુર દ્વારા કરવામાં આવે છે. આ રસ્તો ખૂબ સાંકડો છે. આવા સાંકડા રસ્તાઓ જ્યાંથી મોટી માત્રામાં જહાજો પસાર થતા હોય તેને ચેક પોઈન્ટ કહેવામાં આવે છે. જો કોઈ કારણસર આ રસ્તો ખોટકાઈ જાય, તો વૈશ્વિક વેપાર પર માઠી અસર પડે છે.

ઉલ્લેખનીય છે કે, મલક્કા એશિયા અને યુરોપ વચ્ચેનો સૌથી ટૂંકો દરિયાઈ માર્ગ છે. ચીન, જાપાન અને દક્ષિણ કોરિયાની ઊર્જા જરૂરિયાતોનો મોટો હિસ્સો અહીંથી જ પસાર થાય છે. ભારત અને દક્ષિણ-પૂર્વ એશિયાના વેપાર માટે પણ આ મુખ્ય માર્ગ છે. વિશ્વના સૌથી મોટા કન્ટેનર જહાજો આ જ રસ્તેથી પસાર થાય છે. એ જ કારણ છે કે હોર્મુઝ પર જ્યારે પણ તણાવ વધે છે, ત્યારે મલક્કાની ચર્ચા શરૂ થઈ જાય છે. વાસ્તવમાં, હોર્મુઝને પર્સિયન ખાડીનો ગેટ (પ્રવેશદ્વાર) માનવામાં આવે છે. ખાડીના ઉત્પાદક દેશોમાંથી પહેલાં કાચું તેલ હોર્મુઝ થઈને અરબ સાગરમાં આવે છે અને ત્યાંથી હિંદ મહાસાગર, મલક્કા થઈને સાઉથ ચાઈના સી મારફતે પૂર્વ એશિયામાં પહોંચે છે.

મહત્ત્વની વાત એ છે કે, ચીનની ઊર્જા સુરક્ષાનો મોટો હિસ્સો આના પર જ નિર્ભર કરે છે. ચીન લાંબા સમયથી ધમલક્કા ડિલેમાધની વાત કરતું રહ્યું છે. એટલે કે, જો અહીં કોઈ સંઘર્ષ કે સંકટની પરિસ્થિતિ ઊભી થાય તો મલક્કા માર્ગ બંધ થઈ જશે. આનાથી ચીનનો તેલ અને ગેસ પુરવઠો ખરાબ રીતે પ્રભાવિત થશે. ચીન પોતે પણ આને પોતાની સૌથી મોટી વ્યૂહાત્મક નબળાઈઓમાંથી એક માને છે. એટલા માટે જ તે 'ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર' (ભ્ઁઈભ), મ્યાનમાર પાઈપલાઈન પ્રોજેક્ટ અને 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ' (મ્ૈંઈ) જેવી યોજનાઓ ચલાવી રહ્યું છે, જેથી મલક્કા પર તેની નિર્ભરતા ઘટી શકે. બીજી તરફ, સિંગાપુરને આ ખાડી માર્ગે માટે અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે. સિંગાપુર મલક્કાની દક્ષિણમાં આવેલું છે. એનું મહત્વ એટલા માટે વધારે છે કારણ કે અહીં વૈશ્વિક કન્ટેનર ટ્રાન્સશિપમેન્ટ હબ છે. ઘણા જહાજો અહીં જ માલ ઉતારે છે અને ફરીથી લોડ કરે છે. જહાજો અહીંથી જ બળતણ (ઈંધણ) ભરે છે. એશિયા અને યુરોપ વચ્ચેના દરિયાઈ માર્ગમાં આ એક અત્યંત મહત્વપૂર્ણ પડાવ છે. આ ઉપરાંત મલક્કા સમુદ્ર ધુની ક્ષેત્ર અંદમાન સાગરથી શરૂ થાય છે. આ અંદમાન અને નિકોબાર ટાપુઓની બિલકુલ નજીક છે. આ જ કારણ છે કે ભારત અહીં સૈન્ય અને નૌકાદળની મજબૂત હાજરી ધરાવે છે. આનાથી દરિયાઈ દેખરેખ રાખવી સરળ બને છે અને હિંદ-પ્રશાંત વ્યૂહરચનામાં ભારતની ભૂમિકા જળવાઈ રહે છે. તેથી, ભારત માટે આ માત્ર એક દરિયાઈ માર્ગ નથી. આ ઉપરાંત દેશ ન્શ ય્ અને તેલની આયાત માટે પણ આ રસ્તાનો ઉપયોગ કરે છે. જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને આસિયાન (છજીઈછશ) દેશો સાથે સંપર્ક માટે મલક્કા જ એકમાત્ર દરિયાઈ માર્ગ છે. જાણકારો માને છે કે, આ સમુદ્રમાર્ગ ઉપર ટોલ ટેક્લ લગાડવાની અવારનવાર વાતો થઈ રહી છે પણ તે શક્ય બનતું નથી. તેની સંભાળ રાખતા દેશો હજી આ દિશામાં વિચારતા નથી પણ જો ખરેખર હોર્મુઝ જેવી સ્થિતિ અહીંયા ઊભી થાય કે ટોલ લાગુ કરવામાં આવે તો વૈશ્વિક વેપારને માઠી અસર થઈ શકે તેમ છે. જાણકારોના મતે અહીંથી પસાર થતા જહાજો પર વધારાની ટ્રાન્ઝિટ ફી લાગશે, જેનાથી દરિયાઈ મુસાફરી મોંઘી થશે.

ઉપરાંત શિપિંગ કંપનીઓની પડતર કિંમત વધશે અને વીમા પ્રીમિયમ મોંઘા થઈ જશે. તેને પગલે તેલ, ગેસ અને કાચા માલની કિંમતો પણ વધી શકે છે. આ રસ્તેથી અબજો ડોલરનો વેપાર થાય છે, તેથી મામૂલી ફી પણ સમગ્ર વૈશ્વિક સપ્લાય ચેઈન પર મોટી અસર પાડી શકે છે.

ઓમાને 'સ્ટ્રેટ ઓફ મલક્કા'ની જેમ જ એક સંયુક્ત પ્રાદેશિક સંચાલન પ્રણાલીનો પ્રસ્તાવ મૂક્યો છે, જ્યાં ઈન્ડોનેશિયા, મલેશિયા અને સિંગાપોર પોતાના પ્રાદેશિક જળસીમા પર સાર્વભૌમત્વ જાળવી રાખીને નેવિગેશન સુરક્ષા અને દરિયાઈ સંકલન પર સહયોગ કરે છે. ઓમાને પણ હવે ઈરાનને આવી રીતે જ કામ કરવાનો પ્રસ્તાવ મુક્યો છે. મસ્કતના આ પ્રસ્તાવ હેઠળ, ઈરાન અને ઓમાન હાલની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાઓ પર નિર્ભર રહેવાને બદલે હોર્મુઝમાંથી વ્યાપારી નેવિગેશનનું સંયુક્ત રીતે સંકલન કરશે. ઓમાનના આ પ્રસ્તાવમાં શિપિંગ રૂટને ઈરાની અને ઓમાની પ્રાદેશિક જળસીમા વચ્ચે સરખે ભાગે વહેંચવાનો સમાવેશ થાય છે. જેમાં પર્સિયન ખાડીમાં પ્રવેશતા જહાજો કોરિડોરની એક બાજુનો અને બહાર નીકળતા જહાજો બીજી બાજુનો ઉપયોગ કરશે. આ પ્રસ્તાવમાં નેવિગેશનલ સુરક્ષા પર વ્યાપક સહયોગની પણ કલ્પના કરવામાં આવી છે, જેને મલક્કા સામુદ્રધૂનીમાં વપરાતી પદ્ધતિઓની જેમ શિપિંગ કંપનીઓ દ્વારા આપવામાં આવતા સ્વૈચ્છિક યોગદાનથી પણ મદદ મળી શકે છે. ઈરાનના ડેપ્યુટી ફોરેન મિનિસ્ટર કાઝેમ ગરીબાબાદીના જણાવ્યા અનુસાર, તેહરાને સૂચવેલા ૫૦-૫૦ વિભાજનને નકારી કાઢ્યું હતું અને તેના બદલે એક એવું માળખું સૂચવ્યું હતું જે ઈરાનને સામુદ્રધૂનીની તેની બાજુએ શિપિંગની દેખરેખ રાખવાની મંજૂરી આપે, જ્યારે ઓમાન માત્ર સામેની લેનના એક ભાગની જ સુપરવિઝન કરી શકશે.

ઓમાનનું માનવું છે કે હોર્મુઝ માટે પણ મલક્કાનું જ મોડલ અપનાવી શકાય છે, જે બંને દરિયાકાંઠાના દેશોને પોતપોતાના ક્ષેત્રાધિકારને જાળવી રાખીને વ્યાપારી શિપિંગને સુવિધાજનક બનાવવાની મંજૂરી આપશે.

આવા માળખાની સફળતાપૂર્વક નકલ કરી શકાય કે કેમ તે અનિશ્ચિત છે. મલક્કા સામુદ્રધૂનીથી વિપરીત, હોર્મુઝ એ ઈરાન, યુનાઈટેડ સ્ટેટ્સ અને ખાડીના કેટલાક દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષના કેન્દ્રમાં છે. કોઈપણ રસ્તો આવે પણ અહીંયા આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓ અને ઉર્જા બજારોને આશ્વાસન આપવું પડશે કે નેવિગેશન સુરક્ષિત, અનુમાનિત અને રાજકીય વિક્ષેપથી મુક્ત રહેશે.

# કર્તવ્યની ઉડાન અને સત્વની શાંતિ જ્યાં ફરજ પુરી થાય છે ત્યાં જ આત્માને મુક્તિ મળે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

જીવન એક યાત્રા છે. આ યાત્રામાં આપણે ઘણી વસ્તુઓ ભેગી કરીએ છીએ. નામ, પદ, પૈસો, પ્રતિષ્ઠા. પણ રાતે સૂતી વખતે હૃદયને શાંતિ મળે છે કે નહીં,એ જ સાચો સવાલ છે. શાસ્ત્રો કહે છે કે શાંતિ બહારની વસ્તુઓથી નહીં,અંદરના કર્તવ્ય પાલનથી મળે છે.

જ્યારે મનુષ્ય પોતાની ફરજને ઈશ્વરની પૂજા માનીને કરે છે, ત્યારે તેનું શરીર સ્વસ્થ રહે છે,મન નિર્મળ બને છે અને સંબંધોમાં સંઘર્ષ ઓછો થાય છે. આજે આપણે ત્રણ સૂત્રો દ્વારા આ જ સત્યને સમજીશું પહેલું: કર્તવ્ય એ જ ધર્મ છે. બીજું: સત્ત્વગુણી જીવન એ જ સાચું સ્વાસ્થ્ય છે. ત્રીજું: દુનિયાનો ઝઘડો આપણી સાથે નહીં,આપણાહાથના 'ઉંદર'સાથે છે.આ ત્રણ વાત સમજી લઈએ તો જીવનની ઉડાન હળવી અને આનંદમય બની જાય.

કર્તવ્યપાલન: આત્માની સદગતિનો માર્ગ આપણા ઋષિઓએ કહ્યું છે કે મનુષ્ય એકલો નથી જીવતો. તેના અનેક ઋણ છે. પોતાના આત્મા પ્રતિ ઋણ કે તેને ઊંચો ઉઠાવવો. મન પ્રતિ ઋણ કે તેને શાંત રાખવું. શરીર પ્રતિ ઋણ કે તેની સંભાળ લેવી. કુટુંબ પ્રતિ ઋણ, સમાજ પ્રતિ ઋણ, દેશ પ્રતિ ઋણ અને સૌથી ઉપર ઈશ્વર અને સમસ્ત સંસાર પ્રતિ ઋણ.

આ બધા ઋણ ચૂકવવાનું નામ જ કર્તવ્ય છે. જ્યાં સુધી આપણે આ ઋણ ન ચૂકવીએ ત્યાં સુધી અંદરથી એક ખાલીપો રહે છે.એટલે જ ઘણા લોકો બધું હોવા છતાં અશાંત રહે છે. કારણ કે તેમણે પદ તો મેળવ્યું, પણ ફરજ ભૂલી ગયા.

જે માણસ શક્તિને ધારણ કરે છે તેનામાં ધર્મભાવના જાગે છે. શક્તિ એટલે માત્ર બાહુબળ નહીં. વિચારની શક્તિ, સંયમની શક્તિ, સેવાની શક્તિ. આ શક્તિથી તેના વિચાર ધાર્મિક બને છે, તેનું આયોજન લોકહિતનું બને છે. પછી સમાજ તેને સાચો મનુષ્ય કહે છે, દેશભક્ત કહે છે, લોકસેવક કહે છે, સભ્ય નાગરિક કહે છે અને ઈશ્વરભક્ત કહે છે.

જો આપણે કર્તવ્ય ચૂકીએ તો પ્રકૃતિ આપણને સજાના રૂપમાં દુઃખ આપે છે. એ દુઃખ બંધન બની જાય છે. પણ જો કર્તવ્ય નિભાવીએ તો એ જ દુઃખ તપ બની જાય છે અને આત્મા નિર્મળ થાય છે.

સ્વસ્થ શરીર:સત્ત્વગુણનું પ્રતિબિંબ ઉત્તમ સ્વાસ્થ્ય એ મનુષ્યનો જન્મ જાત અધિકાર છે.પ્રકૃતિમાતા કોઈ ની સાથે ભેદભાવ કરતી નથી. તે બધાને સ્વસ્થ શરીર આપીને જ મોકલે છે. તો પછી આપણે બીમાર કેમ પડીએ છીએ? કારણ આપણી આહાર-વિહારની ટેવ છે. આપણે સમય વિના ખાઈએ છીએ, ખોટું ખાઈએ છીએ, શરીરને આરામ નથી આપતા, મનને ક્રોધ અને ચિંતાથી ભરીએ છીએ. એક રોગ મટે ત્યાં બીજો આવી જાય. એક દવા બંધ કરીએ ત્યાં બીજી શરૂ કરવી પડે. આ ચક્ર ત્યાં સુધી ચાલે જ્યાં સુધી આપણા જીવનમાં પ્રાકૃતિકતા ન આવે. અહીં શક્તિનો બીજો અર્થ કામ આવે છે.શક્તિ એટલે સંયમ. જ્યારે આપણે સંયમથી જીવીએ છીએ ત્યારે સત્ત્વગુણ વધે છે. સત્ત્વ ગુણ એટલે સ્વચ્છતા,સરળતા, શાંતિ.સત્ત્વગુણ વધે એટલે જીવન ક્રમ સુવ્યસ્થિત બને. વહેલા ઊઠવું, સમયસર ખાવું, સેવા કરવી,પ્રાર્થના કરવી. આ નાની નાની વાતોથી શરીર દરરોજ સુધરતું જાય છે.

માતા પ્રકૃતિનો હાથ શ્રદ્ધાથી પકડનાર ક્યારેય નિરાશ થતો નથી. કારણ કે તે જાણે છે કે શરીર સાધન છે. સાધનને સ્વસ્થ રાખીશું તો જ કર્તવ્ય કરી શકીશું. બીમાર શરીરથી સેવા ન થાય, અને નિરોગી શરીરથી સ્વાર્થ કરીએ તો એ પણ પાપ છે. તેથી સ્વાસ્થ્ય અને કર્તવ્ય એકબીજા સાથે જોડાયેલા છે.

ગરુડ અને ઉંદરની કથા: ઈર્ષ્યાનું સાચું કારણ હવે એક નાની કથા દ્વારા જીવનનું સૌથી મોટું સત્ય સમજીએ. એક સમયે એક ગરુડ આકાશમાં ખુશીથી ઉડી રહ્યું હતું. તેની ચાંચમાં એક જાડો ઉંદર હતો. તેને પોતાનો શિકાર મળી ગયો હોવાનો આનંદ હતો. પણ થોડીવારમાં જ આકાશમાં હોબાળો મચી ગયો. લગભગ પચીસથી ત્રીસ બીજા ગરુડ આવીને તેના પર તૂટી પડ્યા. તેઓ તેને ચાંચ મારવા લાગ્યા, લોહીલુહાણ કરવા લાગ્યા. પહેલું ગરુડ સમજી ગયું કે બધા તેના દુશ્મન બની ગયા છે.

આ જીવન-મરણના ઝઘડામાં ઉંદર તેની ચાંચમાંથી સરકીને નીચે પડી ગયો. અને તરત જ એક ચમત્કાર થયો. જે ગરુડ તેને મારવા આવ્યા હતા તે બધા એકદમ અટકી ગયા. હવે કોઈને પહેલા ગરુડમાં રસ ન રહ્યો. બધા નીચે પડેલા ઉંદર તરફ દોડી ગયા.

પહેલું ગરુડ હવે એકલું હતું. ઘા હતા, પણ મન શાંત હતું. તેણે ઊંડો શ્વાસ લીધો અને વિચાર્યું: 'અરે! આમાંથી કોઈ મારો દુશ્મન નહોતો. તેમને મારી સાથે વેર નહોતું. ઝઘડો તો મારા મોંમાં રહેલા ઉંદર માટે હતો.'

આપણા જીવનમાં 'ઉંદર' શું છે? આ કથા આપણા સમાજનું બરાબર ચિત્ર છે. જ્યારે આપણે જીવનમાં આગળ વધીએ છીએ, સારી નોકરી મળે છે, ધંધામાં નફો થાય છે, સમાજમાં માન મળે છે, ત્યારે અચાનક આપણી આસપાસ ના લોકો બદલાઈ જાય છે.ટીકા વધી જાય છે,ઈર્ષ્યા વધી જાય છે. આપણને લાગે છેકે આખી દુનિયા આપણી વિરુદ્ધ છે.પણ સત્ય એ છે કે લોકો તમને નથી ધિક્કારતા. તેઓ તમારી પાસે રહેલા 'સફળતા ના ઉંદર'થી ઈર્ષ્યા કરે છે. એ ઉંદર એટલે પદ,પ્રતિષ્ઠા, પૈસો, તક.આ દુનિયામાં તકો મર્યાદિત છે. અને તેને પકડવા માંગતા 'ગરુડ'ની સંખ્યા ઘણી મોટી છે.એટલે સંઘર્ષ ક્યારેય વ્યક્તિગત હોતો જ નથી. તે હંમેશા એ 'ઉંદર'ને મેળવવા માટેનો હોય છે. આજે જો તમારા દુશ્મન વધુ છે તો એવું માનવાની ભૂલ ન કરો કે તમે ખૂબ મહાન છો એટલે લોકો બાળે છે. સાદી વાત એ છે કે તમારા હાથમાં કંઈક એવું છે જે બીજા પણ માંગે છે.શાંત ઉડાનનો ઉપાય તો હવે શું કરવું? ઈર્ષ્યાથી દુઃખી થવું કે ગુસ્સે થવું?

ગરુડે જે કર્યું એ જ કરો. ઉંદર ગયા પછી તે શાંતિથી ઉડવા લાગ્યો. તેણે વેર ન લીધું, ફરિયાદ ન કરી. તેણે ફક્ત પોતાની ઉડાનનો આનંદ માણ્યો.

આપણે પણ એમ જ કરવાનું છે. કર્તવ્યને વળગી રહો.સફળતા આવે તો નમ્ર રહો. સફળતા જાય તો પણ કર્તવ્ય ન છોડો. કારણ કે કર્તવ્ય જ તમારી સાચી ઓળખ છે.સત્ત્વગુણી બનો.આહાર,વિચાર અને આચરણ શુદ્ધ રાખો. જ્યારે મન શાંત હશે ત્યારે બીજાની ઈર્ષ્યા તમને સ્પર્શી નહીં શકે. સમજો કે વિરોધ કાયમી નથી. જે લોકો આજે વિરોધ કરે છે તે કાલે મિત્ર બની શકે.કારણ કે તેમને તમારી સાથે નહીં,તમારી પરિસ્થિતિ સાથે પ્રશ્ન છે.જે દિવસે આપણે 'ઉંદર'ને છોડીને ઉડવાનું શીખી જઈશું,તે દિવસે જીવન હળવું થઈ જશે. આપણે લોકોને સમજાવવામાં શક્તિ બગાડવાને બદલે પોતાની શક્તિને સેવામાં લગાવીશું.

# ભૂતળ ભક્તિ પદારથ મોટો! એ રચનામાં નરસિંહ ભક્તિને પદારથ કેમ કહે છે??



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગુરુ પૂર્ણિમા જતાં હવે તો શ્રાવણ આવશે, એવી વાતો સૌ કરવાં લાગે. દરેક વાર, તિથિ, અને મહિનો અંતે તો ઈશ્વર અનુસંધાન માટે જ છે ! પરંતુ શ્રાવણ મહિનો દરેકનો પ્રિય છે, કારણ કે શ્રાવણમાં ભગવાન ભોળેનાથ શંકરની ભક્તિનો ખૂબ મહિમા છે! આપણે ચાતુર્માસનાં ચિંતનમાં જોયું હતું, કે આ સમય દરમિયાન ભગવાન વિષ્ણુ આરામ કરે છે, અને એટલે પંચ દેવનાં બાકીનાં ચાર તત્વોએ સૃષ્ટિનું સંચાલન કરવું, અને શ્રાવણમાં શંકરને સંચાલન સોંપાયું છે! માનવી ભગવાનનો ભોળો સ્વભાવ જાણે છે, અને એટલે જ વ્રત, ઉપવાસ અને ભજન, કીર્તન કરી, ભગવાનને રિઝવવા પ્રયત્ન કરે છે. આમ તો ઈશ્વરનું કોઈપણ સ્વરૂપ હોય, એનાં રુપ સ્વરૂપ સાથે સંસારીની માનસિકતા સાથે, ભાવનું આદાન પ્રદાન કરવું, એને ભક્તિ કહેવામાં આવે છે. ભક્તિ એ માત્રને માત્ર ભાવનાનો પ્રદેશ છે! પણ ઘણીવાર એવું થતું હોય છે, કે જે સંન્યાસી નથી પામી શકતાં એ ફળ ભક્તિથી પ્રાપ્ય બને છે, અને એ પણ રસ, રાગ, છોડ્યા વગર! નરસિંહ મહેતા આગળ પણ ભક્તની ઉપલબ્ધિ લાગે છે, અને એનું ભગવાન સાથે કેટલું તાદાત્મ્ય હતું, એ આપણે સૌ જાણીએ છીએ! તો ભક્તિનો અપરંપાર મહિમા ગાતા નરસિંહનાં ભૂતળ ભક્તિ પદારથ મોટો, એ પ્રસિદ્ધ પદનું શ્રાવણ પહેલાં ચિંતન કરી, શ્રાવણમાં ભાવભરી ભક્તિ કરીને શંકરને રિઝવીશું. *નરસિંહ મહેતા* ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે; પુણ્ય કરી અમરાપુરી પામ્યાં, અંતે ચોરાસી માહી રે.(૧) નરસિંહ અહીં ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ કે પદાર્થની અવગણના નથી કરતાં, પણ કહે છે કે ભક્તિએ ભૂતળનો આભૂષણ જેવો એકદમ કિંમતી પદાર્થ છે, એ બીજે ક્યાંય નથી! જો પુણ્ય કરીને સ્વર્ગ પ્રાપ્ત થયું, તો પુણ્ય સમાપ્ત થતાં વળી પાછાં લાખ ચોરાશીનાં ફેરા ફરવાં પડે છે! હરિનાં જન તો મુક્તિ ન માંગે, માંગે જન્મોજનમ અવતાર રે; નિત્ય સેવા નિત્ય કીર્તન ઓચ્છવ, નિરખવા નંદ કુમાર રે. (૨)અને એટલે જ ભક્તો મુક્તિ નથી માંગતા, અને જન્મો જનમ મનુષ્ય જન્મ જ માંગે છે, કારણ કે એને ભગવાનની સેવા પૂજાને કિર્તનોમાં ખૂબ આનંદ આવે છે! અને સાથોસાથ નંદ કુમારનું મરક મરક હસતું મોઢું નિરખવા મળે છે, એ જીવનને ધન્ય બનાવી દે છે. ભરત ખંડ ભુતળમાં જન્મી, જેણે ગોવિંદનાં ગુણ ગાયા રે; ધન્ય ધન્ય એનાં માતપિતાને સફળ કરી એણે કાયા રે. (૩) કવિ અહીં ભક્તિને ભૂતળમાં પણ ભરત ખંડ એટલે કે ભારતની અનામત કહે છે! એટલે અહીં જન્મ લેનાર ગોવિંદનાં ગુણ કદાચ અન્ય દેશ કરતાં સહજ હશે એવું!' અને આ બધું એટલે શક્ય બન્યું, કારણ કે એનાં માતાપિતાએ એનામાં ભક્તિનાં સંસ્કાર રેડ્યાં છે! અને એથી એણે પોતાનો દેહ સફળ કર્યો. ધન્ય વૃંદાવન ધન્ય એ લીલા, ધન્ય એ વ્રજની નાર રે; અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઉભી, મુક્તિ થઈ રહી દાસી રે. (૪) ભારતમાં પણ વૃંદાવન ધન્ય છે! અને સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ જન્મની લીલા ધન્ય છે, અને એથી વધુ ધન્ય તો વ્રજની નારી એટલે કે ગોપીઓ ધન્ય છે, જેણે આ લીલાને નજરે જોઈ છે. ગોપીઓની ભક્તિ પ્રેમ લક્ષણા હતી, અને ઘર સંસારથી પણ વધુ એમણે ક્રિષ્નને પ્રેમ કર્યો. એમણે ધાર્યું હોત તો અષ્ટ મહાસિદ્ધિ એના આંગણે રમતી હોત, અને મુક્તિ એની દાસી થઈને આગળ પાછળ ફરત, પણ એમણે મુક્તિ નહીં ભક્તિને મહત્વ આપ્યું. એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુકદેવ જોગી રે; કંઈક જાણે વ્રજની વનિતા,ભણે નરસૈંયો ભોગી રે. (૫) નરસિંહ કહે છે કે ભક્તિનાં આ રસનો સ્વાદ શંકર અને શુકદેવજી જેવા મોટા ગજાનાં જોગીઓ જાણે છે! અને થોડાં ઘણાં પ્રમાણમાં ગોકુળ અને વ્રજની વનિતા એટલે કે ગોપીઓ પણ જાણે છે! અને નરસિંહ ભોગી હોવા છતાં આવી ભક્તિનો મહિમા ગાય છે.

મૃત્યુલોકનાં માનવી માટે ઈશ્વરે ભક્તિનો સંદર્ભ અનામત રાખ્યો છે, અને આ વિકલ્પ દેવતાઓને પણ નથી મળતો, એ સમજાવતાં નરસિંહે આ રચનામાં ભક્તિનો અપરંપાર મહિમા ગાયો છે! અને નરસિંહની રચના છે, એટલે એ કેવળ શબ્દો નથી, એટલું તો સૌકોઈ સ્વીકારશે! આમ તો સાવ સીધાસાદા શબ્દોમાં બહુ મોટી વાત કહી દેવી એ નરસિંહની એક ખાસિયત છે! આખી રચનામાં એકમાત્ર પદારથ શબ્દનો પ્રયોગ કરીને એણે બહુ મોટી વાત કહી દીધી છે, અથવા તો આ રચનાનો જો કોઈ મૂળ શબ્દ હોય તો એ પદારથ છે! બાકીનાં શબ્દોનાં વિશ્લેષણની પછી જરૂર જ નથી રહેતી! આપણે સૌ ભૌતિક વિજ્ઞાન ભણ્યા ત્યારે પદાર્થ એટલે કે વસ્તુ, જેમાં ઘન, પ્રવાહી, અને વાયુ વિશે ભણ્યાં હતાં કે જેનું કોઈ ઠોસ અસ્તિત્વ હોય એને પદાર્થ કહેવાય! જ્યારે અહીં તો ભક્તિ કે જ્યાં કેવળ અને કેવળ ભાવના જ મહત્વની છે! ત્યાં પદાર્થ? કયો સંદર્ભ લીધો? સદગુરુ કૃપા કહે છે કે પદારથ એટલે જેને આપણે સ્પર્શી શકીએ, જોઈ શકીએ, એ તો છે જ પણ, જેની આપણે પ્રતિતિ કરી શકીએ એવો કોઈ ઠોસ આધાર! એટલે કે ભક્તિ એવું માધ્યમ છે, કે જેનાં થકી ભક્ત ભગવાનની પૂર્ણ પ્રતીતી અર્થાત્ પ્રત્યક્ષ મળ્યાં જેવી લાગણી અનુભવી શકે! નરસિંહ મહેતા ભક્તિને 'પદાર્થ' એટલા માટે કહે છે કે ભક્તિ માત્ર પરંપરાગત માન્યતા નથી, પરંતુ એવી જીવંત અનુભૂતિ છે, જેમાં ભગવાન ભક્ત માટે પ્રત્યક્ષ સત્તા બની સતત હાજરી પૂરાવી જાય છે. ભક્તિ દ્વારા ભગવાનની પ્રતીતિ થાય છે; તેથી ભક્તિ અનૂભૂતિનો પ્રદેશ અર્થાત્ પદાર્થ છે, માત્ર વિચારવાનો વિષય નથી. ટૂંકમાં અહીં પદાર્થ એટલે અનુભવસિદ્ધ સત્ય, એવું ભક્તિનાં સંદર્ભમાં નરસિંહ એ આલેખ્યું હોય શકે! હવે નરસિંહનાં જીવન પરથી પદાર્થનો ભૌતિક અર્થ જોઈએ તો ત્યાં કોઈ ધન નથી, કોઈ સંપત્તિ નથી, અને ઘણીવાર તો મુઠી જુવારનાં પણ વાંધા હતાં! અને છતાં નથી એની માટેનો કોઈ પ્રયત્ન, કે નથી એની માટેનો મોહ! નરસિંહ માટે સતત હરિ સંકિર્તન સૌથી ઉપર રહેતું હતું! અને બાકી બધું એટલે કે દુનિયાદારી જ્યાં ગૌણ હોય ત્યાં ખરેખર ઈશ્વર હાજરી પૂરાવવા આવે! એ પણ કુંવરબાઈનું મામેરું અને એનાં પિતાનાં શ્રાદ્ધનાં પ્રસંગો પરથી જોઈ શકાય છે! અને ખરેખર અષ્ટ મહાસિદ્ધિ એને આંગણિયે રમતી હતી! પણ એને મન એનો કોઈ મોલ નહોતો! નરસિંહને એટલે જ ભક્ત શિરોમણી કહેવામાં આવે છે! એણે જીવન પર્યંત ભક્તિને નિભાવીને ભગવાનું સાનિધ્ય પ્રાપ્ત કર્યું! તો આ શ્રાવણમાં આપણે સૌ પણ ભક્તિ નામનાં પદાર્થની ગરિમા સમજી, અને ભાવનાનાં પ્રદેશમાં બીજો કોઈ સ્વાર્થનો ભાવ પ્રવેશે નહીં, એનું ધ્યાન રાખીને શંકરને ભજી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

### અમદાવાદ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને મહિલા નેતૃત્વ દિવસની ભવ્ય ઉજવણી

# 'મહિલા નેતૃત્વ દિવસ' નિમિત્તે સરપંચો, નર્સ, આશા વર્કર અને બાલિકા પંચાયતની ટીમોનું વિશિષ્ટ સન્માન

### બાળકના સર્વાંગી વિકાસ અને માતાના સ્વાસ્થ્ય માટે પ્રથમ છ મહિના સ્તનપાન અત્યંત જરૂરી; જિલ્લા વિકાસ અધિકારીશ્રીનો મહત્વપૂર્ણ સંદેશ





**અમદાવાદ, તા.05**

નારી શક્તિના સશક્તિકરણ અને તેમના અદ્ભુત નેતૃત્વની સરાહના કરવાના ઉદ્દેશથી રાજ્યવ્યાપી હાથ ધરાયેલા 'નારી વંદન સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જિલ્લા પંચાયત, અમદાવાદ ખાતે જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના અધ્યક્ષ સ્થાને 'મહિલા નેતૃત્વ દિવસ'ની ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.

સમારોહને સંબોધતા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પોતાના પ્રેરણાદાયી ઉદ્બોધનમાં મહિલાઓના નેતૃત્વ, શિક્ષણ, આત્મનિર્ભરતા અને સર્વાંગી સમાજ વિકાસમાં તેમના સિંહફાળાઓની વિશેષ સરાહના કરી હતી. આ સાથે જ 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ના પાવન અવસરને સાંકળીને તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવજાત બાળકના જન્મથી લઈને પ્રથમ છ મહિના સુધી માત્ર ને માત્ર માતાનું દૂધ જ બાળક માટે સંપૂર્ણ, પૌષ્ટિક અને શ્રેષ્ઠ આહાર છે. આ અમૃતતુલ્ય દૂધ બાળકના શારીરિક અને માનસિક વિકાસ માટે અત્યંત અનિવાર્ય હોવાની સાથે માતાના પોતાના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ લાભદાયી રહે છે.

અમદાવાદ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ગરિમાપૂર્ણ ગૌરવમય ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં સમાજ માટે પ્રેરણારૂપ કામગીરી કરનાર મહિલા શક્તિને પ્રોત્સાહિત કરવા માટે મહાનુભાવોના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરીને સન્માનિત કરવામાં આવી હતી.

આ વિશેષ પ્રસંગે સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ નેતૃત્વ દાખવી નોંધપાત્ર પ્રદાન આપનાર નારી રત્નોનું વિશિષ્ટ સન્માન કરવાનો ભાવસભર સમારોહ યોજાયો હતો.

આ સન્માન સમારોહમાં આરોગ્ય વિભાગની સ્ટાફ નર્સ તથા આશા વર્કર બહેનો, આઈ.સી.ડી.એસ. વિભાગ હેઠળના સી.ડી.પી.ઓ., મુખ્ય સેવિકાઓ, આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનો, દસ્ક્રોઈ તાલુકાના પરઢોલ અને ગતરાડ ગામની ઉત્સાહી બાલિકા પંચાયત ટીમ, મહિલા સરપંચો, મહિલા પોલીસ કર્મચારીઓ, સખી મંડળની આત્મનિર્ભર બહેનો તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીના મહિલા કર્મચારીઓને તેમની ઉત્કૃષ્ટ સેવાઓ બદલ પ્રોત્સાહિત કરાયા હતા.

આ ઉપરાંત બાલિકા પંચાયતની બાળાઓના શૈક્ષણિક પ્રોત્સાહન અર્થે તેમને વિશેષ શૈક્ષણિક કિટ પણ એનાયત કરવામાં આવી હતી.

આ ગૌરવવંત ઉજવણીમાં અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આઈ.સી.ડી.એસ. ગ્રામ્યના પ્રોગ્રામ ઓફિસરશ્રી, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી (શહેર અને ગ્રામ્ય) સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, સન્માનિત મહિલા અગ્રણીઓ અને મોટી સંખ્યામાં બહેનોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### સામાખ્યાલી-ભચાઉ ચૌહરીકરણ પ્રોજેક્ટ અંતર્ગત નવનિર્મિત

# ત્રીજી અને ચોથી રેલવે લાઇનનું સીઆરએસ સંરક્ષા નિરીક્ષણ પ્રારંભ

- **પ્રથમ દિવસે સામાખ્યાલી થી ભચાઉ સુધીની નવી ડાઉન મેઇન-2 લાઇનનું વિગતવાર નિરીક્ષણ, સમપાર ફાટક, પુલ તેમજ સંરક્ષા વ્યવસ્થાઓનું સઘન પરીક્ષણ કરવામાં આવ્યું**

**અમદાવાદ, તા.05**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં સામાખ્યાલી-ભચાઉ ચોહરીકરણ પ્રોજેક્ટ અંતર્ગત નવી નિર્મિત ત્રીજી અને ચોથી રેલવે લાઈન પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવામાં આવે તે પહેલાં રેલ સુરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા આજે વિસ્તૃત સુરક્ષા નિરીક્ષણના પ્રથમ તબક્કાની શરૂઆત સામાખ્યાલી રેલવે સ્ટેશનથી કરવામાં આવી.આ પ્રસંગે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ તેમજ મુખ્ય પ્રશાસનીક અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા સહિત નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.



નિરીક્ષણના પ્રથમ દિવસે રેલ સંરક્ષા આયુક્તે પ્રસ્તાવિત ડાઉન મેઈન-2 લાઈન પર સામાખ્યાલીથી ભચાઉ વચ્ચેના લગભગ 16.40 કિલોમીટર લાંબા રેલખંડનું મોટર ટ્રોલી દ્વારા વિસ્તૃત સંરક્ષા નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ દરમિયાન નવી રેલ લાઈનની ગુણવત્તા, ટ્રેક જ્યોમેટ્રી, રેલ વેલ્ડિંગ, લેવલ ક્રોસિંગ, સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, ઓવરહેડ ઈલેક્ટ્રિક સાધનો (OHE), રેલ સંરક્ષાના ધોરણો તેમજ સંચાલન સંબંધિત વ્યવસ્થાઓનું સૂક્ષ્મ પરીક્ષણ કરવામાં આવ્યું.

નિરીક્ષણ દરમિયાન રેલ સંરક્ષા આયુક્તે સામાખ્યાલી રેલવે સ્ટેશનના યાર્ડ, સંચાલન વ્યવસ્થા, સિગ્નલિંગ પ્રણાલી, ઈન્ટરલોકિંગ, પોઈન્ટ મશીનો તેમજ સ્ટેશન પર ઉપલબ્ધ વિવિધ સંરક્ષા ઉપકરણોનું સઘન નિરીક્ષણ કર્યું. ત્યારબાદ કર્વ સંખ્યા 63B1, સમપાર ફાટક (લેવલ ક્રોસિંગ) સંખ્યા 202C, 203C, 205 અને 206 તેમજ બ્રિજ સંખ્યા 254, 261 અને 261Aનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવ્યું. આ ઉપરાંત વોંધ રેલવે સ્ટેશનનું પણ વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું, જ્યાં સ્ટેશનની સંચાલન ક્ષમતા, યાર્ડનું લેઆઉટ, સિગ્નલિંગ વ્યવસ્થા, યાત્રી સુવિધાઓ તેમજ સંરક્ષા સંબંધિત વ્યવસ્થાઓનું અવલોકન કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

સમપાર ફાટક પર મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે સ્થાનિક નાગરિકો સાથે સંવાદ પણ કર્યો. સ્થાનિક નાગરિકોએ સમપાર ફાટક બંધ રહેવાના કારણે થતી અસુવિધા, લાંબા સમય સુધી રાહ જોવી પડતી હોવાની તેમજ વૈકલ્પિક માર્ગ દ્વારા અવરજવર કરવાની સમસ્યાઓ અંગે તેમને અવગત કર્યા.આ અંગે મંડળ રેલ પ્રબંધકે સંબંધિત અધિકારીઓને જનહિતને ધ્યાનમાં રાખીને સમસ્યાના ત્વરિત અને વ્યવહારુ ઉકેલ માટે જરૂરી કાર્યવાહી કરવાની સૂચનાઓ આપી.

નિરીક્ષણના આગામી તબક્કામાં આવતીકાલે, તારીખ 06 ઓગસ્ટ, 2026ના રોજ ઈલેક્ટ્રિક લોકોમોટિવ સાથે 120 કિમી પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે.

# દેવગઢ બારિયા વોર્ડ નં. 2માં ભૂગર્ભ ગટર કામગીરી બાદ રસ્તો બિસ્માર, સ્થાનિકોમાં રોષ

**દેવગઢ બારિયા , તા.05**

દેવગઢબારિયા નગરપાલિકાના વોર્ડ નંબર-2માં મુખ્ય માર્ગથી પીંજારા ફળિયા સુધી ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ થયા બાદ રસ્તાની હાલત અત્યંત બિસ્માર બની ગઈ છે. ગટર લાઈન નાખવા માટે ખોદવામાં આવેલા રસ્તાનું યોગ્ય રીતે પુનઃસ્થાપન ન થતાં અનેક સ્થળોએ મોટા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તા પર માત્ર ઉપરછલ્લું મટીરિયલ નાખવામાં આવ્યું હતું. થોડા જ સમયમાં રસ્તો ફરી ધસી જતાં મોટા ખાડાઓ સર્જાયા છે. પરિણામે શાળાએ જતા વિદ્યાર્થીઓ, બાઈકચાલકો, વૃદ્ધો તેમજ રાહદારીઓ માટે અકસ્માતનો ભય વધ્યો છે.



સ્થાનિક નાગરિકોએ નગરપાલિકાની કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે દર વર્ષે આવી જ સ્થિતિ સર્જાય છે અને કાયમી ઉકેલના બદલે કામચલાઉ સમારકામ કરવામાં આવે છે. જેના કારણે જાહેર નાણાંનો વ્યય થવાની સાથે લોકોને સતત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

રહિશોએ નગરપાલિકાને સમગ્ર રસ્તાનું ગુણવત્તાયુક્ત અને કાયમી પુનઃનિર્માણ કરવાની માંગ કરી છે. તેઓનું કહેવું છે કે માત્ર ખાડાઓમાં મટીરિયલ નાખીને ઔપચારિકતા પૂર્ણ કરવાને બદલે લાંબા ગાળાનો ઉકેલ લાવવામાં આવે જેથી ભવિષ્યમાં આવી સમસ્યા ફરી ઊભી ન થાય.

હાલ સ્થાનિકોમાં એક જ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે નગરપાલિકા આ ગંભીર સમસ્યાનું વહેલી તકે નિરાકરણ લાવશે કે પછી લોકો બિસ્માર રસ્તા પર જ અવરજવર કરવા મજબૂર રહેશે.

# સસ્તું સોનુ મેળવવા જતાં અંબિકા જ્વેલર્સના માલિકે 1.09 કરોડ ખોયા

### અમદાવાદમાં સરખેજથી સાંણદ સુધીનો ખેલ પાડી આરોપી ઓડીમાં ભાગી છૂટ્યો

**સુરત, તા.05**

ટેક્સટાઈલ અને ડાયમંડ હબ તરીકે ઓળખાતા સુરતના વરાછા વિસ્તારમાં એક કરોડો રૂપિયાની હાઈપ્રોફાઈલ છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વરાછા બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલી 'અંબિકા જ્વેલર્સ'ના માલિકને મુંદ્રા પોર્ટ પરથી કસ્ટમમાંથી માર્કેટ ભાવ કરતાં સસ્તા દરે સોનું અપાવવાની લાલચ આપી પરેશ ડોબરીયા નામના ઠગે 1.09 કરોડનો ચૂનો ચોપ્યો છે. આ મોટો ખેલ અમદાવાદના સરખેજથી સાંણદ વચ્ચે પાડીને આરોપી પોતાની ઓડી કારમાં ભાગી છૂટ્યો હતો.

વરાછા ખાતે આવેલી 35 વર્ષ જૂની અંબિકા જ્વેલર્સના માલિક 35 વર્ષીય નિકુંજભાઈ લુંભાણી છેલ્લા 15 વર્ષથી પોતાના પિતા સાથે દુકાન ચલાવે છે. માર્ચ 2026માં તેમના જૂના ગ્રાહક ઓધવજીભાઈ ચૌહાણ મારફતે તેમની મુલાકાત આરોપી પરેશ રણછોડભાઈ ડોબરીયા સાથે થઈ હતી. પરેશ ડોબરીયાએ બજાર ભાવ કરતાં 4 ટકા સસ્તા ભાવે સોનું આપવાનો વાયદો કર્યો હતો.



વેપારીનો ભરોસો જીતવા તેણે પોતાના પિતાના નામે 15 લાખની પ્રોમિસરી નોટ લખી આપી સુરક્ષિત વેપાર કરવાની ખાતરી આપી હતી.

પરેશની વાતો પર વિશ્વાસ મૂકીને નિકુંજભાઈએ પોતાની કોટક મહિન્દ્રા બેંકના ખાતામાંથી પરેશના એચડીએફસી બેંક એકાઉન્ટમાં 15 લાખ RTGS મારફતે ટ્રાન્સફર કર્યા હતા. નાણાં મેળવ્યાના દસ-બાર દિવસ બાદ આરોપીએ 100 ગ્રામ સોનાનું બિસ્કિટ લાવીને બતાવ્યું હતું અને તેને વેચાવી આપી નફો કરાવવાની ગુલબાંગો ફેંકી જ્વેલર્સનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો.

અગાઉ એડવાન્સ લીધેલા 15 લાખ પોતાની પાસે જ રાખીને જૂન 2026માં પરેશે નવો દાવ ખેલ્યો હતો. તેણે વરાછા સ્થિત દુકાને આવીને જ્વેલર્સને જણાવ્યું કે, 'મુંદ્રા પોર્ટ પરથી મારો વેપારી એકાદ કિલો સોનું લઈને આવે છે, જો તમે મોટું રોકાણ કરશો તો મોટો ફાયદો થશે.' બે ટકા કમિશન આપવાની શરતે તેણે મોટા પ્રમાણમાં સોનું ખરીદવા માટે લાલચ આપી હતી.

કમિશનની લાલચમાં આવીને નિકુંજભાઈએ પત્ની દીપાલી, ભાભી ક્રિના, ભાઈ કેયુર, પિતા અશોકભાઈ અને માતા ભાવીશાબેન સાથે વાત કરી પોતાની બચતના 69 લાખ રોકડા એકઠા કર્યા હતા. આ ઉપરાંત, તેમના સાથી ઓધવજીભાઈ ચૌહાણે પણ 25 લાખની વ્યવસ્થા કરી આપી હતી. 6 જુલાઈ 2026ના રોજ આરોપી પરેશ ડોબરીયાના કહેવા મુજબ નિકુંજભાઈ પોતાની હોન્ડા કાર (GJ-05-CM-9199)માં 69 લાખ રોકડા લઈને વરાછા હીરાબાગ સ્થિત આર.કે. આંગડિયામાં પહોંચ્યા હતા. ત્યાં ઓધવજીભાઈ અને તેમના પૌત્ર દિવ્યેશે પોતાના 25 લાખ ઉમેરતા કુલ 83 લાખનું આંગડિયું સરખેજ ખાતે પોતાના નામે કરાવ્યું હતું.

### સુરત ફાયરબ્રિગેડ બનશે દેશમાં સૌથી 'હાઇટેક':

# ઓલા-ઉબરની જેમ વાહનોમાં મોનિટર સિસ્ટમ લાગશે

### જવાનો પર બોડી કેમેરા, સ્માર્ટ ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ અપનાવનાર પ્રથમ શહેર બનશે

**સુરત, તા.05**

સુરતનું ફાયર ડિપાર્ટમેન્ટ દેશમાં પ્રથમવાર 'સ્માર્ટ ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ' વિકસાવી રહ્યું છે. જેથી ઈમરજન્સી કોલ મળતાની સાથે જ કામગીરી ક્ષણવારમાં શરૂ કરી શકાશે. 104 મીટર ઊંચું હાઈડ્રોલિક પ્લેટફોર્મ ખરીદાશે. ઓલા-ઉબરની જેમ વાહનોનું લોકેશન ટ્રેસ કરાશે. સાથે જ કંટ્રોલ રૂમથી ઘટનાસ્થળ સુધી લાઈવ મોનિટરિંગ થશે.



ઓલા અને ઉબર કેબ સિસ્ટમની જેમ ફાયર ડિપાર્ટમેન્ટના વાહનોમાં IoT (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ) બેઝ્ડ મોનિટર સિસ્ટમ લગાડાશે. ફાયર કોલ કે અકસ્માતનો મેસેજ મળતા GIS અને GPS ટેકનોલોજીથી ઘટનાસ્થળનું લોકેશન મેળવી ફાયર ફાઈટર્સ કોઈપણ વિલંબ વગર સરળતાથી અને ઝડપથી ઘટનાસ્થળે પહોંચી શકશે.

ICCC (ઈન્સિડન્ટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) એટલે કે ફાયર કંટ્રોલ રૂમથી જ તમામ વાહનો, લોકેશન અને ઈમરજન્સી કામગીરી પર ચોવીસે કલાક નજર રખાશે.

આ નવી વ્યવસ્થા AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત હશે. આ ઉપરાંત, ફાયર વિભાગના જવાનોના યુનિફોર્મ પર 'બોડી કેમેરા' લગાવાશે. આ કેમેરાના કારણે કંટ્રોલ રૂમમાં બેઠેલા ઉપરી અધિકારીઓ ઘટનાસ્થળની વાસ્તવિક પરિસ્થિતિ અને આગની ગંભીરતા લાઈવ જોઈ શકશે અને તે મુજબ યોગ્ય નિર્ણય લઈ શકશે.

મોટા ટેક્સટાઈલ માર્કેટો, વ્યાપારી સંકુલ અને રેસિડેન્શિયલ હાઈરાઈઝ ઈમારતો માટે આ સિસ્ટમ આશીર્વાદરૂપ સાબિત થશે. આ મોટા એકમોમાં એક વિશેષ સિસ્ટમ ઈન્સ્ટોલ કરાશે. માત્ર એક એલાર્મ રેઝ કરવાથી જ સીધી ફાયર કંટ્રોલ રૂમને જાણ થઈ જશે, જેથી મિનિટોમાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચીને મોટું નુકસાન અટકાવી શકશે.

ફાયર વિભાગને અતિઆધુનિક બનાવવા માટેની આ યોજનાના ખર્ચ અને અમલીકરણ અંગેની ફાઈલ હાલમાં પ્રોસેસમાં (પુટ-અપ) મૂકવામાં આવી છે. તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરીને આગામી અંદાજિત એક વર્ષમાં આ સિસ્ટમ સુરતમાં કાર્યરત થઈ જશે.

હાલ શહેરમાં 25 ફાયર સ્ટેશન કાર્યરત છે. હવે ફાયર વિભાગમાં સ્માર્ટ ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ અમલમાં મૂકાશે, જેનાથી કંટ્રોલ રૂમથી ઘટનાસ્થળ સુધીની સમગ્ર કામગીરી ડિજિટલ પ્લેટફોર્મ પર સંચાલિત થશે.

સ્માર્ટ ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ હેઠળ અદ્યતન સેન્ટ્રલ ફાયર કંટ્રોલ સિસ્ટમ વિકસાવાશે. જેમાં એક જ સ્ક્રીન પર શહેરના તમામ ઈમરજન્સી કોલ, ફાયર એલાર્મ, લાઈવ વીડિયો, ફાયર વાહનોની સ્થિતિ, કોલ લોગિંગ, ઈન્સિડન્ટ મેનેજમેન્ટ, ડેટા એનાલિટિક્સ અને વિવિધ વિભાગો વચ્ચે રિયલ ટાઈમ માહિતીનું મોનિટરિંગ કરી શકાશે.

પ્રોજેક્ટ અંતર્ગત ફાયર ટેન્કર, વોટર ટેન્કર, હાઈડ્રોલિક પ્લેટફોર્મ સહિત તમામ ઈમરજન્સી વાહનોમાં GPS આધારિત ટ્રેકિંગ સિસ્ટમ અને કેમેરા લગાવાશે. કંટ્રોલ રૂમમાંથી દરેક વાહનનું લાઈવ લોકેશન અને તેની કામગીરીનું સતત મોનિટરિંગ કરી શકાશે. ઘટના જ્યાં બને ત્યાંથી સૌથી નજીકનું વાહન સૌપ્રથમ રવાના થાય તેવી સ્માર્ટ વ્યવસ્થા ઊભી કરાશે, જેથી રિએક્શન ટાઈમ નોંધપાત્ર રીતે ઘટશે. સાથે જ કંટ્રોલ રૂમમાં આવતા દરેક ઈમરજન્સી કોલનું સ્પીચ-ટુ-ટેક્સ્ટ ટેક્નોલોજી દ્વારા આપોઆપ લખાણમાં રૂપાંતર થશે. દરેક કોલનો ડિજિટલ રેકોર્ડ તૈયાર થશે, જે ભવિષ્યમાં તપાસ, વિશ્લેષણ અને કામગીરીમાં સુધારા માટે ઉપયોગી બનશે.

# 'કોહલીની ધાર્મિક આસ્થા સામે આંગળી ચીંધવાનો કોઈને હક નથી', વિરુષ્કાને ટ્રોલ કરનારાને શમીનો જવાબ....


નવી દિલ્હી, તા.05

ભારતીય ક્રિકેટ ટીમના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીએ વિરાટ કોહલીની ધાર્મિક આસ્થા અને આધ્યાત્મિક જીવન અંગે ખુલ્લીને પોતાનો મત રજૂ કર્યો છે. હાલમાં વિરાટ કોહલી અને તેમના પત્ની અનુષ્કા શર્માના વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજ સહિત વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લેવા અંગે સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની ચર્ચાઓ છેડાઈ છે. હવે શમીએ આ ટીકાઓ પર પોતાની પ્રતિક્રિયા આપી છે.

ખાનગી ચેનલ સાથેની વાતચીતમાં શમીએ કહ્યું કે વિરાટ કોહલીનો આધ્યાત્મિક ઝુકાવ કોઈ નવી વાત નથી. કોહલી હંમેશા પોતાની આસ્થાને ગંભીરતાથી લેતા આવ્યા છે અને જે બાબતમાં વિશ્વાસ રાખે છે, તેને પૂરી પ્રામાણિકતા અને શિસ્ત સાથે નિભાવે છે. શમીએ કહ્યું કે કોઈ વ્યક્તિના વિશ્વાસ કે ધાર્મિક આસ્થા પર સવાલ ઉઠાવવાનું કોઈ કારણ હોવું જોઈએ નહીં. જો કોઈ પોતાના ધર્મ અને આધ્યાત્મિક વિચારોને મહત્વ આપે છે, તો તે સંપૂર્ણપણે તેનો વ્યક્તિગત નિર્ણય છે.

જો કોઈ વ્યક્તિ કોઈ આધ્યાત્મિક ગુરુ કે ધાર્મિક પરંપરામાં વિશ્વાસ રાખે છે, તો તેને તે જ રીતે સન્માન પણ આપવું જોઈએ. આ પ્રકારની વાતો પર નકામી આંગળી ચીંધવી યોગ્ય નથી અને કોઈની અંગત આસ્થા પર ટિપ્પણી કરવાથી બચવું જોઈએ. જો પતિ-પત્ની એકબીજા સાથે ધાર્મિક કે આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે, તો તેમાં ખોટું શું છે. તેમના મતે આ સંપૂર્ણપણે તેમનો અંગત મામલો છે અને બીજા કોઈને તેનાથી પરેશાની હોવી જોઈએ નહીં.

મહત્વનું છે કે વિરાટ કોહલી તાજેતરમાં ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણીમાં ભારતીય ટીમનો ભાગ હતા. હવે તેમની નજર સપ્ટેમ્બરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે થનારી આગામી શ્રેણી પર હશે, જ્યાં તેઓ ફરી એકવાર ભારતીય બેટિંગ ઓર્ડરમાં જવાબદારી સંભાળતા જોવા મળશે.



# હાર્દિક પંડ્યાના બદલામાં બે ધુરંધર ખેલાડી અને 10 કરોડ... IPLમાં મોટી ટ્રેડ ડીલના સંકેત!

નવી દિલ્હી, તા.05

પહેલાં ટ્રેડ વિન્ડો ખુલે તે પહેલા જ હાર્દિક પંડ્યાને લઈને સૌથી મોટી ચર્ચા શરૂ થઈ ગઈ છે. PLમાં મોટી ટ્રેડ ડીલના સંકેત મળી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ચેન્નાઈ સુપર કિંગ્સે (CSK) મુંબઈ ઈન્ડિયન્સના (MI) કેપ્ટન હાર્દિક પંડ્યાને પોતાની ટીમમાં સામેલ કરવા માટે એક મોટુ ટ્રેડ પેકેજ તૈયાર કર્યું છે.



રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે, CSKએ મુંબઈ ઈન્ડિયન્સ સામે 10 કરોડ રોકડા, ભારતીય ઓલરાઉન્ડર શિવમ દુબે અને દક્ષિણ આફ્રિકાના યુવા બેટ્સમેન ડેવાલ્ડ બ્રેવિસને સામેલ કરતો પ્રસ્તાવ મૂક્યો છે. એટલે કે હાર્દિકના બદલામાં બે ખેલાડી અને મોટી રકમ આપવાની તૈયારી દેખાડી છે. એવી માહિતી મળી રહી છે કે શરૂઆતમાં મુંબઈ ઈન્ડિયન્સે યુવા બેટ્સમેન આયુષ મ્હાત્રેમાં રસ દાખવ્યો હતો, પરંતુ ચેન્નાઈએ તેને પોતાના ભવિષ્યનો મહત્વનો હિસ્સો ગણાવીને ટ્રેડમાંથી બહાર રાખ્યો છે.

ત્યારબાદ CSKએ કથિત રીતે નવું પેકેજ તૈયાર કર્યું, જેમાં શિવમ દુબે, ડેવાલ્ડ બ્રેવિસ અને 10 કરોડ સામેલ કર્યા છે. જો આ ટ્રેડ થશે તો હાર્દિક પંડ્યા લગભગ ચાર વર્ષ પછી ફરી એકવાર પીળી જર્સીમાં જોવા મળી શકે છે.

બીજી તરફ શિવમ દુબેની મુંબઈ ઈન્ડિયન્સમાં વાપસી થશે, જ્યારે ડેવાલ્ડ બ્રેવિસ પણ પોતાની જૂની ફ્રેન્ચાઈઝીનો હિસ્સો બની શકે છે. જોકે, અત્યાર સુધી ચેન્નાઈ સુપર કિંગ્સ, મુંબઈ ઈન્ડિયન્સ કે IPL ગવર્નિંગ કાઉન્સિલ તરફથી આ ટ્રેડ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં નથી આવી.

# ગુસ્સામાં તુક્કો અને બેટ્સમેન OUT...
## ક્રિકેટ ઈતિહાસની સૌથી વિચિત્ર વિકેટ

નવી દિલ્હી, તા.05

દિલ્હી પ્રીમિયર લીગમાં 4 ઓગસ્ટના રોજ રમાયેલા એક મુકાબલામાં ન્યૂ દિલ્હી ટાઈગર્સના કેપ્ટન હિંમત સિંહે ક્રિકેટ ઈતિહાસનો સૌથી વિચિત્ર અને યાદગાર રન આઉટ કર્યો છે. મેચના અંતિમ બોલ પર હાથમાંથી બોલ છટકી ગયા બાદ તેણે ગુસ્સામાં મારેલી લાત સીધી સ્ટમ્પ્સ પર વાગતાં બોલ રન આઉટમાં પરિણમ્યો હતો. આ ક્ષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ તેને ક્રિકેટ ઈતિહાસનો સૌથી નસીબદાર રન આઉટ ગણાવી રહ્યા છે. 15 ઓવરના આ રોમાંચક મુકાબલામાં આઉટર દિલ્હી વોરિયર્સને જીતવા માટે છેલ્લી બોલ પર માત્ર 1 રનની જરૂરિયાત હતી. બેટ્સમેને સોલિડ શોટ ફટકાર્યો અને બંને બેટ્સમેનો રન માટે દોડી પડ્યા. બોલ ન્યૂ દિલ્હી ટાઈગર્સના કેપ્ટન હિંમત સિંહ પાસે પહોંચ્યો હતો અને તેમની પાસે બેટ્સમેનને સરળતાથી રન આઉટ કરવાનો પૂરો મોકો હતો. પરંતુ ઉતાવળમાં હિંમત સિંહથી બોલ પકડવામાં ભૂલ થઈ ગઈ અને આસાન તક હાથમાંથી જતી રહી. હાથમાંથી તક છટકતાં જ તેમણે નિરાશા અને ગુસ્સામાં આવીને બોલને કિક મારી દીધી. આશ્ચર્યજનક રીતે, હિંમત સિંહે મારેલી આ લાતથી




બોલ સીધો નોન-સ્ટ્રાઈકર એન્ડના સ્ટમ્પ્સ સાથે ત્રાટક્યો હતો. જે સમયે બોલ સ્ટમ્પ્સ પર લાગ્યો ત્યારે આઉટર દિલ્હી વોરિયર્સનો બેટ્સમેન પ્રથમ સલૂજા ક્રિઝથી ઘણો દૂર હતો, જેના કારણે તેને રન આઉટ જાહેર કરવામાં આવ્યો. આ વિકેટ સાથે જ સ્કોર સરભર થયો અને મેચ ટાઈ થઈને સુપર ઓવર માં પહોંચી ગઈ હતી. મેદાન પર હાજર તમામ ખેલાડીઓ આ અદ્ભુત રન આઉટ જોઈને દંગ રહી ગયા હતા. જોકે, પાછળથી રમાયેલી સુપર ઓવરમાં આઉટર દિલ્હી વોરિયર્સે બાજી મારી લીધી હતી અને વિજય મેળવ્યો હતો, પરંતુ હિંમત સિંહનો આ કિક રન આઉટ આખી મેચનો સૌથી વધુ વાયરલ અને ચર્ચિત ક્ષણ બની ગયો છે.

# પ્રીતિ ઝિન્ટાના પ્રેમમાં પાગલ થઈ ગયો તો વિદેશી ક્રિકેટર? ડેટિંગ-અફેર અંગે મૌન તોડ્યું

નવી દિલ્હી, તા.05

શોબિઝ અને ક્રિકેટની દુનિયા વચ્ચે ઘેરો સંબંધ રહ્યો છે. અવારનવાર અનેક હસીનાઓના નામ ક્રિકેટરો સાથે જોડાઈ ચૂક્યા છે. બોલિવૂડની ડિમ્પલ ગર્લ પ્રીતિ ઝિન્ટાની પણ એક સમયે ઓસ્ટ્રેલિયાના પૂર્વ ફાસ્ટ બોલર બ્રેટ લી સાથે લિંક-અપની ખબરોએ જોર પકડ્યું હતું. હવે વર્ષો પછી બ્રેટ લીએ પ્રીતિ સાથેના અફેરના અહેવાલો પર મૌન તોડ્યું છે અને હકીકત જણાવી છે. વાસ્તવમાં બ્રેટ લીએ પોતાના IPL કરિયરની શરૂઆત પ્રીતિ ઝિન્ટાની ટીમ પંજાબ કિંગ્સથી કરી હતી. ત્યારબાદ તે કોલકાતા નાઈટ રાઈડર્સનો હિસ્સો બન્યો હતો. બ્રેટ લી જ્યારે પંજાબ કિંગ્સ ટીમનો હિસ્સો હતો, ત્યારે તે ઘણીવાર પ્રીતિ ઝિન્ટા સાથે જોવા મળતો હતો, જેના પછી બંને વચ્ચેના અફેરની અફવાઓ વહેતી થઈ હતી. તે સમયે તેમના બોન્ડિંગની પણ ભારે ચર્ચા થતી હતી. પરંતુ હવે વર્ષો પછી બ્રેટ લીએ પ્રીતિ ઝિન્ટા સાથે પોતાના અફેરના અહેવાલો પર પ્રતિક્રિયા આપી છે. એક ઈન્ટરવ્યુમાં બ્રેટ લીએ પ્રીતિ ઝિન્ટા સાથે ડેટિંગના અહેવાલોને ખોટા ગણાવ્યા છે. બ્રેટ લીએ કહ્યું કે, 'મેં ક્યારેય કોઈ બોલિવૂડ એક્ટ્રેસને ડેટ નથી કરી.' પ્રીતિ ઝિન્ટા સાથે ડેટિંગના અહેવાલો અંગે બ્રેટ લીએ જણાવ્યું કે, 'મેં ક્યારેય કોઈ બોલિવૂડ એક્ટ્રેસને ડેટ નથી કરી. પ્રીતિ ઝિન્ટા અને હું સારા મિત્રો હતા અને આજે પણ છીએ. જ્યારે હું કિંગ્સ ઈલેવન પંજાબ માટે રમતો હતો, ત્યારે હું પ્રીતિ ઝિન્ટાને ખૂબ સારી રીતે ઓળખવા લાગ્યો હતો.' પ્રીતિના વખાણ કરતાં તેણે કહ્યું કે, તે ભારતમાં મારા સૌથી નજીકના મિત્રોમાંથી એક છે. તે સમયે તે પંજાબ ટીમની બોસ હતી. તે એક ખૂબ જ સમજદાર મહિલા છે અને મારા મનમાં તેમના પ્રત્યે ખૂબ જ સન્માન છે. બ્રેટ લીએ એ પણ સ્પષ્ટ કર્યું કે, આ અફવાઓથી હું ક્યારેય પરેશાન નથી થયો, કારણ કે હું હંમેશાં સત્ય જાણતો હતો. બ્રેટ લીની પર્સનલ લાઈફની વાત કરીએ તો તેણે વર્ષ 2006માં એલિઝાબેથ કેમ્પ સાથે લગ્ન કર્યા હતા, જેનાથી તેને એક દીકરો છે. જોકે, બે વર્ષ પછી બંને અલગ થઈ ગયા હતા અને વર્ષ 2009માં તેમના છૂટાછેડા થઈ ગયા હતા.



# ફિલ્મ 'રામાયણ'માં કોસ્ચ્યુમ પર વિવાદ, સીતાના બ્લાઉઝથી શૂર્પણખાના લૂક બાબતે ડિઝાઈનર્સે શું કહ્યું?

મુંબઈ, તા.05

નિતેશ તિવારીની બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ'નું ટ્રેલર બહાર આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. સિનેપ્રેમીઓ અને ટીકાકારો દરેક દૃશ્ય, પાત્ર અને પોશાકનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહ્યા છે. ખાસ કરીને સાઈ પલ્લવી દ્વારા ભજવાતા સીતાના પાત્રના સીવેલા બ્લાઉઝ અને શૂર્પણખાના 'બંડો' (Bando) લુકને લઈને ઈન્ટરનેટ પર તીવ્ર મતમતાંતરો જોવા મળ્યા છે. કેટલાક લોકોએ કપડાંની સીવણ અને શૈલીને આધુનિક ગણાવીને ત્રેતાયુગની ઐતિહાસિક સચોટતા પર સવાલો ઉઠાવ્યા છે. આ તમામ ટિપ્પણીઓ અને સવાલો વચ્ચે ફિલ્મના કોસ્ચ્યુમ ડિઝાઈનર રિમ્પલ અને હરપ્રીતે પોતાની મૌન તોડ્યું છે અને દરેક ટાંકા, કાપડની પસંદગી અને ડિઝાઈન પાછળના દૃષ્ટિકોણ વિશે વિગતવાર સ્પષ્ટતા કરી છે.

રામાયણ કોઈ કાલ્પનિક વાર્તા નથી, પરંતુ આ દેશની આસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલું એક એવું મહાકાવ્ય છે જેનો લહાવો લઈને



લોકો મોટા થયા છે. દરેક ભારતીયના મનમાં રામ, સીતા, લક્ષ્મણ અને રાવણની ચોક્કસ છબી વણાયેલી છે. તેથી લોકોના મજબૂત મંતવ્યો હોય તે સ્વાભાવિક છે અને અમે કલાકારો તરીકે તે લાગણીઓનો આદર કરીએ છીએ.

ટીકાનો આદર કરવાની વાત કરીને તેમણે એક મહત્ત્વની વાત પણ કરી કે પ્રાચીન કાળના પોશાકો માટે કોઈ એકમાત્ર 'સાચી' રીત કે સંદર્ભ ઉપલબ્ધ નથી. ભારતમાં હંમેશાં વિવિધ પ્રદેશો, કાપડ અને પહેરવેશની વૈવિધ્યસભર શૈલીઓ રહી છે. તેથી તેમનો હેતુ ધાર્મિક અને પૌરાણિક પુસ્તકોમાં જોવા મળતા ચિત્રોનું શાબ્દિક અનુકરણ (Copy-Paste) કરવાનો નહોતો, પરંતુ ભારતીય સંસ્કૃતિના તત્વો ધરાવતું સિનેમેટિક અર્થઘટન કરવાનો હતો, જે ફિલ્મના સ્કેલ માટે યોગ્ય હોય.

સૌથી મોટો પ્રશ્ન એ ઊઠ્યો છે કે, 'શું સીતાને ફીટેડ અને સીવેલું બ્લાઉઝ પહેરાવીને તેમને જાણીજોઈને આધુનિક દર્શાવવામાં આવ્યા છે?' ડિઝાઈનર્સે આ સંભાવના નકારી કાઢતાં ખુલાસો કર્યો છે કે બ્લાઉઝનો ઉપયોગ સીતાને આધુનિક બનાવવા માટે કરવામાં આવ્યો નથી. કોસ્ચ્યુમ ડિઝાઈન કરતી વખતે અમે પાત્રના વ્યક્તિત્વ, બોડી લેંગ્વેજ અને વાતાવરણને ધ્યાનમાં રાખીએ છીએ. સીતાના પાત્ર માટે અમારો મુખ્ય ઉદ્દેશ્ય 'ભવ્યતા કરતાં ગૌરવ અને શુદ્ધતા' જાળવવાનો હતો. અમારે વસ્ત્રો હાલતાચાલતા પાત્રોને પહેરાવવાના હતા, મ્યુઝિયમમાં સ્થિર ઊભેલા સ્ટેચ્યુને નહીં. તેથી કલાકારોની સુવિધા જળવાઈ રહે અને શૂટિંગમાં કોસ્ચ્યુમને લીધે કોઈ તકલીફ ન આવે એ માટે વસ્ત્રોના નિર્માણમાં વ્યવહારુ નિર્ણયો લેવા જરૂરી બને છે.

ટ્રેલરમાં સીતા સરળ અને મર્યાદાપૂર્ણ વસ્ત્રોમાં દેખાય છે, જ્યારે શૂર્પણખા ઓપન શોલ્ડર અને બંડો બ્લાઉઝમાં જોવા મળે છે. સોશિયલ મીડિયા પર એવી ચર્ચા પણ ચાલી કે આ તફાવત નૈતિકતા દર્શાવવા માટે કરવામાં આવ્યો છે. આના જવાબમાં ડિઝાઈનર્સે જણાવ્યું કે-

સીતા અને શૂર્પણખા બંને એકબીજાથી સાવ અલગ વ્યક્તિત્વ ધરાવે છે. શૂર્પણખાનું પાત્ર બોલ્ડ, શક્તિશાળી, આત્મવિશ્વાસુ અને ઉશ્કેરણીજનક છે. તેના પોશાકમાં દેખાતો 'બંડો' કે ઓપન શોલ્ડર કોઈ સમકાલીન ફેશન ટ્રેન્ડ નથી, પરંતુ તેના બિન્ધાસ્ત અને મુક્ત સ્વભાવને રજૂ કરવા માટેનો પ્રયાસ છે. તેની જ્વેલરી અને ટેક્સચર એવી રીતે પસંદ કરાયા છે જેથી તે રામાયણ-કાળથી અલગ દુનિયાની ન લાગે.

રિમ્પલ અને હરપ્રીત માટે આ પ્રોજેક્ટ માત્ર કપડાં ડિઝાઈન કરવાનો નહોતો, પણ એક સમગ્ર 'વિશ્વ-નિર્માણ' (World-Building) નો હતો. પાત્ર બોલે તે પહેલાં તેનો પોશાક જોઈને દર્શક તે પાત્રનું બેકગ્રાઉન્ડ સમજી શકે તેવો પ્રયાસ તેમણે કર્યો છે. જે રીતે અયોધ્યાની ભવ્યતા લંકાના વાતાવરણથી અલગ દેખાવી જોઈએ અને રામની ભાષા રાવણની ભાષાથી જુદી હોવી જોઈએ, એ જ રીતે પાત્રોના વસ્ત્રોમાં પણ તેમના વ્યક્તિત્વને નિખાર આપે એવું વૈવિધ્ય લાવવા માટે ડિઝાઈનરે ભારતના સ્થાપત્ય, શિલ્પકળા, વણાટ પરંપરાઓ અને ચિત્રકળા પર મહિનાઓ સુધી ઊંડું સંશોધન કર્યું હતું, એમ ડિઝાઈનર્સે જણાવ્યું છે. આખી દુનિયાના દર્શકો આગળ ભારતના કાપડ, કુદરતી રંગો અને હસ્તકળાના વારસાને ગૌરવ સાથે રજૂ કરવાનો તેમનો આ પ્રયાસ છે, એવું તેમનું કહેવું છે.

# શૂર્પણખાના વ્યક્તિત્વનાં અનેક પાસાં હજુ પણ અજાણ્યાં છે : રકુલપ્રીત
## શૂર્પણખાનાં પાત્રને મળતા પ્રતિસાદ અંગે રકુલપ્રીતે વાત કરી

મુંબઈ, તા.05

જ્યારથી રામાયણ ફિલ્મનું ટ્રેલર લોંચ થયું ત્યારથી તેનાં પાત્રો વિશે વિવિધ પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. રકુલપ્રીત સિંહે ફિલ્મ રામાયણમાં શૂર્પણખાનું પાત્ર સ્વીકારવા પાછળનું કારણ જણાવ્યું છે. એક ચાહકે તેને લખેલા પત્રમાં તેનાં કાસ્ટિંગનાં વખાણ કરતાં કહ્યું હતું કે શૂર્પણખા માત્ર એક ઘટનાથી ઓળખાતું પાત્ર નથી, પરંતુ તે રામાયણના સૌથી પ્રભાવશાળી અને બહુમુખી પાત્રોમાંનું એક છે.



ચાહકે પોતાના પત્રમાં લખ્યું હતું કે ઈતિહાસમાં શૂર્પણખાને મોટાભાગે માત્ર એક જ ઘટનાના આધારે યાદ કરવામાં આવી છે, જ્યારે તેના વ્યક્તિત્વનાં અનેક પાસાં હજુ પણ અજાણ્યા છે. તેણે રકુલને પૂછ્યું હતું કે આ પાત્ર સ્વીકારવા પાછળ તેની પ્રેરણા શું હતી અને આશા વ્યક્ત કરી હતી કે તેની રજૂઆત દર્શકોને શૂર્પણખાને નવા દૃષ્ટિકોણથી સમજવામાં મદદ કરશે. આ પત્રનો જવાબ આપતાં રકુલ પ્રીત સિંહે કહ્યું, "આ સુંદર પત્ર માટે તમારો આભાર. શૂર્પણખાનું પાત્ર સ્વીકારવાનું મુખ્ય કારણ પણ એ જ હતું જે તમે લખ્યું છે - તેનું જટિલ વ્યક્તિત્વ. ઈતિહાસ તેને માત્ર એક ઘટનાના કારણે યાદ રાખે છે, પરંતુ તેની કહાનીમાં ઘણું બધું છે. એક અભિનેત્રી તરીકે એવી ભૂમિકાઓ સૌથી વધુ આકર્ષે છે, જે લોકોની ધારણાને પડકારે. જ્યારે 'રામાયણ' રિલીઝ થશે ત્યારે દર્શકો તેને ખુલ્લા મનથી શોધવાનો પ્રયાસ કરશે એવી આશા છે."

રકુલનાં આ જવાબને સોશિયલ મીડિયા પર ચાહકો તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. અનેક લોકોએ તેમની વિચારસરણીનાં વખાણ કરતાં કહ્યું છે કે તેઓ શૂર્પણખાને માત્ર એક ઘટનાથી નહીં, પરંતુ વધુ ઊંડાણપૂર્વક રજૂ કરવા માંગે છે.

આ વાતચીત બાદ ફિલ્મમાં રકુલનાં કાસ્ટિંગને લઈને ચર્ચા વધુ તેજ બની છે. તેનાં નિવેદનથી સ્પષ્ટ થાય છે કે તે એવા રોલ પસંદ કરે છે, જે અભિનય માટે પડકારરૂપ હોય અને પાત્રને નવા દૃષ્ટિકોણથી રજૂ કરવાની તક આપે.

નિતેશ તિવારીના દિગ્દર્શનમાં બની રહેલી રામાયણમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ, સની દેઓલ, રવિ દુબે અને રાખુલ પ્રીત સિંહ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મ દિવાળી 2026 દરમિયાન વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે.

# અલ્લુ અર્જુન અને અટલીની 'રાકા' બે ભાગમાં રિલીઝ થઈ શકે છે

મુંબઈ, તા.05

અલ્લુ અર્જુન અને અટલીની ફિલ્મ 'રાકા'ને અંગે ઘણી ઉત્સુકતા છે. આ અંગે મળતી મહત્વની માહિતી અનુસાર, લગભગ 800 કરોડના બજેટમાં બની રહેલી આ ભવ્ય ફિલ્મને બે ભાગમાં રજૂ કરવાના વિકલ્પ પર હાલ ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે. ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્રે જણાવ્યું કે, 'રાકા'નું શૂટિંગ છેલ્લા એક વર્ષથી ચાલી રહ્યું છે અને અત્યાર સુધીની શૂટ થયેલી ફૂટેજ જ સામાન્ય ત્રણ કલાકની ફિલ્મમાં સમાવી શકાય એટલી નથી. હજુ પણ અંદાજે ચાર મહિનાનું શૂટિંગ બાકી હોવાથી સમગ્ર કથાને એક જ ફિલ્મમાં રજૂ કરવી લગભગ અશક્ય બની રહી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં ફિલ્મને બે ભાગમાં રજૂ કરવાનો અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. અટલી હજુ પણ વાર્તાને શ્રેષ્ઠ રીતે કેવી રીતે રજૂ



કરી શકાય તે અંગે વિચાર કરી રહ્યા છે. ફિલ્મનું સંપૂર્ણ શૂટિંગ પૂરું થયા બાદ જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. આ અંગેની માહિતી મુજબ, અલ્લુ અર્જુન સહિત ફિલ્મના તમામ કલાકારોને અટલીના વિઝન પર સંપૂર્ણ વિશ્વાસ છે અને તેઓ ફિલ્મને ભવ્ય સ્વરૂપ આપવા માટે જરૂરી સમય આપી રહ્યા છે. અલ્લુ અર્જુને ડિસેમ્બર સુધી પોતાની તારીખો આ ફિલ્મ માટે ફાળવી છે.

# ગુસ્સામાં ટોયલેટ ક્લિનર પીને હાથ પર ચીરા માર્યા, અભિનેત્રી આંચલ ખુરાનાનું દર્દ છલકાયું

મુંબઈ, તા.05

ટેલિવિઝન એક્ટ્રેસ આંચલ ખુરાના પોતાના બેબાક અંદાજ માટે ફેમસ છે. તે નો ફિલ્ટર પોતાના અભિપ્રાય લોકો સામે રાખે છે. આંચલનું બાળપણ ટ્રોમામાં પસાર થયુ હતું. તેને દરેકના ટોણા સાંભળવા પડતા હતા.

એક ઈન્ટરવ્યુમાં આંચલે જણાવ્યું કે, હું બાળપણમાં ખૂબ જ શરારતી હતી. મને ખૂબ ઈગો હતો. આજે તે પહેલા કરતા ઘણી બદલાઈ ગઈ છે. રોડીઝ જીત્યા બાદ તેના પરિવારના સભ્યો અને સંબંધીઓ તેની ઈજ્જત કરતા થયા છે. બાળપણમાં તેને કહેવામાં આવતું હતું કે, તું કંઈ ન કરી શકીશ. તેને દરેકના ટોણા



સાંભળવા પડતા હતા. આ સાંભળીને તે ખૂબ જ અગ્રેસિવ થઈ ગઈ હતી. તેના વિચારો ખૂબ જ ઓપન હતા. તે રેબલ હતી. તે ખુદને કોઈનાથી કમ નહોતી સમજતી. આંચલે સ્પષ્ટ કર્યું કે, 'જો મેં નામ ન બનાવ્યું હોત તો આજે કોઈ મારી ઈજ્જત ન કરતું હોત.'

આંચલે જણાવ્યું કે, 'મને બાળપણમાં પ્રેમ ન મળ્યો. હું હંમેશા પ્રેમ માટે તરસી છું. મને એટલો ગુસ્સો આવી જતો હતો કે, હું ગુસ્સામાં કંઈ પણ કરી દેતી હતી. આજે મારી ફેમિલી મને લઈને સપોર્ટિવ છે, પરંતુ પહેલા આવું નહોતું. મને લાગતું હતું કે, મને કોઈ પ્રેમ નથી કરતું. મને છોકરાઓ સાથે વાત નહોતા કરવા દેતા. પેરેન્ટ્સ મને રૂમમાં બંધ કરી દેતા હતા.'

આંચલે જણાવ્યું કે, હું ગુસ્સામાં પોતાને જ નુકસાન પહોંચાડતી હતી. એક વાર તો મેં આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો અને ટોયલેટ ક્લિનર પી લીધુ હતું અને હાથ પર ચીરા માર્યા હતા. હું સર્વાઈવર છું. મેં બીજી પણ ઘણી વસ્તુઓ કરી છે તેમ છતાં હું જીવિત છું. ત્યારે મને સમજાયું કે, મારા ભાગ્યમાં હમણા મૃત્યુ નથી લખ્યું. આ બધી રોડીઝ પહેલાની વાત છે.

એક્ટ્રેસે જણાવ્યું કે, ટોયલેટ ક્લિનર પીધા પછી હું 1 મહિનો હોસ્પિટલમાં રહી હતી. હું એટલી ગુસ્સામાં હતી કે, મેં ટોયલેટ ક્લિનરની આખી બોટલ પી લીધી હતી. હું ટોયલેટ ક્લિનર પીને મારા ભાઈ પાસે ગઈ અને તેને કહ્યું કે, જો તેં મારી સાથે આવું કર્યું. હવે હું મરી જઈશ અને તું જેલ જઈશ. આ બધુ મેં નાદાનીમાં કર્યું હતું.

એક્ટ્રેસે આગળ કહ્યું કે, 'મારી સાથે છોકરાઓ કરતા ખરાબ તો છોકરીઓએ કર્યું છે. તેઓ મારા વિશે ખોટી ખબરો ફેલાવી દે છે. પંડિતજીએ પણ મને છોકરીઓથી દૂર રહેવા કહ્યું છે.'

# સેન્સેક્સ 152 અંક વધીને 78,581 પર બંધ થયો: નિફ્ટી 10 અંક વધ્યો, રિયલ્ટી-ઓટો અને મેટલ શેરોમાં સૌથી વધુ ખરીદી

**નવી દિલ્હી, તા.05**

૫ ઓગસ્ટના રોજ ભારતીય શેરબજારમાં અગાઉના દિવસના ઘટાડા બાદ સુંદર રિકવરી અને તેજીનો માહોલ જોવા મળ્યો છે. ગઈકાલના કડાકા પછી આજે બજારે ફરી નીચલા મથાળેથી જોરદાર વાપસી કરીને રોકાણકારોના ચહેરા પર ખુશી પાછી લાવી છે. દિવસભરના ઉતાર-ચઢાવ બાદ મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૧૫૨ અંકના સુધારા સાથે ૭૮,૫૮૧ ની મજબૂત સપાટીએ બંધ રહ્યો હતો. આ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ઈન્ડેક્સ પણ ૧૦ અંક વધીને ૨૪,૬૨૪ ના સ્તરે પહોંચીને લીલા નિશાને બંધ થયો હતો. આજના સમગ્ર કારોબાર દરમિયાન ખાસ કરીને રિયલ્ટી, ઓટોમોબાઈલ અને મેટલ ક્ષેત્રના શેરોમાં ભારે લેવાલી અને ખરીદીનો માહોલ જોવા મળ્યો હતો, જેના કારણે ભારતીય બજારને નીચલા સ્તરેથી ઘણો મોટો ટેકો મળ્યો હતો.



આજના ભારતીય બજારની આ તેજી પાછળ વૈશ્વિક બજારોમાંથી મળેલા સકારાત્મક સંકેતોનો ઘણો મોટો હાથ રહ્યો છે. સમગ્ર એશિયન બજારોમાં આજે મોટો ઉછાળો નોંધાયો હતો. સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨૩૯ અંક એટલે કે ૩.૭૯ ટકાના જોરદાર વધારા સાથે ૬,૫૯૮ ની સપાટીએ બંધ થયો હતો. તેવી જ રીતે જાપાનનો પ્રખ્યાત નિક્કેઈ ઈન્ડેક્સ પણ ૨,૩૪૩ અંક અથવા ૩.૬૬ ટકાની તગડી તેજી સાથે ૬૬,૩૦૦ ના સ્તરને વટાવી ગયો હતો. આ સિવાય હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં પણ ૬૩ અંકનો સુધારો જોવા મળ્યો હતો. એશિયન બજારો ઉપરાંત ૪ ઓગસ્ટના રોજ અમેરિકી શેરબજારમાં પણ શાનદાર રેલી જોવા મળી હતી, જ્યાં ડાઉ જોન્સ ૯૦૭ અંક વધીને ૫૪,૦૮૬ પર, નાસ્ડેક ૬૭૧ અંક વધીને ૨૬,૫૮૫ પર અને S&P ૫૦૦ ઈન્ડેક્સ ૧૩૬ અંક વધીને ૭,૭૩૭ ના સ્તરે બંધ થયો હતો. વિશ્વભરના આ સકારાત્મક વાતાવરણે ભારતીય રોકાણકારોનો ઉત્સાહ બેવડો કર્યો હતો.

ભારતીય શેરબજારમાં વધી રહેલા આ વિશ્વાસ પાછળ વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII ની પાછી ફરેલી લેવાલી સૌથી મહત્વનો ભાગ ભજવી રહી છે. આંકડાઓ દર્શાવે છે કે છેલ્લા ૭ દિવસના ગાળામાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી નાણાં પાછા ખેંચવાને બદલે રૂ. ૭,૨૭૦ કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી છે. જોકે છેલ્લા ૩૦ દિવસના ગાળામાં FII તરફથી રૂ. ૨,૫૫૬ કરોડનું ચોખ્ખું વેચાણ જોવા મળ્યું હતું, પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી તેમણે ફરીથી ભારતીય બજારમાં વિશ્વાસ મૂકવાનું શરૂ કર્યું છે. લેટેસ્ટ આંકડા મુજબ આજના દિવસે FII એ રૂ. ૨,૪૪૭ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી, જ્યારે તેની સામે દેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII એ રૂ. ૯૩૬ કરોડનું ચોખ્ખું વેચાણ કર્યું હતું. આ સિવાય છેલ્લા ૩૦ દિવસમાં DII એ રૂ. ૨૮,૯૫૩ કરોડનું ભારે રોકાણ કરીને બજારને મોટો આધાર પૂરો પાડ્યો છે.

આજના દિવસની તેજી એટલા માટે પણ મહત્વની બની રહે છે કારણ કે ગઈકાલે એટલે કે ૪ ઓગસ્ટના રોજ ભારતીય બજારમાં મોટો ઘટાડો નોંધાયો હતો. ગઈકાલે સેન્સેક્સ ૨૧૦ અંક ઘટીને ૭૮,૪૨૮ ના સ્તરે બંધ થયો હતો અને નિફ્ટી પણ ૧૫૯ અંક તૂટીને ૨૪,૬૧૪ ના સ્તરે આવી ગયો હતો. પ્રોફિટ બુકિંગ અને વૈશ્વિક ચિંતાઓને કારણે ગઈકાલે રોકાણકારોમાં જે ફાળ પડી હતી, તે આજે બજારના સુધારા અને વિદેશી ભંડોળના આગમનને કારણે તદ્દન ધોવાઈ ગઈ છે અને બજાર ફરી એકવાર નવી ઊંચાઈઓ તરફ આગળ વધી રહ્યું છે.

# છેલ્લા 5 મહિનામાં દાળ ₹8, તેલ ₹6 મોંઘું થયું: દૂધ-ખાંડ સહિત 99% રાશનની વસ્તુઓના ભાવ વધ્યા

**મુંબઈ, તા.05**

છેલ્લા પાંચ મહિના દરમિયાન, એટલે કે ૨૮ ફેબ્રુઆરીથી ૩ ઓગસ્ટની વચ્ચે દેશમાં સામાન્ય માણસના ખાવા-પીવાનો અને રસોડાનો ખર્ચ અચાનક અને ખૂબ જ ઝડપથી વધી ગયો છે. ઉલ્લેખનીય છે કે ૨૮ ફેબ્રુઆરી એ જ દિવસ છે જ્યારે પશ્ચિમ એશિયામાં અચાનક અમેરિકા, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ભૌગોલિક રાજકીય તણાવ અને યુદ્ધની સ્થિતિ શરૂ થઈ હતી. કેન્દ્રીય ગ્રાહક બાબતોના વિભાગના પ્રાઈસ મોનિટરિંગ સિસ્ટમના અધિકૃત આંકડાઓ અનુસાર, આ પાંચ મહિનાના ટૂંકા ગાળામાં દેશની ૧૬ મુખ્ય ખાદ્ય વસ્તુઓમાંથી ૧૫ ચીજવસ્તુઓના ભાવમાં મોટો વધારો નોંધાયો છે, જેમાં સૌથી વધુ કડાકો અને ભાવવધારો કઠોળ અને ખાદ્ય તેલની શ્રેણીમાં જોવા મળ્યો છે.




દૈનિક વપરાશની ચોક્કસ વસ્તુઓના ભાવ પર નજર કરીએ તો, આ પાંચ મહિનામાં ચણાની દાળમાં રૂ. ૪.૬૫ પ્રતિ કિલો, તુવેર દાળમાં રૂ. ૫.૯૬, અડદની દાળમાં રૂ. ૫.૭૧, મગની દાળમાં રૂ. ૪.૫૫, ખાંડમાં રૂ. ૨.૨૫, દૂધમાં રૂ. ૩ અને સરસવના તેલમાં પ્રતિ લિટરે રૂ. ૭.૫૬ નો મોટો વધારો થયો છે. આ ઉપરાંત ચોખાના ભાવમાં પણ રૂ. ૧.૫૭ અને મીઠાના ભાવમાં રૂ. ૦.૮૫ પ્રતિ કિલોનો વધારો નોંધાયો છે, જ્યારે લોટની કિંમતોમાં રૂ. ૦.૨૨ નો સાવ નજીવો વધારો થયો છે. ખાંડના ભાવ વધવા પાછળ ઈથેનોલના ઉત્પાદન માટે શેરડીની સતત વધી રહેલી માંગ અને તેની સામે ખાંડના ઉત્પાદનમાં આવેલો સાપેક્ષ ઘટાડો જવાબદાર માનવામાં આવે છે. બીજી તરફ, ઘઉંનો પૂરતો સરકારી ભંડાર ઉપલબ્ધ હોવાથી અને બજારમાં સતત પુરવઠો જળવાઈ રહેવાથી ઘઉં તથા લોટના ભાવ મોટે ભાગે નિયંત્રણમાં અને સ્થિર રહ્યા છે.

આ સિવાય કઠોળના ભાવમાં આવેલી આ અચાનક તેજી પાછળનું એક સૌથી મોટું કારણ આ વર્ષે દેશમાં જોવા મળેલો નબળો અને અસમાન ચોમાસુ માનવામાં આવે છે. જુલાઈ મહિનાના અંત સુધીમાં ખરીફ પાકના દાળ વાવેતરનો વિસ્તાર ગયા વર્ષની સરખામણીએ લગભગ ૭ ટકા જેટલો ઓછો રહ્યો હતો, જેના કારણે ભવિષ્યમાં ઉત્પાદન ઘટવાની અને બહારથી આયાત વધારવાની આશંકાએ સ્થાનિક બજારમાં ભાવ ઉંચકાયા છે. ઓગસ્ટ મહિનાથી દેશમાં રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશોત્સવ, નવરાત્રિ અને દીપાવલી જેવા મોટા તહેવારોની શ્રેણી શરૂ થઈ રહી હોવાથી કઠોળ અને તેલની માંગ હજુ પણ વધશે. જો આંતરરાષ્ટ્રીય સ્તરે આયાત ખર્ચ અને વૈશ્વિક કિંમતોમાં ઘટાડો નહીં થાય, તો આગામી દિવસોમાં પણ આ ખાદ્યચીજોના ભાવ ગૃહિણીઓનું બજેટ ખોરવતા રહેશે.

ઈન્ફોમેરિક રેટિંગ્સના ચીફ ઈકોનોમિસ્ટ ડો. મનોરંજન શર્માના જણાવ્યા અનુસાર, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ અને ભૌગોલિક તણાવને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે લોજિસ્ટિક્સ અને આયાત ખર્ચમાં જંગી વધારો થયો છે. ભારત ખાદ્ય તેલ માટે મોટા પાયે આયાત પર નિર્ભર હોવાથી વૈશ્વિક બજારમાં પામ ઓઈલ અને સોયાબીન તેલના ભાવ વધતાની સાથે જ દેશમાં સરસવ અને અન્ય ખાદ્ય તેલો મોંઘા થઈ ગયા છે. ચોમાસાની અનિયમિતતા અને પશ્ચિમ એશિયાના તણાવની આ બેવડી અસરને કારણે આગામી સમયમાં પણ મોંઘવારીનું આ દબાણ સામાન્ય જનતા પર યથાવત રહેવાની પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

# 'નો ઈન્સ્યોરન્સ, નો પેટ્રોલ-ડીઝલ': સુપ્રીમ કોર્ટનો સરકારને આદેશ, જો વાહનનો થર્ડ પાર્ટી વીમો ન હોય, તો પેટ્રોલ-ડીઝલ ના મળે, ટ્રાયલ શરૂ કરો

**નવી દિલ્હી, તા.05**

સુપ્રીમ કોર્ટે દેશમાં માર્ગ સુરક્ષા અને વીમા નિયમોને કડક બનાવવા માટે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય સંભળાવ્યો છે. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે કેન્દ્ર સરકારને એક વિશેષ પાયલટ પ્રોજેક્ટ તૈયાર કરવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે, જેના અંતર્ગત જે વાહનોનો થર્ડ-પાર્ટી ઈન્શ્યોરન્સ માન્ય નહીં હોય, તેમને પેટ્રોલ પંપો પર પેટ્રોલ કે ડીઝલ આપવાનો સરેઆમ ઈનકાર કરી દેવામાં આવશે. જ્યાં સુધી વાહન માલિક પોતાના વાહનનો વીમો રિન્યુ નહીં કરાવે, ત્યાં સુધી તેને ઈંધણ મળશે નહીં. સુપ્રીમ કોર્ટે આટલું કડક પગલું ભરવાનો નિર્ણય એટલા માટે લેવો પડ્યો કારણ કે દેશના રસ્તાઓ પર દોડતા લગભગ ૫૬ ટકા વાહનોનો કોઈ વીમો જ નથી. ફાઈનાન્સ પરની સ્ટેન્ડિંગ કમિટીના તાજેતરના રિપોર્ટ અનુસાર, જ્યારે આવા વીમા વગરના વાહનોથી માર્ગ અકસ્માત થાય છે, ત્યારે પીડિતો અથવા તેમના અસહાય પરિવારોને સમયસર યોગ્ય આર્થિક વળતર મળી શકતું નથી. આ નવી વ્યવસ્થાને અમલમાં મૂકવા માટે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (IRDAI) અને માર્ગ પરિવહન મંત્રાલય સાથે મળીને કામ કરશે. પેટ્રોલ પંપો અને મુખ્ય રસ્તાઓ પર ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન કેમેરા લગાવવામાં આવશે, જે વાહનની નંબર પ્લેટને કેન્દ્ર સરકારના 'વાહન' (VAHAN) પોર્ટલ અને ઈન્સ્યોરન્સ ઈન્ફોર્મેશન બ્યુરોના ડેટા સાથે ઓટોમેટિક કનેક્ટ કરીને વીમાનું લાઈવ સ્ટેટસ ચકાસી લેશે.



પેટ્રોલ પંપો સિવાય નવી ગાડીઓ ખરીદનારાઓ માટે પણ થર્ડ-પાર્ટી ઈન્શ્યોરન્સની સમયસીમામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. કોર્ટે નવી કાર માટે ફરજિયાત થર્ડ-પાર્ટી વીમાની સમયમર્યાદા ૩ વર્ષથી વધારીને ૪ વર્ષ કરી દીધી છે, જ્યારે નવી બાઈક કે સ્કૂટી માટે આ સમયમર્યાદા ૫ વર્ષથી વધારીને ૬ વર્ષ કરી દીધી છે. ૨૦૧૮માં લાગુ કરાયેલા જૂના નિયમો છતાં કરોડો વાહનો વીમા વિના ચાલતા હોવાથી આ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત, રસ્તા પર ચેકિંગ દરમિયાન વાહનોનો વીમો ચકાસવા માટે રાજ્ય પોલીસને વિશેષ હેન્ડહેલ્ડ ડિવાઈસ અથવા મોબાઈલ એપ્સ આપવામાં આવશે, જે 'વાહન' પોર્ટલ સાથે સીધી જોડાયેલી હશે અને પોલીસ સ્થળ પર જ રિયલ-ટાઈમ વીમા સ્ટેટસ જોઈને ઈ-ચલણ કાપી શકશે. નેશનલ હાઈવે અને ટોલ પ્લાઝા પર વાહનોને રોકાયા વિના ઝડપથી પસાર થવા દેવા માટે ઓટોમેટિક ડિટેક્શન સિસ્ટમ લગાવવાના નિર્દેશો પણ આપવામાં આવ્યા છે. થર્ડ-પાર્ટી ઈન્શ્યોરન્સ એ મોટર વાહન અધિનિયમની કલમ ૧૪૬ હેઠળ કાયદાકીય રીતે ફરજિયાત છે, જેનાથી અકસ્માત સમયે અન્ય વ્યક્તિ કે તેની સંપત્તિને થયેલા નુકસાનની ભરપાઈ વીમા કંપની કરે છે. વીમો ન હોવાને કારણે અકસ્માતના ભોગ બનેલા પરિવારજનોને વળતર મેળવવા માટે વર્ષો સુધી કોર્ટના ધક્કા ખાવા પડે છે. લોકો પોતાની સુવિધા અને જરૂરિયાત મુજબ વીમો પસંદ કરી શકે તે માટે IRDA ને પર્સનલ એક્સિડન્ટ અને ઓન-ડેમેજ કવર જેવા વધારાના વિકલ્પો આપવા પણ કહેવાયું છે. વાહન માલિકો પોતાના મોબાઈલમાં 'mParivahan' એપ ડાઉનલોડ કરીને, RC ઓપ્શનમાં જઈ ગાડીનો રજીસ્ટ્રેશન નંબર નાખીને પોતાના વીમાની એક્સપાયરી ડેટ ઘરબેઠા ચેક કરી શકે છે.

# દેશમાં આવતા વર્ષથી પ્લાસ્ટિકની નોટો લોન્ચ થશે: RBI ગવર્નરે આપી માહિતી

## ઓછી કિંમતની નોટોથી થશે શરૂઆત; કાગળની જૂની નોટો બંધ નહીં થાય પણ લાંબા આયુષ્ય અને ઓછા ખર્ચ માટે તબક્કાવાર બદલાવ કરાશે

**નવી દિલ્હી, તા.05**

આગામી વર્ષે એપ્રિલથી મે મહિનાના સમયગાળા દરમિયાન દેશમાં પોલિમર એટલે કે ખાસ પ્રકારના પ્લાસ્ટિકની બનેલી નોટો લોન્ચ કરવામાં આવશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની ત્રણ દિવસ સુધી ચાલેલી મહત્વપૂર્ણ બેઠક બાદ ગવર્નર સંજય મલ્હોત્રાએ બુધવારે પત્રકાર પરિષદમાં આ અંગેની સત્તાવાર માહિતી આપી હતી. તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે શરૂઆતી તબક્કામાં માત્ર ઓછી કિંમત ધરાવતી કરન્સી નોટો જ પોલિમર ફોર્મેટમાં બહાર પાડવામાં આવશે, કારણ કે દૈનિક જીવનમાં આ નોટોનો ઉપયોગ અને ચલણ સૌથી વધુ પ્રમાણમાં થાય છે. આ નવી પોલિમર નોટો આવવાથી તેમની ઉંમર અને ક્ષમતામાં મોટો વધારો થશે. આ નોટો પાણી કે ભેજના કારણે ખરાબ કે ભીની થશે નહીં, ફાટશે નહીં અને ગંદકીથી પણ સુરક્ષિત રહેશે, જેના પરિણામે વારંવાર નવી નોટો છાપવા પાછળ થતો સરકારનો અબજો રૂપિયાનો ખર્ચ બચી જશે.




પોલિમર નોટો કાગળને બદલે એક વિશેષ પ્રકારના પોલિમર સબસ્ટ્રેટ એટલે કે ફ્લેક્સિબલ પ્લાસ્ટિક મટીરીયલ પર છાપવામાં આવે છે. હાથમાં પકડવાથી આ નોટો સામાન્ય કાગળની નોટો જેવી જ હળવી અનુભવાય છે, પરંતુ તેની મજબૂતી કાગળ કરતાં ઘણી વધારે હોય છે. પોલિમર શીટ પર આધુનિક અને અત્યાધુનિક સિક્યોરિટી ફીચર્સ ખૂબ જ સરળતાથી ઉમેરી શકાતા હોવાથી નકલી નોટો બનાવવાનું કામ લગભગ અશક્ય બની જશે. નાણાકીય વર્ષ 2025 માં આઈબીઆઈએ માત્ર કાગળની નોટોની છપાઈ પાછળ રૂ. 6,372.8 કરોડ જેટલો મોટો ખર્ચ કર્યો હતો. પોલિમર નોટો લાંબો સમય ટકી રહેતી હોવાથી ભવિષ્યમાં નોટોના પુનઃમુદ્રણનો ખર્ચ નોંધપાત્ર રીતે ઘટી જશે.

આ નવી નોટો આવવાથી જૂની કાગળની નોટો રાતોરાત બંધ થઈ જશે તેવો ભય રાખવાની જરૂર નથી. સરકાર અને આરબીઆઈએ સ્પષ્ટ કર્યું છે કે બંને પ્રકારની નોટો બજારમાં સાથે જ ચાલશે અને આ બદલાવ ખૂબ જ શાંતિથી અને તબક્કાવાર રીતે કરવામાં આવશે. જ્યાં સુધી નવી પોલિમર નોટો સમગ્ર દેશમાં યોગ્ય રીતે સ્થાપિત ન થાય ત્યાં સુધી જૂની કાગળની નોટો પણ સંપૂર્ણપણે માન્ય રહેશે. ભારતમાં સૌથી પહેલાં વર્ષ 2012માં નોટોની શેલ્ફ લાઈફ વધારવા માટે પોલિમર નોટ લાવવાનો પ્રયાસ થયો હતો, પરંતુ કેટલીક તકનીકી મુશ્કેલીઓને કારણે તે પ્રોજેક્ટ અટકી ગયો હતો. બાદમાં મે-જૂન મહિના દરમિયાન આ અંગે ફરી વિચારણા શરૂ કરવામાં આવી અને જૂન મહિનામાં ગવર્નરે તેને આખરી ઓપ આપવાની પુષ્ટિ કરી હતી. વિશ્વના 60 થી પણ વધુ દેશો જેવા કે ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ અને ન્યુઝીલેન્ડમાં પ્લાસ્ટિકની નોટો સફળતાપૂર્વક ચલણમાં છે.

ભારતમાં નોટોના ઈતિહાસ પર નજર કરીએ તો આઝાદીથી લઈને અત્યાર સુધીમાં મુખ્ય ત્રણ વખત મોટી નોટબંધી કે મોટા મૂલ્યની નોટો બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. પ્રથમ વખત જાન્યુઆરી 1946માં બ્રિટિશ શાસન દરમિયાન કાળા નાણાંને નાથવા રૂ. 500, રૂ. 1,000 અને રૂ. 10,000ની નોટો બંધ કરાઈ હતી, જે બાદમાં 1954માં ફરી શરૂ કરાઈ હતી. બીજી વખત જાન્યુઆરી 1978માં મોરારજી દેસાઈની જનતા પાર્ટી સરકારે ભ્રષ્ટાચાર અને ચૂંટણીમાં કાળા નાણાંનો ઉપયોગ રોકવા રૂ. 1,000, રૂ. 5,000 અને રૂ. 10,000ની નોટો રદ્દ કરી હતી. ત્રીજી અને સૌથી ચર્ચિત ઘટના 8 નવેમ્બર 2016ના રોજ બની જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાત્રે 8 વાગ્યે રૂ. 500 અને રૂ. 1,000ની ચલણી નોટોને રાતોરાત અમાન્ય જાહેર કરી દીધી હતી અને તેના સ્થાને રૂ. 500ની નવી નોટ તથા પ્રથમવાર રૂ. 2,000ની નવી નોટ બહાર પાડી હતી. બાદમાં 19 મે 2023ના રોજ આરબીઆઈએ 'ક્લીન નોટ પોલિસી' હેઠળ રૂ. 2,000ની નોટને પણ સર્ક્યુલેશનમાંથી પાછી ખેંચવાની જાહેરાત કરી હતી, જેમાં લોકોને બેંકમાં નોટ જમા કરાવવા માટે પૂરતો સમય આપવામાં આવ્યો હતો.

# ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલિંગ પછી રિફંડ ક્યારે મળશે?: કેટલાં દિવસમાં ખાતામાં આવશે પૈસા, આવી ભૂલ કરી તો રિફંડ અટકશે

**નવી દિલ્હી, તા.05**

એસેસમેન્ટ યર 2025-26 માટે ઈન્કમ ટેક્સ ફાઈલ કરવાની ડેડલાઈન પૂરી થઈ ગઈ છે અને હવે જે લોકોએ સમયસર ITR ફાઈલ કરી દીધું છે તેમના રિફંડ પણ આવવા લાગ્યા છે. જો તમે ઈન્કમ ટેક્સ રિટર્ન સમયસર ફાઈલ કરી દીધું છે, તો હવે તમારા મનમાં સૌથી મોટો સવાલ એ જ હશે કે રિફંડ ક્યારે મળશે?

ઘણા લોકોને ખબર નથી હોતી કે ITR ફાઈલ કર્યા પછી રિફંડ કેવી રીતે પ્રોસેસ થાય છે, ઈ-વેરિફિકેશન શા માટે જરૂરી છે અને પૈસા ખાતામાં આવવામાં કેટલો સમય લાગે છે. ચાલો સરળ ભાષામાં સમજીએ કે ઈન્કમ ટેક્સ રિફંડ સાથે સંબંધિત નિયમ શું છે...



માત્ર ITR ફાઈલ કરવાથી રિફંડ જાહેર થતું નથી. સૌથી પહેલાં રિટર્નનું ઈ-વેરિફિકેશન કરવું જરૂરી છે. જ્યારે ઈ-વેરિફિકેશન પૂર્ણ થાય છે, ત્યારે જ આવકવેરા વિભાગ રિટર્નની પ્રોસેસિંગ શરૂ કરે છે. જો તમારા રિટર્નમાં કોઈ ભૂલ નથી, બધા ડોક્યુમેન્ટ્સ સાચા છે અને કોઈ વધારાની તપાસની જરૂર નથી પડતી, તો સામાન્ય રીતે ઈ-વેરિફિકેશનના 7 થી 30 દિવસમાં રિફંડની રકમ સીધી તમારા બેંક ખાતામાં ટ્રાન્સફર થઈ શકે છે. ઘણા સામાન્ય કિસ્સાઓમાં રિફંડ 7 દિવસની અંદર પણ મળી જાય છે.

જો તમારા ITRમાં બિઝનેસ ઈન્કમ, કેપિટલ ગેઈન અથવા ઘણા પ્રકારના ડિડક્શન સામેલ છે, તો વિભાગને વધારાની તપાસ કરવી પડી શકે છે. આવા કિસ્સાઓમાં રિફંડ આવવામાં 2 થી 4 અઠવાડિયા અથવા તેનાથી વધુ સમય પણ લાગી શકે છે.

જો રિટર્નની તપાસ દરમિયાન કોઈ ભૂલ, માહિતીમાં તફાવત અથવા ડોક્યુમેન્ટ્સની કમી મળે છે, તો આવકવેરા વિભાગ તમને નોટિસ અથવા મેસેજ મોકલી શકે છે. આવા કિસ્સામાં સમયસર જવાબ આપવો જરૂરી છે, તો જ આગળની પ્રક્રિયા પૂર્ણ થાય છે.

રિફંડ ત્યારે જ મળશે જ્યારે તમારા દ્વારા જમા કરાયેલ ટેક્સ તમારી વાસ્તવિક ટેક્સ જવાબદારી કરતાં વધુ હોય. આ ઉપરાંત, ITR યોગ્ય રીતે ભરવામાં આવ્યું હોય, તેનું ઈ-વેરિફિકેશન પૂર્ણ થઈ ગયું હોય અને તમારું બેંક ખાતું પ્રી-વેલિડેટેડ હોવા ઉપરાંત PAN સાથે લિંક પણ હોવું જોઈએ. સાથે જ, રિટર્નની પ્રોસેસિંગમાં કોઈ ગડબડ ન હોવી જોઈએ.

જો નિર્ધારિત સમયમાં રિફંડ ન આવે, તો તેના ઘણા કારણો હોઈ શકે છે. જેમ કે ઈ-વેરિફિકેશન પૂર્ણ ન થવું, બેંક ખાતાની ખોટી માહિતી, PAN અને બેંક ખાતાનું મેચ ન થવું, TDS, Form 26AS અને AIS માં તફાવત હોવો અથવા ITR માં અધૂરી કે ખોટી માહિતી આપવી. આવા કિસ્સાઓમાં, રિફંડ પ્રક્રિયા અટકી શકે છે.

જો નિર્ધારિત સમય પછી પણ રિફંડ ન મળ્યું હોય, તો તેનું સ્ટેટસ ઓનલાઈન જોઈ શકાય છે. સૌ પ્રથમ ઈન્કમ ટેક્સ પોર્ટલ પર જાઓ અને PAN - પાસવર્ડથી લોગિન કરો. તમારો PAN આધાર સાથે લિંક હોવો જોઈએ. હવે Services મેનૂમાં જઈને Know Your Refund Status પર ક્લિક કરો. આ ઉપરાંત, e-File ટેબમાં જઈને Income Tax Returns અને પછી View Filed Returns વિકલ્પ પસંદ કરો. અહીં સંબંધિત એસેસમેન્ટ યર પસંદ કરતા જ તમારું રિટર્ન સ્ટેટસ સ્ક્રીન પર દેખાશે.

જો આવકવેરા વિભાગ દ્વારા રિટર્ન જાહેર કરવામાં વિલંબ થાય અને કરદાતા તેના માટે પાત્ર હોય, તો આવકવેરા અધિનિયમની કલમ 244A હેઠળ રિટર્નની રકમ પર 0.5% પ્રતિ માસના દરે વ્યાજ પણ આપી શકાય છે. જોકે, આ સુવિધા દરેક કિસ્સામાં મળતી નથી અને તેના માટે નિર્ધારિત નિયમો લાગુ પડે છે.

# E20 વિવાદમાં નીતિન ગડકરીને બોમ્બે હાઈકોર્ટમાંથી રાહત, ડીપફેક-AI કન્ટેન્ટ હટાવવા આદેશ.....

**મુંબઈ, તા.05**

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીને E20 ઈંધણ વિવાદ સાથે જોડીને સોશિયલ મીડિયા પર વાયરલ કરાઈ રહેલા ડીપફેક વીડિયો અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) થી બનાવાયેલી તસવીરોના મામલે બોમ્બે હાઈકોર્ટ તરફથી ખૂબ જ મોટી અને રાહતરૂપ આદેશ મળ્યો છે. બોમ્બે હાઈકોર્ટે કેન્દ્રીય મંત્રી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર તાત્કાલિક ધોરણે સુનાવણી હાથ ધરીને આવા તમામ વાંધાજનક, અશ્લીલ અને ગેરમાર્ગે દોરતા કન્ટેન્ટને પબ્લિક પ્લેટફોર્મ પરથી તરત જ હટાવી દેવાનો કડક આદેશ જારી કર્યો છે. બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ આરિફ ડોક્ટરની સિંગલ બેંચે નીતિન ગડકરી તરફથી ઉપસ્થિત રહેલા વકીલ સંદીપ લડ્ડાની ધારદાર અને મજબૂત દલીલો સાંભળ્યા બાદ આ મહત્વપૂર્ણ આંતરિમ આદેશ આપ્યો હતો.



અદાલતમાં સુનાવણી દરમિયાન અરજદાર નીતિન ગડકરીના વકીલે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી ઈન્સ્ટાગ્રામ રીલ્સ, એડિટેડ વીડિયો અને AI દ્વારા જનરેટ કરવામાં આવેલી વિવિધ તસવીરો પુરાવા તરીકે રજૂ કરી હતી. આ તમામ વાંધાજનક સામગ્રીનું અવલોકન કર્યા બાદ જસ્ટિસ આરિફ ડોક્ટરે અત્યંત સખત વલણ અપનાવ્યું હતું અને ટિપ્પણી કરી હતી કે અરજીમાં દર્શાવવામાં આવેલું કન્ટેન્ટ અત્યંત આપત્તિજનક અને અશ્લીલ છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં સુણાવ્યું હતું કે આવા ચારિત્ર્યહનન કરનારા અને ભ્રામક કન્ટેન્ટ માટે કોઈ પણ જાહેર પ્લેટફોર્મ પર સ્થાન હોઈ શકે નહીં, કારણ કે આવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ બાળકો અને યુવાનો સહિત સમાજના તમામ વર્ગો માટે ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ હોય છે. હાઈકોર્ટે સ્વીકાર્યું હતું કે કેન્દ્રીય મંત્રી વતી વચગાળાની ત્વરિત રાહત મેળવવા માટે પૂરતા અને મજબૂત પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા છે.

આ કેસની મહત્વપૂર્ણ સુનાવણી દરમિયાન અગ્રણી સોશિયલ મીડિયા અને ટેક કંપનીઓ મેટા (Meta) અને ગૂગલ (Google) ના કાનૂની પ્રતિનિધિઓ પણ અદાલતમાં હાજર રહ્યા હતા અને તેમણે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. બંને ટેકનોલોજી કંપનીઓએ બોમ્બે હાઈકોર્ટને સંપૂર્ણ ખાતરી આપી હતી કે અરજીમાં યાદીબદ્ધ કરવામાં આવેલા તમામ ડીપફેક વીડિયો, તસવીરો અને વાંધાજનક સામગ્રીને તેઓ પોતપોતાના પ્લેટફોર્મ પરથી તાત્કાલિક અસરથી હટાવી દેશે. અદાલતે બંને કંપનીઓની આ ખાતરી અને નિવેદનને રેકોર્ડ પર લઈ સ્વીકારી લીધું છે. હવે આ સમગ્ર ડીપફેક અને વાંધાજનક કન્ટેન્ટના કેસમાં આગામી સુનાવણી ૪ અઠવાડિયા પછી હાથ ધરવામાં આવશે.

# યુવક પર ત્રણ શખસ છરીથી તૂટી પડ્યા: ગોમતીપુરમાં બગી સળગાવાની અદાવતમાં હુમલો

**અમદાવાદ, તા.05**

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તાર ગોમતીપુરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સવાલ ઉઠાવતા બનાવો સતત વધી રહ્યા છે. 18 દિવસ પહેલા જ જાહેરમાં અસામાજિક તત્વોએ સલાટનગર વિસ્તારમાં ઘોડાની બગી સળગાવી દીધી હતી અને ઘરમાં આગ લગાડવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઘટનાની અદાવતમાં યુવક પર ત્રણ લોકોએ જાહેરમાં ચાલુ વાહને છરીથી હુમલો કરવાની ઘટના બની છે. જે ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. ગોમતીપુર પોલીસે ત્રણેય વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જો કે છેલ્લા કેટલાય સમયથી ગોમતીપુર વિસ્તારમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે છતાં પણ પોલીસ કડક હાથે પગલાં લેવામાં નિષ્ફળ સાબિત થઈ છે.

ગોમતીપુરમાં અનુપમ બ્રિજ પાસે સલાટનગરમાં ઈસ્માઈલભાઈ શેખ તેમના પરિવાર સાથે રહે છે. 15 દિવસ પહેલા સલાટનગરમાં રહેતા નકીબ સંધીની ગાડી પોલીસે ચેક કરી હતી જે ગાડી તેણે ચેક કરાવ્યું હોવાનો વહેમ રાખી અને ઝઘડો કર્યો હતો. જેથી તેઓની ઘોડાગાડીની બગી ઈસ્માઈલ ભાઈ સહિતના શખસોએ સળગાવી દીધી હતી.

ગોમતીપુર આર.કે એસ્ટેટમાં રહેતો મોહમ્મદ અનાસ અને મોહમ્મદ આમીન સહિતના મિત્રો સાથે ઈસ્માઈલ શેખ બર્ગમેન ટુ-વ્હીલર પર ઘરે જવા નીકળ્યા હતા. ત્યારે રાત્રે અઢી વાગ્યાની આસપાસ ગોમતીપુર આરકે એસ્ટેટ પાસેથી પસાર થતા હતા ત્યારે નકિબ અને



ફૈઝાન ઉર્ફે લંબુ અને આમિર પોતાનું એક્સેસ ટુવ્હીલર લઈ અને ત્યાંથી નીકળ્યા હતા. જેથી ઈસ્માઈલએ રસ્તો બદલી અને ગોમતીપુર ગામના અંબા માતાના મંદિર પાસેથી પસાર થતા હતા. ત્યારે પીછો કરીને નકિબ ટુ વ્હીલર લઈને આવ્યો હતો અને ચાલુ વાહને નકીબે હાથમાં રહેલી છરીનો ઘા ઈસ્માઈલને મારી દીધો હતો.

જેથી ઈસ્માઈલ ટુ-વ્હીલર પરથી નીચે પડી ગયો હતો. એ સાથે જ ત્રણેય આરોપી છરીથી ઈસ્માઈલ પર તૂટી પડ્યા હતા. આ હુમલા સમયે નકીબે કહ્યું હતું કે, તું બગી સળગાવ્યા બાદ હવે હાથમાં આવ્યો છે. ત્રણેય આરોપીઓ છરીથી હુમલો કરતા રહ્યા તો ઈસ્માઈલ આજીજી કરતો રહ્યો અને બચવા માટે ભાગી રહ્યો હતો. જો કે આસપાસના લોકો ત્યાં આવી જતા ત્રણેય આરોપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. આ જીવલેણ હુમલામાં ઈસ્માઈલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ મિત્રો તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. ગોમતીપુર વોર્ડના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરે પણ ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલતી હોવાને લઈ સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, સલાટનગર વિસ્તારમાં કથિત ગેરકાનૂની પ્રવૃત્તિઓના કારણે સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ છે. ખાસ કરી મહિલાઓ, બાળકો અને વડીલોને રોજિંદા જીવનમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેમણે જણાવ્યું કે, આ વિસ્તારની શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા તાત્કાલિક અને કડક પગલાં લેવાની જરૂર છે.

આ મામલે ગોમતીપુર પોલીસે ત્રણ યુવક વિરુદ્ધ મારામારીનો ગુનો નોંધ્યો છે. ઘોડાગાડીની બગી સળગાવવાની ઘટનામાં અદાવત રાખી અને ફરીથી મારામારીની આ ઘટના બની છે, ત્યારે ગોમતીપુર પોલીસ સ્ટેશનની નિષ્ક્રિયતા સંપૂર્ણપણે જોવા મળી રહી છે. અસામાજિક તત્વો બેફામ થયા તેમ છતાં પણ પોલીસ આવા તત્વોને કડક હાથે કાર્યવાહી કરી નથી.

## સૈજપુરમાં ગાળો બોલવાની ના પાડતા પથ્થરમારો: ફરિયાદીની દીકરીને કપાળના ભાગે ઈજા, 8 શખસ સામે શહેરકોટડા પોલીસે ગુનો નોંધ્યો

**અમદાવાદ, તા.05**

શહેરના સૈજપુર વિસ્તારમાં પાટિયાનગરની ચાલીમાં મોડી રાતે કેટલાક લોકોએ ભેગા મળીને પથ્થરમારો કર્યો હતો. ચાલીમાં મોડી રાતે ગાળો બોલી રહેલા શખસોએ ચાલીના લોકોએ રોક્યા હતા. જેથી 8 શખસે મળીને ચાલીના લોકો સાથે મારામારી અને પથ્થરમારો કર્યો હતો. આ બનાવ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સૈજપુરમાં પાટીયાનગરની ચાલીમાં રહેતા પિનાકીન જાદવે ફરિયાદ નોંધાવી છે કે, તેઓ સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. 4 ઓગસ્ટના રાતના સમયે તેઓ ઘરે હતા. 11 વાગ્યાની આસપાસ ચાલીમાંથી અવાજ આવતા તેમણે ઘરની નીચે જોયું તો કેટલાક લોકોનું ટોળું ઊભું હતું. ટોળામાંથી કેટલાક શખસ ગાળો બોલી રહ્યા હતા. ગાળો બોલી રહેલા લોકોને પિનાકીન ભાઈએ ગાળો બોલવાની ના પાડી તો ટોળામાંથી કેટલાક શખસ ઉશ્કેરાઈ ગયા અને ઝપાઝપી કરવા લાગ્યા હતા. આ દરમિયાન ચાલીના માણસો પણ ભેગા થયા તો તેમની સાથે પણ ઝઘડો કરવા લાગ્યા હતા. આ ઉશ્કેરાયેલા ટોળાએ ચાલીના લોકો પર ઈંટો ફેકવાનું શરૂ કરી દીધું હતું. જેમાં પિનાકીન ભાઈની દીકરીને કપાળના ભાગે ઈંટ વાગતા લોહી નીકળવા લાગ્યું હતું. આ ઉપરાંત ચાલીમાં રહેતા અન્ય લોકોને પણ ઈજા પહોંચી હતી. આ તમામને સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન પણ લોકો આવ્યા હતા, જેમણે ફરીથી ધમકી આપી ઝઘડો કર્યો હતો. સમગ્ર મામલે શહેરકોટડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## અમદાવાદની સાબરમતી જેલમાં નકલી વકીલ બની આરોપીનો પ્રવેશ: વકીલોમાં ભારે રોષ, રાણીપ પોલીસ મથકે અરજી કરી

**અમદાવાદ, તા.05**

અમદાવાદની હાઈ-સિક્યોરિટી ગણાતી સાબરમતી સેન્ટ્રલ જેલમાં ક્રિકેટ સટ્ટા સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો આરોપી હરેશ મૂલચંદાણી નકલી વકીલનો વેશ ધારણ કરીને પ્રવેશ્યો હોવાના આક્ષેપ સામે આવતાં જ વકીલ આલમમાં ભારે સળવળાટ અને રોષ વ્યાપી ગયો છે. સુરક્ષા વ્યવસ્થામાં સર્જાયેલી આ ગંભીર બેદરકારી મામલે ગુજરાત હાઈકોર્ટના વકીલોએ રાણીપ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપીને જવાબદાર



તમામ વ્યક્તિઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલી અરજી મુજબ, આરોપી હરેશ મૂલચંદાણીએ વકીલનો ગણવેશ પહેરીને અને નકલી ઓળખ ઊભી કરીને સાબરમતી સેન્ટ્રલ જેલના હાઈ-સિક્યોરિટી પરિસરમાં પ્રવેશ મેળવ્યો હતો. આ વેશપલટા બાદ તેણે જેલમાં બંધ એક આરોપી સાથે સત્તાવાર મુલાકાત પણ કરી હતી. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો જેલ સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવતી ઓળખ ચકાસણી અને સમગ્ર સુરક્ષા સિસ્ટમ સામે ખુબ જ ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થાય છે.

વકીલોએ પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે, જેલમાં કોઈ પણ વકીલે પોતાના અસીલને મળવા માટે સત્તાવાર અરજી, સ્ટેટ બાર કાઉન્સિલનું અધિકૃત ઓળખપત્ર (Sanad Card) અને અન્ય જરૂરી કાનૂની દસ્તાવેજોની ચકાસણીમાંથી પસાર થવું ફરજિયાત હોય છે. આટલી જટિલ પ્રક્રિયા હોવા છતાં કોઈ બિન-અધિકૃત વ્યક્તિ નકલી ઓળખ સાથે જેલમાં પ્રવેશી શકે તે જેલ પ્રશાસનની ઘોર ખામી અને બેદરકારી દર્શાવે છે.

આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો વચ્ચે વકીલ સમુદાયે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત અને રાજ્યના વિવિધ વકીલ મંડળોને પત્ર લખીને રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે વકીલોની ઓળખ માટે તાત્કાલિક ધોરણે મજબૂત 'ઈ-વેરિફિકેશન સિસ્ટમ' અમલમાં મૂકવામાં આવે. આ પ્રકારની ડિજિટલ સિસ્ટમથી ભવિષ્યમાં કોઈ પણ અજાણી કે ગુનાહિત માનસિકતા ધરાવતી વ્યક્તિ નકલી વકીલ બનીને જેલ કે કોર્ટ જેવાં સંવેદનશીલ સ્થળોએ પ્રવેશ ન કરી શકે.

હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનના કમિટી મેમ્બર એડવોકેટ વિરાજ દેસાઈ અને એડવોકેટ પ્રમોદ ગેહલોતે પણ આ સમગ્ર ઘટનાને અત્યંત ગંભીર ગણાવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેલમાં પ્રવેશ સમયે માત્ર વકીલનો વેશ પૂરતો ન ગણાવો જોઈએ, પરંતુ તેમની સાચી ઓળખ, બાર કાઉન્સિલ રજીસ્ટ્રેશન નંબર અને સંબંધિત કેસની વિગતોની બારીકાઈથી અને કડક ચકાસણી કરવી અનિવાર્ય બનાવવી જોઈએ.

## ગુજરાત યુનિવર્સિટી બની રાજ્યની પ્રથમ ઓટોનોમસ યુનિવર્સિટી

### યુજીસી કેટેગરી-IIની માન્યતા મળતા પોતાની રીતે નિર્ણય લઈ શકશે, વિદેશી અધ્યાપકોની ડાયરેક્ટ નિમણૂક કરાશે

**અમદાવાદ, તા.05**

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને ગુજરાત યુનિવર્સિટી(GU)ને યુજીસી કેટેગરી-II ગ્રેડેડ ઓટોનોમસ યુનિવર્સિટીની માન્યતા આપી છે. આ સિદ્ધિ સાથે ગુજરાત યુનિવર્સિટી ગુજરાતની પ્રથમ સ્ટેટ યુનિવર્સિટી બની ગઈ છે. હવે યુનિવર્સિટીને નવા કોર્સ શરૂ કરવા માટે કે પછી સિલેબસ તૈયાર કરવા માટે UGCની મંજૂરી નહીં લેવી પડે અને પોતાની રીતે નિર્ણય લઈ શકશે. આગામી સમયમાં અભ્યાસક્રમોમાં જરૂરી ફેરફારો કરી શકશે તેમજ વિદ્યાર્થીઓ માટે રોજગારલક્ષી, સ્કિલ આધારિત નવા કાર્યક્રમો અને વિદેશી અધ્યાપકોની ડાયરેક્ટ નિમણૂક કરી શકશે.



કેટેગરી-II ગ્રેડેડ ઓટોનોમસ મળવાથી ગુજરાત યુનિવર્સિટી હવે સ્કિલ આધારિત અભ્યાસક્રમો શરૂ કરી શકશે. તેમજ ઉદ્યોગોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નવા સર્ટિફિકેટ, ડિપ્લોમા અને ડિગ્રી કોર્સ શરૂ કરવાની પણ છૂટ મળશે. યુનિવર્સિટી હવે પોતાની આવકમાંથી પ્રતિભાશાળી શિક્ષકો અને સંશોધકોની નિમણૂક કરી શકશે તેમજ જરૂરિયાત મુજબ કરાર આધારિત ફેકલ્ટી પણ રાખી શકશે. એટલું જ નહીં, વિદેશી યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક સહયોગ વધારવા અને આંતરરાષ્ટ્રીયકરણને પ્રોત્સાહન આપવા માટે પણ આ માન્યતા મહત્વપૂર્ણ સાબિત થશે.

ગુજરાતી યુનિવર્સિટીને મેડિકલ કોલેજ કે પછી હોસ્પિટાલિટી મેનેજમેન્ટ કોલેજ શરૂ કરવાના પણ દરવાજા ખુલી ગયા છે. ઓપન એન્ડ દીસ્તાન સ્કૂલ લર્નિંગ દ્વારા નવા અભ્યાસક્રમો શરૂ કરવાની અને UGCના નિષ્ણાતોની જગ્યાએ યુનિવર્સિટીના નિષ્ણાતો સાથે ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવાની સત્તા મળી ગઈ છે.

નિયમ પ્રમાણે અત્યાર સુધી જો કોઈ યુનિવર્સિટીને નવા કોર્સ શરૂ કરવા હોય તો તેને UGCની મંજૂરી લેવી પડતી હોય છે. જો UGC મંજૂરી આપે તો જ કોર્સ શરૂ કરી શકાય છે. પરંતુ ગુજરાત રાજ્યની પહેલી એવી યુનિવર્સિટી હશે કે જે પોતાની રીતે સત્તા મંડળ સાથે ચર્ચા કરી નવા કોર્સ UGCની મંજૂરી વગર શરૂ કરી શકશે.

જેથી મોંઘી ફી ભરીને વિદેશમાં અથવા અને અન્ય રાજ્યમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટીમાં ઓછા ખર્ચે ઈન્ડસ્ટ્રીને જરૂર હોય તેવા કોર્સમાં અભ્યાસ કરી શકશે. જેથી ગુજરાતના વિદ્યાર્થીઓને તેનો ઘણો ફાયદો થવાનો છે.

ડૉ. જગદીશ જોશીએ જણાવ્યું કે, ઈન્ડસ્ટ્રી માર્કેટની ફરિયાદ હોય છે કે વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રી માટે તૈયાર નથી. જેથી અમે ઉદ્યોગની સાથે રહીને તેમની જરૂરિયાત પ્રમાણે તેવા પ્રકારના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. IIM અમદાવાદ, IIT ગાંધીનગર આ પ્રકારની મોટી સંસ્થામાં જ વિદેશો અધ્યાપકો વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવા માટે આવતા હતા. અત્યાર સુધી વિદેશી વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ આપી શકતા નહોતા. પરંતુ હવે ઑટોનોમસ મળવાના કારણે વિદેશી વિદ્યાર્થીઓને સીધો જ પ્રવેશ આપી શકીશુ. ઈન્ટેકના 20% જેટલા વિદેશી વિદ્યાર્થીઓને સીધો જ પ્રવેશ આપી શકીશુ.

## કસ્ટોડીયલ ડેથ કેસમાં સુપ્રીમના આદેશ બાદ પોલીસ સામે હત્યાનો ગુનો: અમદાવાદના વેજલપુર પોલીસની કસ્ટડીમાં આરોપીનું મોત થયું હતું

**અમદાવાદ, તા.05**

અમદાવાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં થોડા સમય પહેલા ગૌમાંસના કેસમાં ઝડપાયેલા આરોપીનું મોત થયા બાદ પરિવારે પોલીસના માર અને દવાનો ઓવરડોઝ આપવાથી મોત થયાનો આક્ષેપ કર્યો હતો. મામલો સુપ્રીમ કોર્ટ સમક્ષ ગયા બાદ કોર્ટે આદેશ કરતા જવાબદાર પોલીસ અધિકારી અને કર્મચારીઓ સામે હત્યા અને દુષ્પ્રેરણાનો ગુનો નોંધવામાં આવ્યો છે. વેજલપુર પોલીસ સ્ટેશનમાં બનેલા કસ્ટોડિયલ ટોર્ચર અને કથિત કસ્ટોડિયલ ડેથના સંવેદનશીલ કેસમાં વેજલપુર પોલીસ સ્ટેશનમાં અધિકારી અને કર્મચારીઓ વિરુદ્ધ હત્યા અને દુષ્પ્રેરણા સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.પોલીસ કસ્ટડીમાં જ મૃતકને ક્રૂરતાપૂર્વક માર મારીને બળજબરીથી દવાઓનો ઓવરડોઝ આપીને મોતને ઘાટ ઉતારવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વેજલપુર પોલીસે ગત મે માસમાં ગેરકાયદે પશુ કતલનો ગુનો નોંધ્યો હતો. રેડ દરમિયાન પીએસઆઈ અને બે કોન્સ્ટેબલે ત્રણેક લોકોને પોલીસની ગાડીના બોનેટ સાથે બાંધીને લાકડીઓના ફટકા માર્યા હતા. જહીરુદ્દીન શેખના પુત્રએ તે અંગેનો વિડીયો મોબાઈલમાં કેદ કર્યો હતો. આ



વિડીયો વાયરલ થતાં વેજલપુર પોલીસની બદનામી થઈ હતી.અગાઉ વેજલપુર પોલીસના અધિકારી સામે કરેલી ફરિયાદો અને આ વીડિયોનો બદલો લેવાના આશયથી પોલીસે પશુ કતલના ગુનામાં જહીરુદ્દીન શેખને તા.16 મેએ ઝડપી પાડી ગેરકાયદે કસ્ટડીમાં રાખ્યા હતા. ગત તા.18 મે એ વિધિવત ધરપકડ કરવા મામલે જહીરૂદ્દીન શેખના પરિવારને ધરપકડ મેમો કે કારણ પણ પોલીસે આપ્યા નહોતા.જહીરૂદ્દીન શેખને સર્વેલન્સ રૂમમાં રાખ્યા ત્યારે મળવા આવેલી પત્નીને પોલીસ કર્મીઓએ ગાળો ભાંડીને કાઢી મૂકી હોવાનો પણ આરોપ છે. રાત્રે ફરી જહીરૂદ્દીન શેખના પત્ની આવ્યા ત્યારે પણ કોન્સ્ટેબલ દોડધામ કરતા હતા અને જહીરૂદ્દીન વ્યથિત હાલતમાં સર્વેલન્સ રૂમમાં દેખાયા હતા. જેથી જહીરૂદ્દીનના પત્નીને પોલીસે ફરી કાઢી મૂક્યા હતા. આ દરમિયાનમાં જહીરૂદ્દીન શેખની તબિયત લથડી હોવાથી તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જહીરૂદ્દીન શેખનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પુત્ર તોફીક શેખે પોલીસ અધિકારી કે કર્મચારીઓએ ગુનાહિત કાવતરાના ભાગરૂપે 100 ગોળીઓ બળજબરીપૂર્વક ખવડાવી હોવાનો પણ આરોપ લગાવ્યો છે. જેથી કોર્ટના હુકમ બાદ અજાણ્યા આક્ષેપિત પોલીસ અધિકારી અને કર્મચારીઓ સામે હત્યા અને દુષ્પ્રેરણા જેવી ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

